અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ જુલાઈ ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, શ્રાવણ સુદ ૪ | અંક : ૨૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### ટેકઓફ દરમિયાન લેન્ડિંગ ગિયરમાં લાગી આગ, વિમાનમાં સવાર હતા ૧૭૯ લોકો

। વોશિંગ્ટન, તા.૨૭ ।

શનિવારે ડેનવર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટ AA3023માં લેન્ડિંગ ગિયરમાં આગ લાગી હતી. લેન્ડિંગ ગિયરમાં આગ લાગતાં વિમાનમાં સવાર તમામ ૧૭૩ મુસાફરો અને છ ક્રૂ સભ્યોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ડેનવર ફાયર ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે બોઈંગ ૭૩૭ મેક્સ વિમાન ડેનવરથી મિયામી માટે રનવે ૩૪ન પરથી ઉડાન ભરી રહ્યું હતું ત્યારે આ ઘટના બની હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિમાનના ટાયરમાં સમસ્યા આવી હતી, જેના કારણે વિમાનને રનવે પર રોકવું પડ્યું હતું. ડેનવર એરપોર્ટે પુષ્ટિ આપી હતી કે બધા મુસાફરો અને ક્રૂ સુરક્ષિત છે. જોકે, ગેટ પર રહેલા એક વ્યક્તિને નાની ઈજાઓ થવાને કારણે તબીબી સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યો છે.

### વિવાદિત નિવેદન બાદ અનિરુદ્ધાચાર્યે કહ્યું કે વીડિયો સાથે ચેડાં થયા છે



। વોશિંગ્ટન, તા.૨૭ ।

યુવતીઓ પર આપવામાં આવેલા વિવાદિત નિવેદન બાદ સર્જાયેલા હોબાળા પર કથાવાચક અનિરુદ્ધાચાર્ય હવે બેકફૂટ પર આવ્યા છે. તેમનો એક વીડિયો વાઈરલ થયો છે, જેમાં તેઓ કહી રહ્યા છે કે, મારી અમુક બહેનો આ પ્રસારિત થઈ રહેલા વીડિયોથી દુઃખી છે. કહેવા માગુ છું કે, અમુક છોકરીઓ એવી છે કે, ચાર જગ્યાએ ફરીને કોઈને ઘરે જશે, તો શું તે કોઈ સંબંધોને નિભાવી શકશે. આથી છોકરી હોય કે છોકરો બંને ચરિત્રવાન હોવા જોઈએ. કથાવાચકનો આ વીડિયો વાઈરલ થતાં ભારે હોબાળો મચ્યો હતો. જેથી કથાવાચકે સ્પષ્ટતા આપવી પડી કે, આ વાત મેં અમુક છોકરીઓ અને અમુક લોકો માટે કહી હતી, પરંતુ તેને તોડી-મરોડીને પ્રસારિત કરવામાં આવ્યો છે. અમેરિકામાં કથા કરી રહેલા કથાકાર અનિરુદ્ધાચાર્યએ રિલીઝ થયેલા વીડિયોમાં કહ્યું છે.

**પીએમ મોદીએ ચોલ સામ્રાજ્યના વખાણ કર્યા**

# ઓમ નમઃ શિવાય સાંભળતા જ મારા રુંવાડા ઊભા થઈ જાય છે : PM મોદી

## તમિલનાડુના ગંગાઈકોંડા ચોલાપુરમ મંદિરમાં મહાન ચોલ સમ્રાટ રાજેન્દ્ર ચોલ પ્રથમની જન્મજયંતિ નિમિત્તે આયોજિત કાર્યક્રમને મોદીએ સંબોધિત કર્યો

। ચેન્નાઈ, તા.૨૮ ।

તમિલનાડુના ગંગાઈકોંડા ચોલાપુરમ મંદિરમાં મહાન ચોલ સમ્રાટ રાજેન્દ્ર ચોલ પ્રથમની જન્મજયંતિ નિમિત્તે રવિવારે (૨૭મી જુલાઈ) આયોજિત કાર્યક્રમને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધિત કર્યો. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, આ રાજાની પૂજનીય ભૂમિ છે અને આજે જે રીતે ઈલૈયારાજાએ આપણા બધાને શિવની ભક્તિમાં ડૂબાડી દીધા, તે અદ્ભુત વાતાવરણ હતું. હું કાશીનો સાંસદ છું, જ્યારે હું ઓમ નમઃ શિવાય સાંભળું છું, ત્યારે મારા રુંવાડા ઊભા થઈ જાય છે. ચોલ સામ્રાજ્ય અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ઈતિહાસકારો માટે છે કે, ચોલ સામ્રાજ્યનો સમય ભારત માટે સુવર્ણ યુગ હતો. ચોલ સામ્રાજ્યએ ભારતને લોકતંત્રની જનની કહેવાની પરંપરાને પણ આગળ વધારી હતી.



ઈતિહાસકારો લોકતંત્રનો નામે બ્રિટનના મેગ્ના કોર્ટા વિશે વાત કરે છે, પરંતુ સદીઓ પહેલા ચોલ સામ્રાજ્યમાં લોકતંત્ર પદ્ધતિ દ્વારા ચૂંટણી યોજાતી હતી. આપણે ઘણાં રાજાઓ વિશે સાંભળીએ છીએ જેઓ અન્ય સ્થળો પર વિજય મેળવ્યા પછી સોનું, ચાંદી અથવા પશુધન લાવ્યા હતા. પરંતુ રાજેન્દ્ર ચોલ ગંગાજળ લાવ્યા હતા. ગર્વથી વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, વારાણસીના પ્રતિનિધિ અને ગંગાના પુત્ર તરીકે મને ફરી એકવાર આ ઐતિહાસિક ભૂમિ પર ગંગાજળ લાવવાનું સન્માન મળ્યું છે. આ એ જ સ્થાન છે જ્યાં ચોલ સમ્રાટ રાજેન્દ્ર ઉત્તર ભારતમાંથી ગંગાજળ લાવ્યા હતા અને તેને અહીં પોનેરી જળાશયમાં રેડ્યું હતું. તે માત્ર પાણી નહોતું, પરંતુ ઉત્તર અને દક્ષિણના આત્માઓનો સંગમ હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચોલ યુગના ભગવાન બૃહદેશ્વર મંદિરમાં પૂજા કરી હતી. તે વૈદિક અને શૈવ તિરુમુરાઈ મંત્રોચ્ચાર વચ્ચે પ્રાર્થના કરતા જોવા મળ્યા અને પરંપરાગત રીતે શણગારેલો કળશ સાથે લાવ્યા હતા. મંદિરના પુજારીઓએ પૂર્ણ કુંભ સાથે વડાપ્રધાન મોદીનું સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત તેમણે ચોલ શૈવ ધર્મ અને સ્થાપત્ય પર ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના પ્રદર્શનની પણ મુલાકાત લીધી.

### આ મંદિર યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ગ્રેટ લિવિંગ ચોલ ટેમ્પલનો ભાગ

**ગંગાઈકોંડા ચોલાપુરમ મંદિર તમિલનાડુના અરિયાલુર જિલ્લામાં આવેલું એક ઐતિહાસિક મંદિર છે, જે ૧૧મી સદીમાં ચોલ સમ્રાટ રાજેન્દ્ર ચોલ પ્રથમ દ્વારા બનાવાયું હતું. આ મંદિર યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ગ્રેટ લિવિંગ ચોલ ટેમ્પલનો ભાગ છે, જેમાં તંજાવુરના બૃહદેશ્વર મંદિર અને દારાસુરમ ખાતે ઐરાવતેશ્વર મંદિરનો પણ સમાવેશ થાય છે. આ મંદિર ભગવાન શિવને સમર્પિત છે. ગંગાઈકોંડા ચોલાપુરમ (ગંગા પર વિજય મેળવનાર ચોલ) નામ રાજેન્દ્ર ચોલના ગંગા નદી પરના વિજયની યાદમાં રાખવામાં આવ્યું છે. મંદિરના પુજારીઓએ પૂર્ણ કુંભ સાથે વડાપ્રધાન મોદીનું સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત તેમણે ચોલ શૈવ ધર્મ અને સ્થાપત્ય પર ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના પ્રદર્શનની પણ મુલાકાત લીધી.**

**પૂર્વ મંત્રી એકનાથ ખડસેના જમાઈ સહિતના ૫ ઝડપાયા**

# પુણેમાં હાઈ પ્રોફાઈલ રેવ પાર્ટી પર પોલીસના દરોડા

**ઘટનાસ્થળ પરથી ડ્રગ્સ, દારૂ અને હુક્કા જપ્ત કરાયા**

। પુણે, તા.૨૭ ।

મહારાષ્ટ્રના પુણેમાં એક હાઈ-પ્રોફાઈલ રેવ પાર્ટી પર દરોડા પાડીને પોલીસે પાંચ લોકોની ધરપકડ કરી છે. ચોંકાવનારી વાત એ છે કે, ધરપકડ કરાયેલા લોકોમાં પૂર્વ મંત્રી એકનાથ ખડસેના જમાઈનું નામ પણ સામે આવ્યું છે. પોલીસે ઘટનાસ્થળ પરથી ડ્રગ્સ, દારૂ અને હુક્કા જપ્ત કરી કાઢ્યા છે.

શનિવારે મોડી રાત્રે પુણેના ખારડી વિસ્તારમાં એક હાઈ-પ્રોફાઈલ રેવ પાર્ટી પર દરોડા પાડીને પોલીસે પાંચ લોકોની ધરપકડ કરી છે. 'સ્ટે બર્ડ' નામના ગેસ્ટ હાઉસમાં ચાલી રહેલી આ પાર્ટી દરમિયાન પોલીસે મોટી માત્રામાં ડ્રગ્સ, દારૂ અને હુક્કા જપ્ત કર્યા છે.

ગુપ્ત માહિતીના આધારે પોલીસે આ કાર્યવાહી કરી હતી. મળતી માહિતી મુજબ, જ્યારે પોલીસ ત્યાં પહોંચી ત્યારે બધા લોકો નશામાં ધૂત હતા.

ધરપકડ કરાયેલા આરોપીઓમાં બે મહિલાઓ અને ત્રણ પુરુષોનો સમાવેશ થાય છે. ચોંકાવનારી વાત એ છે કે, આ કેસમાં એકનાથ ખડસેના જમાઈ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ (શરદ પવાર જૂથ) મહિલા પ્રદેશ પ્રમુખ રોહિણી ખડસેના પતિ પ્રાંજલ ખેવલકરનું નામ સામે આવ્યું છે. આ ઉપરાંત, મહિલા ધારાસભ્યના પતિ અને નામચિહ્ન સટ્ટાબાજ નિખિલ પોપટાણીનું નામ પણ સામે



-આવ્યું છે. આ ધરપકડ બાદ કાર્યવાહીએ રાજકીય મંડળોમાં હલચલ મચાવી દીધી છે.

પોલીસને ગુપ્ત માહિતી મળી હતી કે, રેડિસન હોટલની પાછળ એક ગેસ્ટ હાઉસમાં રેવ પાર્ટી ચાલી રહી છે. આ ગેસ્ટ હાઉસ બનસોડે નામના વ્યક્તિનું છે. માહિતીના આધારે, ક્રાઈમ બ્રાન્ચની ટીમે ત્યાં દરોડો પાડ્યો હતો. જણાવી દઈએ કે, તે સમયે ત્યાં મોટા અવાજે ડીજે વાગી રહ્યું હતું અને ત્યાં હાજર રહેલા લોકો નશાની હાલતમાં જોવા મળ્યા હતા. પોલીસે બધાને રંગેહાથ પકડી લીધા હતા. સ્થળ પરથી ડ્રગ્સ, દારૂ અને હુક્કા મળી આવ્યા છે. પોલીસે જપ્ત કરાયેલા ડ્રગ્સના સ્રોત અને સપ્લાયર્સને શોધવા માટે તપાસ તેજ કરી છે.

એકનાથ ખડસેનું કહેવું છે કે, 'મને હમણાં જ આ અંગે ખબર પડી છે અને હું વધુ માહિતી મળે તે અંગે પ્રયાસ પણ કરી રહ્યો છું. મને શંકા તો હતી જ કે, હાલની રાજકીય પરિસ્થિતિને જોતાં આવું કંઈક બનશે. હું કોઈપણ ખોટા કામને સમર્થન નહી આપું, જો ખોટું કામ કરવામાં આવ્યું છે તો સજા મળવી જ જોઈએ.'

**ભાગદોડની ઘટનામાં ૧૫ લોકો ઘાયલ થયા**

# હરિદ્વારના મનસા દેવી મંદિરમાં ભાગદોડ, ૬ શ્રદ્ધાળુઓના મોત

। હરિદ્વાર, તા.૨૭ ।

હરિદ્વારના મનસા દેવી મંદિરમાં વહેલી સવારે ભાગદોડ મચી હતી. આ ઘટનામાં અત્યાર સુધીમાં છ શ્રદ્ધાળુઓના મોત થયાના અહેવાલ છે. ૧૫ લોકો ઘાયલ થયા છે. રવિવાર હોવાથી સેંકડો શ્રદ્ધાળુઓ મંદિરમાં દર્શન કરવા માટે કતારમાં ઉભા હતા. આ દરમિયાન આ અકસ્માત થયો. પોલીસ અને બચાવ કાર્યકરો ઘટનાસ્થળે હાજર છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે વીજળીના કરંટને કારણે ભાગદોડની ઘટના પ્રકાશમાં આવી છે. જોકે, વહીવટીતંત્રે આ વાતનો ઈનકાર કર્યો છે. વહીવટી અધિકારીઓનું કહેવું છે કે મૃત્યુઆંક વધી શકે છે. ગઢવાલ કમિશનર વિનય શંકર પાંડેએ આ અકસ્માતમાં છ શ્રદ્ધાળુઓના મોતની પુષ્ટિ કરી છે. ઉલ્લેખનીય છે કે, શનિવાર અને રવિવારે પાડોશી રાજ્યો યુપી, દિલ્હી અને હરિયાણાના ભક્તો મોટી સંખ્યામાં મનસા દેવી મંદિરના દર્શન માટે હરિદ્વાર આવે છે.

### હરિદ્વારના મનસા દેવી મંદિરમાં ભાગદોડના ખૂબ જ દુઃખદ સમાચાર મળ્યા

**ઉલ્લેખનીય છે કે, શનિવાર અને રવિવારે પાડોશી રાજ્યો યુપી, દિલ્હી અને હરિયાણાના ભક્તો મોટી સંખ્યામાં મનસા દેવી મંદિરના દર્શન માટે હરિદ્વાર આવે છે. મનસા દેવી મંદિરનો રસ્તો ખૂબ જ સાંકડો છે. ભીડને કારણે મંદિર સુધી પહોંચવું ખૂબ મુશ્કેલ બની જાય છે. આવી સ્થિતિમાં, અકસ્માતોની શક્યતા વધી જાય છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે ટ્વિટર પર લખ્યું, 'હરિદ્વારના મનસા દેવી મંદિરમાં ભાગદોડના ખૂબ જ દુઃખદ સમાચાર મળ્યા છે. યુકેએસડીઆરએફ, સ્થાનિક પોલીસ અને અન્ય બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલી છે. હું આ સંદર્ભે સ્થાનિક વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં છું અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. હું તમામ ભક્તોની સલામતી માટે માતા રાણીને પ્રાર્થના કરું છું.'**

# યુદ્ધ બંધ નહીં થાય તો વેપાર થશે બંધ : ડોનાલ્ડ ટ્રમ્પ

। વોશિંગ્ટન, તા.૨૭ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્યસ્થી અંગે ફોન પર કંબોડિયા અને થાઈલેન્ડ સાથે વાત કરી છે. તેમણે કહ્યું કે આ યુદ્ધમાં ઘણા લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે, જેને બંધ કરવું જોઈએ. આ યુદ્ધ મને ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષની યાદ અપાવે છે, જેને સફળતાપૂર્વક રોકી દેવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરતા ટ્રમ્પે કહ્યું કે મેં થાઈલેન્ડ સાથે ચાલી રહેલા યુદ્ધને રોકવા માટે કંબોડિયાના વડાપ્રધાન સાથે વાત કરી છે. આકસ્મિક રીતે અમે આ બંને દેશો સાથે વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છીએ, પરંતુ જો તેઓ યુદ્ધ ચાલુ રાખશે, તો અમે તેમાંથી કોઈ સાથે કોઈ કરાર કરવા માંગતા નથી અને મેં તેમને આ સ્પષ્ટપણે કહ્યું છે. કંબોડિયા સાથેની વાતચીત પૂરી થઈ ગઈ છે. હું આ જટિલ પરિસ્થિતિને સરળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યો છું. ટ્રમ્પે કહ્યું, મેં હમણાં જ થાઈલેન્ડના કાર્યકારી વડાપ્રધાન સાથે વાત કરી છે અને તે ખૂબ જ સારી વાતચીત હતી. કંબોડિયાની જેમ થાઈલેન્ડ પણ તાત્કાલિક યુદ્ધવિરામ અને શાંતિ ઈચ્છે છે. હવે હું કંબોડિયાના વડાપ્રધાનને એ જ સંદેશ આપવા જઈ રહ્યો છું. બંને પક્ષો સાથે વાત કર્યા પછી એ સ્પષ્ટ થઈ ગયું છે કે યુદ્ધવિરામ, શાંતિ અને સમૃદ્ધિ એક કુદરતી માર્ગ છે. આવનારા સમયમાં આપણે બધું જોઈશું. કંબોડિયા અને થાઈલેન્ડ, જે થોડા વર્ષો પહેલા સુધી મિત્રો હતા.

# ધનખડના રાજીનામાએ ભાજપનું ટેન્શન વધાર્યું

। નવી દિલ્હી, તા.૨૭ ।

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના રાજીનામા બાદ શાસક પક્ષ ભાજપની મુશ્કેલીઓ વધી શકે છે. ભાજપ પોતાના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી મુદ્દે અસમંજસમાં મુકાઈ છે. ભાજપ પહેલાંથી જ આ સર્વોચ્ચ પદ માટે પોતાના વૈચારિક સંગઠન રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ (આરએસએસ)ની સાથે સહમતિ બનાવવાના પડકારનો સામનો કરી રહ્યું હતું, એવામાં ધનખડના રાજીનામા બાદ નવા ઉપરાષ્ટ્રપતિની નિમણૂક મુદ્દે વિચારણા કરવી પડશે. પરિણામે ભાજપ અધ્યક્ષની ચૂંટણી લંબાઈ શકે છે.

નવા પાર્ટી અધ્યક્ષ મુદ્દે ચર્ચાઓ ફરી બંધ થઈ છે. જેના લીધે અન્ય રાજ્યોના અધ્યક્ષોની પસંદગીનો મામલો પણ ખોરંભે ચડ્યો છે. હાલ ઉપરાષ્ટ્રપતિની પસંદગી પર ફોકસ હોવાથી પક્ષની સંગઠન ચૂંટણી પાછળ ઠેલવાઈ શકે તેવી અટકળો વહેતી થઈ છે.

હાલ ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે. ત્યારબાદ પણ સંગઠનની ચૂંટણી પર કોઈ ખાસ કામગીરી જોવા મળશે નહીં કારણકે, બિહારમાં વિધાનસભા ચૂંટણીથી રાજકારણ ગરમાયું છે. વિપક્ષની મજબૂત રણનીતિના પગલે ભાજપ હાલ જેડીયુના નેતૃત્વ હેઠળ બિહાર ચૂંટણી પર ફોકસ કરી શકે છે.



ન્યૂઝ બ્રિફ

## કૃપા ઝાની મહિસાગર DPEO તરીકે તાત્કાલિક બદલી કરાઇ

। અમદાવાદ,તા.૨૬ ।

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આજે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી (ગ્રામ્ય) કૃપા ઝાની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે. તેમને મહીસાગર જિલ્લાના પ્રાથમિક શિક્ષણ અધિકારી (ડ્ઢઁઈ) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અચાનક કરવામાં આવેલી બદલીથી શિક્ષણ જગતમાં ચર્ચાઓએ જોર પકડ્યું છે. બદલીના કારણમાં જાહેર હિતમાં લખવામાં આવ્યું છે. આ બદલીના પગલે, અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી (શહેર) રોહિત ચૌધરીને ગ્રામ્યનો વધારાનો હવાલો સોંપ વામાં આવ્યો છે. આ નિર્ણય તાત્કાલિક અસરથી અમલમાં આવશે. કૃપા ઝાની બદલી અને રોહિત ચૌધરીને વધારાનો ચાર્જ સોંપવાના નિર્ણયથી અમદાવાદ જિલ્લાના શૈક્ષણિક વહીવટમાં કેટલાક મહત્ત્વના ફેરફારો જોવા મળી શકે છે.

## અંબાજી મંદિર ટ્રસ્ટને મળ્યું ૪૦ કિલો ચાંદીનું ગુપ્ત દાન

। અમદાવાદ,તા.૨૭ ।

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી સ્થિત જગતજનની મા અંબાના દર્શન કરવા માટે ભક્તો દૂર-દૂરથી આવતા હોય છે. ભક્તોની ઈચ્છા (માનતા) પૂરી થતાં માં અંબાના ચરણોમાં યથાશક્તિ દાન ચઢાવવતાં હોય છે. ત્યારે તાજેતરમાં એક શ્રદ્ધાળુ દ્વારા યાત્રાધામ અંબાજી સ્થિત સુપ્રસિદ્ધ અંબાજી મંદિર ટ્રસ્ટને અંદાજિત રૂ. ૪૬ લાખની કિંમતનું ૪૦ કિલો ચાંદીનું દાન અર્પણ કરવામાં આવ્યું છે. આ દાનમાં ચાંદીના ભવ્ય દ્વાર, છત્ર અને થાળીનો સમાવેશ થાય છે, જે માતાના ચરણોમાં અર્પણ કરવામાં આવ્યા છે.મંદિર ટ્રસ્ટના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અમદાવાદના એક નનામી શ્રદ્ધાળુ પરિવાર દ્વારા આ અમૂલ્ય ભેટ માતાજીને અપ ર્ણ કરવામાં આવી છે. આ દાતા પ રિવારે પોતાની ઓળખ અને ગામ ગુપ્ત રાખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદના શ્રદ્ધાળુઓએ ગબ્બર ગોખના દરવાજા અને ભૈરવજી મંદિરની જાળીના દ્વાર બનાવી આ ભેટ માતાના ચરણે ધરી છે. અંબાજી મંદિર ટ્રસ્ટના ટેમ્પલ ઈન્સ્પેક્ટર અને વહીવટદારે વિધિવત રીતે આ દાનનો સ્વીકાર કર્યો હતો. મંદિર ટ્રસ્ટ દ્વારા દાતા પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે

# ડભોઇના વડજ હાઈસ્કૂલનું ૩૫ વર્ષ જૂનુ બિલ્ડીંગ જર્જરીત

## શાળાની સ્થાપના વર્ષ ૧૯૭૦ માં થઈ હતી તદુપરાંત શાળાનું બિલ્ડીંગ છે, તે વર્ષ ૧૯૯૦ થી ૧૯૯૪ માં બન્યું હતું

। ડભોઇ,તા.૨૭ ।

ડભોઈ તાલુકાના વડજ ગામમાં શ્રીમતી શાંતાબેન શાંતિલાલ પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ કે જે અર્ધસરકારી છે જેના તમામ ઓરડા જર્જરી છે. શિક્ષક સ્ટાફ રૂમ, વર્ગખંડ હોય કે આચાર્યની રૂમ હોય તમામે તમામ ઓરડાઓમાં સ્લેબ માંથી પડી ગયેલા પોપડાઓ પર થીગડાં મારવામાં આવ્યા છે. મંડળના સંચાલકો દ્વારા બે વર્ષ અગાઉ આ સ્કૂલનું રીનોવેશન કરવામાં આવ્યું હતું. પરંતુ મહત્વનો સવાલ એ છે કે આ વડજ હાઈસ્કૂલના ધોરણ ૯ અને ૧૦ ના બે વર્ગખંડમાં ૧૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તે સ્કૂલ જર્જરિત હાલતમાં જોવા મળી છે. ભયના ઓથાર હેઠળ બાળકો અભ્યાસ કરી



રહ્યા છે.

આ સ્કૂલને સરકાર તરફથી કોઈ ગ્રાન્ટ આપ વામાં આવતી નથી પરંતુ વડજના જે મંડળના સંચાલકો છે તેમના દ્વારા આ રિનોવેશન રીપેરીંગનો ખર્ચો કરવામાં આવ્યો હતો. તેમ છતાં આજે સ્કૂલનું ફ્લોરિંગ તમામ જગ્યાએ બેસી ગયું છે. હાલ પણ સ્કૂલમાં અનેક જગ્યાઓ પર મોટી તિરાડો જોવા મળી રહી છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો પોતાનો જીવ જોખમમાં મૂકી અભ્યાસ કરવા મજબૂર બન્યા છે. શાળાની સ્થાપના વર્ષ ૧૯૭૦ માં થઈ હતી તદુપ રાંત શાળાનું બિલ્ડીંગ છે, તે વર્ષ ૧૯૯૦ થી ૧૯૯૪ માં બન્યું હતું, જેનો બે વર્ષ અગાઉ જ રીનોવેશનના નામે માત્ર થીગડાં મારી સંતોષ માનવામાં આવી રહ્યો છે. ક્યારેક કોઈ મોટી હોનારત સર્જાય તો તેનો જવાબદાર કોણ? કેમ કે આ માધ્યમિક સ્કૂલના બિલ્ડીંગને ૩૫ વર્ષથી ઉપર જેટલો સમય ગાળો પણ વીતી ચૂક્યો છે. પરંતુ આજે પણ વિદ્યાર્થીઓ જર્જરીત થીગડાં મારેલી સ્કૂલમાં અભ્યાસ કરવા મજબૂર બન્યા છે.

શિક્ષકે જણાવ્યું હતું કે સરકાર તરફથી કોઈ ગ્રાન્ટ મળે કે કોઈ સહયોગ મળે તો શાળાનું વિકાસ થાય તેમ છે. સરકાર તરફથી નવું બિલ્ડીંગ બનાવી આપવામાં આવે તેવી શિક્ષકો અને બાળકો અપેક્ષા રાખી રહ્યા છે.

આવી જર્જરીત સ્કૂલો વિશે આપણને અવારનવાર જાણવા મળે છે આ અગાઉ પણ જૂનાગઢના વિસાવદર તાલુકાના લીમધ્રા ગામમાં આવેલી ગ્રાન્ટેડ હાઈસ્કૂલ અતિશય જર્જરીત બની હોવાના સામાચાર મળ્યા હતો. ગુજરાત સરકાર શિક્ષણનું સ્તર સુધારવા માટે કરોડો રૂપિયાના ખર્ચો કરી રહી છે ત્યારે બીજી તરફ મૂળ પાયાની જરૂરિયાત એવી ઈમારતોમાં જ લૂણો લાગી ગયો હોય તેવું દેખાઈ રહ્યું છે, કારણ કે જો બિલ્ડીંગ જ જર્જરીતે હશે તો બાળકો ખુલ્લા મને અભ્યાસ કેવી રીતે કરશે.

### રિક્ષાચાલકનો આબાદ બચાવ

## સુરતના કીમમાં એક રિક્ષા ખુલ્લી પડેલી ગટરમાં ખાબકી

### અકસ્માત દરમિયાન રિક્ષામાં કોઈ પેસેંજર નહોતા. જોને કારણે આ અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નહોતી

। સુરત,તા.૨૭ ।

સુરતના કીમમાં પૂર્વ વિભાગમાં ખુલ્લી ગટરોના કારણે અકસ્માત સર્જાયો હતો. આ ખુલ્લી ગટરમાં ગત રાત્રે એક રિક્ષા ખાબકી હતી. જેમા સદનસિબે જાનહાનિ નહોતી થઈ. કરણકે રાત્રીના સમયે જઈ રહેલી રિક્ષા ખાલી હતી. સમગ્ર અકસ્માતસની ઘટના રોડની બાજુમાં આવેલી સાઈકલની દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં દેદ થઈ હતી. સીસીટીવી કેમેરામાં જોવા મળ્યું હતું કે રિક્ષાચાલકે રસ્તામાં આવેલા કુતરાને બચાવવા જતા પોતે ખુલ્લી ગટરમાં ખાબક્યો હતો. અકસ્માત દરમિયાન રિક્ષામાં કોઈ પેસેંજર નહોતા. જોને કારણે આ અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નહોતી. આસપાસ લોકો તાત્કાલિક અકસ્માત થતા રિક્ષાચાલકને બચાવવા ત્યા પહોંચ્યા હતો. આવી ખુલ્લી ગટરોના કારણે અવારનવાર અકસ્માતોની ઘટના સામે આવતી હોય છે. આમ છતાં તંત્ર દ્વારા આવી ખુલ્લી ગટરોના કોઈ નિરાકરણ માટે કોઈ કામગીરી કરવામાં આવતી નથી. જેના કારણે સ્થાનિકોને વારંવાર હાલાકી ભોગવવાનો વારો આવે છે. આ અકસ્માતમાં સ્પષ્ટ પણે જોવા મળે છે કે એક રખડતા શ્વાનને બચાવવા જતાં રિક્ષાચાલકને પોતાની રિક્ષા ખુલ્લી પડેલી ગટર બાજુ લઈ જતા તેની રિક્ષા પલટી જાય છે. સ્થાનિકો દ્વારા રિક્ષાચાલકને પ્રાથમિક સારવાર પૂરી પાડવામાં આવી હતી.

### લક્ષ્મીબેનને ગળાના ભાગે ઈજા પહોંચી હતી

## જામનગરમાં વૃદ્ધાના ગળામાંથી સોનાના ચેઇનની ચીલઝડપનો બનાવ બન્યો

### પાછળથી લક્ષ્મીબેનને પગમાં ઠોકર મારીને પાડી દીધા હતા ત્યારબાદ ગળામાં પહેરેલો સોનાનો ચેઇન ઝૂંટવી લેવાનો પ્રયાસ કર્યો

। જામનગર,તા.૨૭ ।

જામનગરના રણજીત નગર વિસ્તારમાં પટેલ સમાજ સામેના હાઉસિંગ બોર્ડના ફ્લેટ એ.૧ નજીક એક ચેઈન સ્નેચિંગની ઘટના સામે આવી છે, જેમાં ૭૯ વર્ષીય વૃદ્ધા લક્ષ્મીબેન નાગડાના ગળામાંથી સોનાના ચેઈનની ચીલઝડપનો બનાવ બન્યો હતો. આ ઘટનામાં તેઓ ગળામાં ઈજા થતાં ઘાયલ થયા છે.

ઈજાગ્રસ્તના પરિવારજનો દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, લક્ષ્મીબેન પોતાના ઘરના બીજા માળેથી મોડી સાંજે બહાર જવા નીકળ્યા હતા અને નીચે રોડ પર પોતાના સંબંધીના વાહનની આવવાની રાહ જોઈ રહ્યા હતા.

તે જ સમયે, એક અજાણ્યો ટુ-વ્હીલર ચાલક તેમની નજીક આવ્યો અને પાછળથી લક્ષ્મીબેનને પગમાં ઠોકર મારીને પાડી દીધા હતા. ત્યારબાદ ગળામાં પહેરેલો સોનાનો ચેઈન ઝૂંટવી લેવાનો પ્રયાસ કર્યો હતો.

ચેઈન સ્નેચરે બુઝુર્ગ મહિલાના ચેઈનના ત્રણ ટુકડા કરી દીધા હતા, અને ત્યાંથી ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જોકે, લક્ષ્મીબેને બૂમો પાડતાં અજાણ્યા શખ્સો ગભરાઈ ગયો હતો, અને ચેઈન ત્યાં જ ફેંકીને ફરાર થઈ ગયો હતો.

આ ઘટનામાં વૃદ્ધા લક્ષ્મીબેનને ગળાના ભાગે ઈજા પહોંચતા તેમને તાત્કાલિક સારવાર આપ વામાં આવી હતી. પરિવારજનોએ આ બનાવ અંગે પોલીસને જાણ કરતાં સિટી સી. ડિવિઝન પોલીસે ઘટનાસ્થળે પહોંચી જઈ સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે બાઈક સવારની શોધખોળ હાથ ધરી છે. પરિવારજનોએ આ બનાવ અંગે પોલીસને જાણ કરતાં સિટી સી. ડિવિઝન પોલીસે ઘટનાસ્થળે પ હોંચી જઈ સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે બાઈક સવારની શોધખોળ હાથ ધરી છે.

## ખેડૂતને ગ્રામ પંચાયત ચૂંટણીમાં મત નહીં આપવો ભારે પડ્યો


। જામનગર ,તા.૨૭ ।

જામનગર તાલુકાના જગામેડી ગામમાં રહેતા અને ખેતીકામ કરતા અવસરભાઈ પરસોત્તમભાઈ ભાલોડીયા નામના ૬૧ વર્ષના ખેડૂત બુઝુર્ગે પોતાના ઉપર લોખંડના પાઈપ વડે હુમલો કરી પગ ભાંગી નાખી ફેક્ચર સહિતની ઈજા પહોંચાડવા અંગે પોતાના ગામમાં જ રહેતા દિલીપ જીવરાજભાઈ ગોહિલ સામે ફરિયાદ નોંધાવી છે. જ્યારે ઈજાગ્રસ્ત બુઝુર્ગ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર અવસરભાઈ કે જેઓએ ગત ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સભ્યપદ માટે ઉભેલા આરોપી દિલીપ ગોહિલને મત આપ્યો ન હોવાથી ગઈકાલે રસ્તામાં આરોપી મળી જતાં તમે મને મત શું કામ નથી આપ્યો, તેમ કહી જીભાજોડી કરી હતી, અને ઉશ્કેરાટમાં આવી જઈ બુઝુર્ગનો પગ ભાંગી નાખ્યો હતો. આ મામલામાં પંચકોશી એ. ડિવિઝનના એ.એસ.આઈ. ડી.એ.રાઠોડ હરકતમાં આવી ગયા હતા.

# જામનગરમાં શ્રાવણ માસના પ્રથમ દિવસે જ અનેક મહિલાઓ જુગારની રમતમાં ઉતરી

। જામનગર,તા.૨૭ ।

જામનગર શહેરમાં ગઈકાલે શ્રાવણ માસના પ્રથમ દિવસે જ કેટલીક મહિલાઓએ જુગટૂં રમીને શ્રાવણ માસનું મુહૂર્ત સાચવ્યું હતું, અને પ્રથમ દિવસે જ પોલીસે જુગાર અંગે જુદાજુદા ત્રણ સ્થળોએ દરોડા પાડ્યા હતા, અને ગંજીપાના વડે જુગાર રમી રહેલી ૧૫ મહિલા અને બે પુરુષોની અટકાયત કરી લઈ તેઓ પાસેથી જુગારનો સામાન કબજે કર્યો છે. જામનગરના ગુલાબનગર વિસ્તારમાં જુગારના પ્રથમ દરોડો પાડયો હતો જ્યાંથી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા ૬ સ્ત્રી પુરુષોને ઝડપી લીધા છે, અને તેઓ પાસેથી રોકડ રકમ તેમજ જુગારનો સામાન કબજે કર્યો છે.



જામનગરમાં ગુલાબ નગર પાસે કેટલાક સ્ત્રી પુરુષો એકત્ર થઈને ગંજીપ ાના વડે જુગાર રમી રહ્યા છે, તેવી ચોક્કસ બાતમીના આધારે સીટી બી. ડિવિઝનના પોલીસ સ્ટાફે દરોડો પ ાડ્યો હતો, અને જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા જનકબા ભીખુભા જાડેજા, શબનમ નજીરભાઈ સૈયદ, કુંદનબા ભરતસિંહ જાડેજા, રસીદાબેન હારુનભાઈ જીવરાણી, દિવ્યરાજસિંહ ભરતસિંહ જાડેજા, અને અસલમ રફીકભાઈ કાદરીની અટકાયત કરી લીધી છે, અને તેઓ પાસેથી રૂપિયા ૪૬,૭૬૦ ની રોકડ રકમ તેમજ જુગારનો સામાન કબજે કર્યો છે. જુગાર અંગેનો બીજો દરોડો મંગલ ધામ સોસાયટીમાં પ ાડ્યો હતો. ત્યાંથી ગંજીપાના વડે જુગાર રમી રહેલી રચનાબેન સાહિલભાઈ રામાનંદી, કિરણબેન મનીષભાઈ રામોલિયા, વિજયાબેન રમેશભાઈ કારીયા, મયુરીબેન દીપકભાઈ પટેલ, તેમજ ભારતીબેન શૈલેષભાઈ પટેલની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિ યા ૧૫,૨૦૦ ની રોકડ રકમ કબજે કરી છે. જુગારનો ત્રીજો દરોડો જામનગરમાં ખડખર નગર વિસ્તારમાં પાડવામાં આવ્યો હતો. ત્યાંથી ગંજીપાના વડે જુગાર રમી રહેલી ભાવનાબેન કિરીટભાઈ ખારવા, ફેજાનાબેન આમિરભાઈ જારા, રોશનબેન સુલતાનભાઈ સુમરા, મેજબીન બસીરભાઈ સંધિ, સવિતાબેન માલદેભાઈ નંદાણીયા અને પ્રેક્ષાબેન મનહરભાઈ બદલાણી ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૦,૧૦૦ની રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે.

## લટકતી ટ્રક હજુ પણ એ જ હાલતમાં, સરકારના આદેશની અવગણના કે તંત્રની નિષ્ફળતા?

। વડોદરા,તા.૨૭ ।

વડોદરાના પાદરામાં ગંભીરા બ્રિજ દુર્ઘટનામાં ૨૧ લોકોએ જીવ ગુમાવ્યો હતો. ૯ જુલાઈના રોજ સર્જાયેલા આ દુર્ઘટના બાદ લટકી રહેલી ટ્રક ઉપર આજે પણ સૌ કોઈની નજર છે. ગંભીરા બ્રિજ દુર્ઘટનાના ૧૦ દિવસ બાદ ટ્રકના માલિકની રજૂઆતને ધ્યાને રાખીને સરકારે ટ્રક ઉતારવાને લઈને તંત્રને આદેશ કર્યા હતા. જોકે, સરકારે આદેશ કર્યા છતાં બ્રિજ દુર્ઘટનાને ૧૮ દિવસ બાદ પણ ટ્રકને ઉતારવામાં આવી નથી. તમને જણાવી દઈએ કે, ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ આજે પણ ટ્રક બ્રિજ પર જોખમી હાલતમાં લટકી રહી છે. આ અંગે અઠવાડિયા પહેલા શિવમ રોડલાઈન્સના માલિક રામાશંકર ઈન્દ્રબહાદુર પાલે ટ્રક બ્રિજ પરથી હટાવવા માટે આણંદ-વડોદરાની સરકારી કચેરીઓ રજૂઆત કરી હતી. ગંભીરા બ્રિજ દુર્ઘટનાનો આજે ૧૮મો દિવસ છે, ત્યારે બ્રિજ પરથી ટ્રક હટાવવામાં ન આવતા માર્ગ અને મકાન વિભાગની બેદરકારી સામે આવી છે. તંત્રને ટ્રક માલિકે રજૂઆત કરી હતી. જ્યારે રાજ્ય સરકારે ટ્રકને બે દિવસમાં દૂર કરવા તંત્રને જણાવ્યું હતું, તેમ છતાં હજુ સુધી ટ્રક હટાવી નથી.

વિશેષ લેખ

### છેતરપિંડીનો કીસ્સો સામે આવ્યો, ટેલિફિશિંગ ગેંગના બે આરોપીની મધ્ય પ્રદેશથી ધરપકડ કરવામાં આવી છે


# Zudioની ફ્રેન્ચાઈઝી મેળવવાના નામે સુરતનો વેપારી ૩૧ લાખમાં છેતરાયો

। સુરત,તા.૨૭ ।

સુરત સાયબર ક્રાઈમ પોલીસે કાર્યવાહી કરી છે. ટેલિફિશિંગ ગેંગના બે આરોપીની મધ્ય પ્રદેશથી ધરપકડ કરવામાં આવી છે. વેબસાઈટ ડિઝાઈનરે ઝુડિયો ફ્રેન્ચાઈઝીના નામે સુરતના વેપારી પાસેથી ૩૧ લાખ પડાવ્યા

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતમાં દુકાનો ટાટા ઝુડિયો કંપનીને ભાડે આપવાના ઈરાદે ગુગલનો સહારો લેનાર સુરતના એક વેપારીને લાખો રૂપિયા ગુમાવ્યા હતા. એક વેપારીને રૂ. ૩૧ લાખ ગુમાવવાનો વારો આવ્યો હતો. આ બનાવ અંગે સાયબર સેલમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બે ઠગ આરોપીઓની મધ્યપ્રદેશથી ધરપકડ કરી જેલ ભેગા કર્યા. એક આરોપી વેબસાઈટ ડિઝાઈનર છે.

સુરતના રાંદેર વિસ્તારમાં આવેલી સાંઈ આશિષ સોસાયટી માં રહેતાં અનુરાગ રાજકુમાર હીરાણી પાસે નવસારીના ચીખલીમાં કમર્શિયલ દુકાનો હોઈ તેણે તે ટાટા ઝુડીયોની કંપનીને ભાડે આપવાનું નક્કિ કર્યુ હતું. ૨૨મી માર્ચે તેણે ઝૂડિયોની મેઈલ આઈ.ડી. સર્ચ કરતાં ઝુડિયો હેલ્પ લાઈન ઉપરથી એક મેઈલ આઈ. ડી. મળી હતી. તેને પોતાની દુકાનો ફ્રેન્ચાઈઝી માટે ભાડે આપવાનો મેઈલ કર્યો હતો. થોડાંક દિવસો બાદ તેમને વળતો મેઈલ આવ્યો હતો. આ દુકાનોમાં ફ્રેન્ચાઈઝી આપવા માટે તત્પ રતા દાખવી કંપની કરાર કરવા તૈયાર હોવાનું જણાવી ઝુડીયોના નામથી અલગ અલગ લેટર



મોકલાવ્યા હતા. નવસારીના ચીખલીમાં આવેલી દુકાનોમાં ઝુડિયોની ફ્રેન્ચાઈઝી લેવા માટે ગુગલના સહારો લેનાર સુરતનાં વેપારીએ ૩૧ લાખ રૂપિયા ગુમાવવા પડયા હતા. જે બનાવવા અંગે સાયબર સેલમાં બે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. જે ફરિયાદના આધારે પોલીસે બંને ઠગ આરોપીઓની ધરપ કડી જલ ભેગા કર્યા હતા. ગુન્હામાં ભૂમિકા :- સદર આરોપી આઈ.ટી. સેક્ટર, વેબ ડવલોપ ગ, ડીઝીટલ માર્કેટીંગ, વેબસાઈટ ડીઝાઈનીંગ અને કન્ટેન્ટ માર્કેટીંગનો જાણકાર છ આરોપી દ્વારા Nexan Tech > Digital Markªing > Software Company ™k{™e ft... ™e [÷kõe web and Digital services ના નામે ઉજ્જૈન ખાતે ઓફિસમાં ચાલાવતો હતો.

ગુન્હામાં ભૂમિકા :- સદર આરોપીએ અટક કરવામાં આવેલ આરોપી રવી પાટીદારનો સંપ ર્ક બિહાર રાજ્યના નાસતા ફરતા આરોપીઓ સાથે ઓનલાઈન વ્હોટ્સએપના માધ્યમથી કરાવી આપેલ હતો

દુકાનોમાં ફ્રેન્ચાઈઝી આપવા માટે તત્પ રતા દાખવી કંપની કરાર કરવા તૈયાર હોવાનું જણાવી ઝુડિયોના નામથી અલગ અલગ લેટર મોકલાવ્યા હતા. દુકાન ભાડે લેતા પહેલાં રજિસ્ટ્રેશન ફી, એન.ઓ.સી., કરારના નામે નાણાં પડાવવાનું શરૂ કર્યું હતું. અલગ અલગ બહાના હેઠળ ૩૧ લાખ પડાવી લેવાયા હતા છતાં સુરતના વેપારીને ફ્રેન્ચાઈઝી મળી ન હતી.

પરંતુ વધુ નાણાં માંગવાનું સતત ચાલુ રહેતા મામલો શંકાસ્પદ લાગ્યો હતો. આખરે પોલીસ ફરિયાદ નોંધાવતા મામલો સામે આવ્યો હતો.

સુરત સાયબર ક્રાઈમે રવી મનોહર પ ાટીદારની ધરપકડ કરી છે. જે આઈ.ટી. સેક્ટર, વેબ ડેવલપમેન્ટ, ડિજિટલ માર્કેટિંગ, વેબસાઈટ ડિઝાઈનિંગ છે અને પ્રશાંત મોહનદાસ કસેરાની ધરપકડ કરવામાં આવી. નવસારીના ચીખલીમાં આવેલી દુકાનોમાં ઝુડિયોની ફ્રેન્ચાઈઝી લેવા માટે ગુગલના સહારો લેનાર સુરતનાં વેપારીએ ૩૧ લાખ રૂપિયા ગુમાવવા પડયા હતા. જે બનાવવા અંગે સાયબર સેલમાં બે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. જે ફરિયાદના આધારે પોલીસે બંને ઠગ આરોપીઓની ધરપકડી જલ ભેગા કર્યા હતા. ગુન્હામાં ભૂમિકા :- સદર આરોપી આઈ.ટી. સેક્ટર, વેબ ડવલોપગ, ડીઝીટલ માર્કેટીંગ, વેબસાઈટ ડીઝાઈનીંગ અને કન્ટેન્ટ માર્કેટીંગનો જાણકાર છ આરોપી દ્વારા દ્વીટક્રહ ્ષ્ઠર । દ્વૈજ્ઞૈંટ્ઠઙ્મ સ્ટ્રીાંહખ્ર । જીકુંટ્ઠી ઝ્રદ્બટ્ઠહઅ નામની કંપની ચલાવીુીહ્વ ટ્ઠહઙ્ઘ દ્વૈજ્ઞૈંટ્ઠઙ્મ જીીદ્ર્ૈષ્ઠીજ ના નામે ઉજ્જૈન ખાતે ઓફિસમાં ચાલાવતો હતો. ગુન્હામાં ભૂમિકા :- સદર આરોપીએ અટક કરવામાં આવેલ આરોપી રવી પાટીદારનો સંપ ર્ક બિહાર રાજ્યના નાસતા ફરતા આરોપીઓ સાથે ઓનલાઈન વ્હોટ્સએપના માધ્યમથી કરાવી આપેલ હતો દુકાનોમાં ફ્રેન્ચાઈઝી આપ વા માટે તત્પરતા દાખવી કંપની કરાર કરવા તૈયાર હોવાનું જણાવી ઝુડિયોના નામથી અલગ અલગ લેટર મોકલાવ્યા હતા. દુકાન ભાડે લેતા પહેલાં રજિસ્ટ્રેશન ફી, એન.ઓ.સી., કરારના નામે નાણાં પડાવવાનું શરૂ કર્યું હતું. અલગ અલગ બહાના હેઠળ ૩૧ લાખ પડાવી લેવાયા હતા છતાં સુરતના વેપારીને ફ્રેન્ચાઈઝી મળી ન હતી. પરંતુ વધુ નાણાં માંગવાનું સતત ચાલુ રહેતા મામલો શંકાસ્પદ લાગ્યો હતો. આખરે પ ોલીસ ફરિયાદ નોંધાવતા મામલો સામે આવ્યો હતો. સુરત સાયબર ક્રાઈમે રવી મનોહર પ ાટીદારની ધરપકડ કરી છે. જે આઈ.ટી. સેક્ટર, વેબ ડેવલપમેન્ટ, ડિજિટલ માર્કેટિંગ, વેબસાઈટ ડિઝાઈનિંગ છે અને પ્રશાંત મોહનદાસ કસેરાની ધરપકડ કરવામાં આવી.

**ન્યૂઝ બ્રિફ**

## મેરઠમાં લિફ્ટમાં ગળું ફસાતા સ્પોર્ટ્સ વેપારીનું દર્દનાક મોત

। મેરઠ, તા.૨૭ ।

ઉત્તર પ્રદેશના મેરઠના સૂરજકુંડ વિસ્તારમાં શનિવારે સાંજે એક દર્દનાક દુર્ઘટનામાં ઈન્ડિયન સ્પોર્ટ્સ કંપનીના માલિક હરવિંદર સિંહ ઉર્ફે પિન્ટુનું મોત થઈ ગયુ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે હરવિંદર સિંહ પોતાની ફેક્ટરીના ફર્સ્ટ ફ્લોર પરથી સેકન્ડ ફ્લોર પર જઈ રહ્યા હતા, ત્યારે તેમનું ગળું ખુલ્લી લિફ્ટમાં ફસાઈ ગયું. તેમના પરિવારના સભ્યો તેમને ગંભીર રીતે ઘાયલ હાલતમાં તાત્કાલિક પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ ગયા જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. પોલીસ આ કેસની તપાસ કરી રહી છે. બીજી તરફ આ દુર્ઘટનાથી ઘટનાસ્થળ પર અફરા-તફરી મચી ગઈ હતી. ઘટનાસ્થળ પર હાજર એક કર્મચારી સુરેન્દ્ર સિંહે જણાવ્યું કે, જ્યારે આ દુર્ઘટના ઘટી ત્યારે હું ત્યાં જ હાજર હતો. સાંજે બધાનો ઘરે જવાનો સમય થયો હતો, ત્યારે હરવિંદર સિંહ ફર્સ્ટ ફ્લોર પરથી સેકન્ડ ફ્લોર પર જવા લાગ્યા, ત્યારે અચાનક લિફ્ટ બંધ થઈ ગઈ. હરવિંદર સિંહે મદદ માટે બૂમ પાડવા માટે લિફ્ટમાંથી માથું બહાર કાઢતાની સાથે જ લિફ્ટ ફરી ચાલવા લાગી. આ દરમિયાન હરવિંદર સિંહનું ગળું લિફ્ટમાં ફસાઈ ગયુ. ત્યારબાદ તે ગંભીર રીતે ઘાયલ થઈ ગયા. તેમને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. આ ઘટનાની માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યા બાદ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આ દુર્ઘટના લિફ્ટની સુરક્ષા વ્યવસ્થામાં ખામીને કારણે સર્જાઈ હોવાનું કહેવાય છે. આ દુર્ઘટના પર મેરઠ પોલીસ અધિકારીઓએ કહ્યું કે, કે દુર્ઘટનાના તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે. આ સાથે જ લિફ્ટની સ્થિતિ અને ટેકનિકલ સુરક્ષાના ધોરણોની પણ તપાસ કરવામાં આવશે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ પછી જ મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે. આ મામલે કાર્યવાહી ચાલુ છે.

## ૧૪૦૦૦ પુરુષોએ લાડકી બહિન યોજના હેઠળ ૨૧ કરોડ મેળવ્યાં

। પુણે, તા.૨૭ ।

એનસીપી (SP)ના કાર્યકારી અધ્યક્ષ સુપ્રિયા સુલેએ મુખ્યમંત્રી માઝી લાડકી બહિન યોજનામાં ભ્રષ્ટાચાર થયો હોવાનો આરોપ મૂક્યો છે. તેમણે દાવો કર્યો છે કે, સ્કીમ હેઠળ લગભગ ૧૪,૦૦૦ પુરુષોને લાભ મળ્યો છે. સુલેએ આ મામલે સીબીઆઈ તપાસની માગ કરી છે. સુપ્રિયા સુલેના દાવા બાદ નાયબ મુખ્યમંત્રી અજિત પવારે પ્રતિક્રિયા આપી છે કે, જો કોઈ આ પ્રકારનો લાભાર્થી મળી આવ્યો તો, તેની પાસેથી પૈસા વસૂલવામાં આવશે. મીડિયા રિપોર્ટના આધારે સુપ્રિયા સુલેએ દાવો કર્યો હતો કે, ઓગસ્ટ, ૨૦૨૪માં શરૂ થયેલી લાડકી બહિન યોજનાના લાભાર્થીઓની યાદીમાં આશરે ૧૪,૦૦૦ પુરૂષ સામેલ છે. જેમને રૂ. ૨૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. પુણેમાં પ્રેસ કોન્ફરન્સમાં સુલેએ જણાવ્યું હતું કે, તપાસ થવી જોઈએ કે, યોજનાનો લાભ લેનારા પુરૂષોના નામ કોણે દાખલ કર્યા. સરકાર નાના-નાના આરોપોમાં પણ સીબીઆઈ-ઈડી તપાસ કરાવે છે. તો આ મામલે પણ સીબીઆઈ તપાસની જાહેરાત થઈ જોઈએ. જેથી પુરાવો મળે કે, ક્યાં કોન્ટ્રાક્ટરે આ પુરૂષોના નામ યાદીમાં સામેલ કર્યા છે. રાજ્યમાં શાસક ગઠબંધન સરકારે આ મામલે ઝડપથી કાર્યવાહી હાથ ધરવી જોઈએ. રાજ્યમાં નાણાકીય બાબતો સંભાળતાં અજિત પવારે જણાવ્યું કે, કોઈપણ પુરૂષને લાભાર્થીઓની યાદીમાં સામેલ કરવામાં આવે જ નહીં. જો કોઈ પુરૂષ સામેલ હશે તો અમે તેના તરફથી લેવામાં આવેલો તમામ લાભ પરત વસૂલીશું. જો તે સહયોગ નહીં કરે તો, તેની વિરૂદ્ધ કડક કાર્યવાહી હાથ ધરીશું. લાડકી બહિન યોજના વિશેષ રૂપે આર્થિક રૂપે નબળા વર્ગની મહિલાઓ માટે છે.



@ShivSenaUBT દ્વારા X દ્વારા જાહેર કરવામાં આવેલી આ તસવીરમાં, શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરેને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે તેમના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી રહ્યાં છે.

### લગ્ન વિવાદમાં સુપ્રીમકોર્ટની ભાવનાત્મક ટિપ્પણી

# એકબીજાને માફ કરો અને આગળ વધો : સુપ્રીમ કોર્ટ

### જસ્ટિસ પીએસ નરસિન્હા અને અતુલ એસ ચંદુરકરની બેન્ચે દંપતીને કહ્યું કે, વિવાદનો શાંતિપૂર્ણ ઉકેલ લાવો

। નવી દિલ્હી, તા.૨૭ ।

સુપ્રીમ કોર્ટે એક ફાઈટર પાઈલટ અને તેની પત્નીને સલાહ આપતા કહ્યું કે, એકબીજાને માફ કરો અને આગળ વધો. જેઓ લગ્ન વિવાદમાં ફસાયેલા છે. પાઈલટે ૨૦૧૯ના બાલાકોટ એર સ્ટ્રાઈકમાં પણ ભાગ લીધો હતો. બીજી તરફ પત્નીં સ્થી સ્નાતક છે અને એકૈં ફર્મમાં કામ કરે છે.

જસ્ટિસ પીએસ નરસિન્હા અને અતુલ એસ ચંદુરકરની બેન્ચે દંપતીને કહ્યું કે, તમે પરસ્પર વિવાદનો શાંતિપૂર્ણ રીતે ઉકેલ લાવી દો. બદલાની જિંદગી ન જીવો. તમે બંને યુવાન છો અને તમારી સામે લાંબુ જીવન પડ્યું છે. તમારે સારું જીવન જીવવું જોઈએ. વાયુસેનાના અધિકારીની અરજી પર નોટિસ જારી કરતા બેન્ચે કહ્યું કે, તમે એકબીજાને માફ કરો. એકબીજાને ભૂલી જાઓ અને આગળ વધો. પાઈલટે આ અરજી પોતાની પત્ની દ્વારા નોંધાયેલી ફ્લૈંઈ રદ કરવા માટે દાખલ કરી છે. પાઈલટે પોતાની અરજીમાં કહ્યું કે, હું અને મારા પરિવારના સભ્યો મારી પત્ની અને સાસરિયાઓ દ્વારા સતત માનસિક ત્રાસનો શિકાર બની રહ્યા છે. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ફ્લૈંઈ રદ કરવાની તેની અરજી ફગાવી દીધા બાદ વાયુસેનાના અધિકારીએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે.

### વીડિયો બનાવીને હાર્દિકસિંહ ગાયબ થઈ ગયો

# રીબડામાં અનિરુદ્ધસિંહને પડકાર ફેંકવાના કેસમાં નવો વળાંક

### વીડિયો ગુજરાત બહારથી વાયરલ કર્યો હતો,

। ગોંડલ, તા.૨૭ ।

સૌરાષ્ટ્રના નકશાનું નાનકડું ગામ રીબડા હાલ વિવાદોને કારણે ચર્ચામાં આવ્યું છે. ગોંડલના રીબડામાં અનિરુદ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલપંપ પર ફાયરિંગ કેસમાં નવો વળાંક આવ્યો છે. ફાયરિંગની જવાબદારી લેનાર હાર્દિકસિંહે ગુજરાત બહારથી વીડિયો વાયરલ કર્યો હોવાનું ખૂલ્યુ છે. તેથી અન્ય રાજ્યોમાં પોલીસ દોડતી થઈ છે. રીબડા ફાયરીંગની કબુલાતનો વિડીયો હાર્દિકસિંહ જાડેજાએ ગુજરાત બહારથી વીડિયો બનાવીને વાયરલ કર્યો હતો. તેથી હાર્દિકસિંહને ઝડપી લેવા રૂરલ પોલીસની ટીમોની ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશમાં તપાસ માટે પહોંચી છે. રીબડામાં અનિરુદ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલ પંપ પર ફાયરીંગની જવાબદારી હાર્દિકસિંહ જાડેજાએ સ્વીકારી હતી. ત્યારથી રીબડા પોલીસ દોડતી થઈ છે. પોલીસ હાલ હાર્દિકસિંહ જાડેજાને શોધી રહી છે.

આ તપાસમાં નવી માહિતી સામે આવી છે, હાર્દિકસિંહ વીડિયો ગુજરાતમાં નહિ, પણ બહારથી બનાવ્યો હતો. કારણ કે, તેણે જ્યાંથી વીડિયો બનાવ્યો, ત્યાં દુકાનના બોર્ડ હિન્દી ભાષામાં લખાયેલા છે.

# સમગ્ર દેશની સ્કૂલોમાં ફરજિયાત સુરક્ષા ઓડિટ કરવા કેન્દ્રનો નિર્દેશ

### સ્કૂલના રિપેરિંગ માટે ગામવાસીઓએ ફરિયાદ કરતા શિક્ષકો-અધિકારીઓએ દરેક પરિવાર પાસે રૂ.૨૦૦-માગ્યા હતા

। નવી દિલ્હી, તા.૨૭ ।

રાજસ્થાનના ઝાલાવાડમાં સ્કૂલની છત તૂટી પડતાં સાત વિદ્યાર્થીઓનાં મોત નીપજતા આખા દેશમાં હોબાળો મચી ગયો છે. આવા સમયે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સ્કૂલોમાં બાળકો માટે સુરક્ષા અને સુવિધાઓનું ફરજિયાત ઓડિટ હાથ ધરવા નિર્દેશ આપ્યા છે. બીજીબાજુ ઝાલાવાડની સ્કૂલમાં દુર્ઘટનામાં પોતાના બંને સંતાનોને ગુમાવનાર માતાના આક્રંદે આખા દેશને હચમચાવી દીધો છે. માતાએ કહ્યું તેના બંને બાળકો જતા રહ્યા, હવે આંગણું સુનું થઈ ગયું છે.

રાજસ્થાનના ઝાલાવાડમાં સ્કૂલની છત તૂટી પડવાની દુર્ઘટનાના બીજા દિવસે કેન્દ્રીય કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ આપ્યા છે કે, તેમણે વિદ્યાર્થીઓની સુરક્ષાની ખાતરી કરવા માટે તાત્કાલિક પગલાં લેવા જોઈએ, જેમાં રાષ્ટ્રીય સુરક્ષા નિયમો મુજબ સ્કૂલો અને બાળકો સંબંધિત સુવિધાઓમાં સુરક્ષા ઓડિટ કરવું, ઈમર્જન્સી સ્થિતિનો સામનો કરવા માટે કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને તાલિમ આપવી અને કાઉન્સેલિંગ મારફત માનસિક સહાય પૂરી પાડવી જેવા પગલાંઓનો સમાવેશ થાય છે.

દરમિયાન ઝાલાવાડના ગામમાં સ્કૂલની છત તૂટી પડતાં માર્યા ગયેલા સાત બાળકોમાં એક જ પરિવારના બે ભાઈ બહેન મીના અને કાન્હાનો સમાવેશ થાય છે. માતાએ કહ્યું, મારે તો બે જ બાળકો હતા. એક પુત્ર અને એક પુત્રી, બંને અકસ્માતમાં માર્યા ગયા. હવે ઘર સૂમસામ થઈ ગયું છે.

## મણિપુરમાં ૯૦ હથિયારો અને ૭૦૦ વિસ્ફોટક સામગ્રી જપ્ત

। ઇમ્ફાલ, તા.૨૭ ।

મણિપુરમાં પાંચ જિલ્લાઓમાં સુરક્ષાદળોએ મોટાપાયે તપાસ અભિયાન ચલાવ્યું હતું. જે દરમિયાન આશરે ૯૦ જેટલા હથિયારો, ૭૦૦ વિસ્ફોટક સામગ્રી જપ્ત કરી હતી. મણિપુર પોલીસ, સીઆરપીએફ, બીએસએફ, સૈન્ય અને આસામ રાઈફલ્સ દ્વારા સંયુક્ત રીતે ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું, મણિપુરના પૂર્વ-પશ્ચિમ ઈમ્ફાલ, તૌબલ, કેકચિંગ, બિષ્નુપુર જિલ્લામાં દરોડા દરમિયાન ૯૦ હથિયારો મળ્યા હતા. જેમાં ત્રણ એકે સીરીઝ, એક એમ૧૬ રાઈફલ, પાંચ ઈન્સાસ રાઈફલ્સ, ૨૦ પિસ્તોલ વગેરેને જપ્ત કરવામાં આવ્યા હતા. હથિયારો ઉપરાંત ઘાતક વિસ્ફોટક સામગ્રી પણ જપ્ત કરાઈ છે જેમાં ૭૨૮ વિસ્ફોટકો, ૨૧ ગ્રેનેડ્સ, ૭ આઈઈડીનો સમાવેશ થાય છે.

### જેજુ પ્લેન ક્રેશની તપાસમાં ઘટસ્ફોટ

# પાયલટે ખોટું એન્જિન બંધ કરેલું, ૧૭૯ લોકોએ ગુમાવ્યા હતા જીવ

। દક્ષિણ કોરિયા, તા.૨૭ ।

દક્ષિણ કોરિયામાં ૨૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ બનેલી જેજુ પ્લેન ક્રેશની દુર્ઘટનાની તપાસમાં મોટો ઘટસ્ફોટ થયો છે કે, પાયલટે ક્ષતિગ્રસ્ત એન્જિન ચાલુ હોવા છતાં ખોટું બંધ કરી દીધુ હતું. જેના લીધે દુર્ઘટના ઘટી હતી. જેજુ પ્લેનને મુઆન એરપોર્ટ પર લેન્ડિંગ સમયે પક્ષી અથડાતાં એન્જિનને નુકસાન થયું હતું અને રનવે પરથી નીચે ઉતરી જતાં એપ્રોચ લાઈટિંગ સિસ્ટમ સાથે અથડાયું હતું. જેમાં સવાર ૧૭૫ મુસારો અને ૭ ક્રૂ સભ્યોમાંથી ચારના મોત થયા હતાં. તપાસકર્તાઓએ દક્ષિણ કોરિયામાં ડિસેમ્બર, ૨૦૨૪માં બનેલી આ ભયાવહ હવાઈ દુર્ઘટનાનો અંતિમ અહેવાલ હજુ સુધી રજૂ કર્યો નથી, પરંતુ વિમાનના બે એન્જિન વિશે માહિતી જાહેર કરી છે. જે અનુસાર, જાણવા મળ્યું છે કે, પક્ષી અથડાયું ત્યારે ડાબા એન્જિનને જમણાં કરતાં ઓછું નુકસાન થયુ હતું. તેમ છતાં પાયલટે ડાબું એન્જિન બંધ કરી દીધુ હતું. તે ૧૯ સેકન્ડ સુધી બંધ રહ્યું હતું. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, જમણા એન્જિનમાં આગ અને ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતાં. પરંતુ ડાબું એન્જિન વધુ ક્ષતિગ્રસ્ત થયુ ન હોવાથી ઉડાન માટે પર્યાપ્ત આઉટપુટ જનરેટ કરી રહ્યા હતાં.

### ૧૩ વર્ષ બાદ ફરી સરપ્રાઈઝ એન્ટ્રી!

# ઉદ્ધવ ઠાકરેના જન્મદિવસ પર માતોશ્રી પહોંચ્યા રાજ ઠાકરે

### રાજ ઠાકરે ૧૩ વર્ષ પછી માતોશ્રી પહોંચ્યા અને ઉદ્ધવ ઠાકરેને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી

। મુંબઈ, તા.૨૭ ।

મહારાષ્ટ્રના રાજકારણમાં દરરોજ કોઈને કોઈ ગતિવિધિ જોવા મળી રહી છે. આજે પણ કંઈક આવું જ બન્યું જ્યારે મનસેના વડા રાજ ઠાકરે તેમના પિતરાઈ ભાઈ ઉદ્ધવ ઠાકરેને મળવા માટે મુંબઈના બાંદ્રા સ્થિત માતોશ્રી નિવાસસ્થાને પહોંચ્યા. આ ખાસ હતું કારણ કે તે ઉદ્ધવ ઠાકરેના જન્મદિવસનો પ્રસંગ હતો, અને સવારથી જ રાજકીય વર્તુળોમાં આ મુલાકાત અંગે ગરમાગરમ ચર્ચા ચાલી રહી હતી. ખાસ વાત એ હતી કે રાજ ઠાકરે લગભગ ૧૩ વર્ષ પછી માતોશ્રી પહોંચ્યા છે. આ પહેલા, તેઓ છેલ્લે ૨૦૧૨ માં ત્યાં ગયા હતા. તમને જણાવી દઈએ કે રાજ ઠાકરે ૨૦૦૬ માં શિવસેનાથી અલગ થયા હતા અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) ની રચના કરી હતી. ત્યારથી, બંને ભાઈઓ વચ્ચે રાજકીય અને વ્યક્તિગત મતભેદો સામે આવ્યા હતા.



પટના મ્યુઝિયમ ખાતે નવી બનેલી ઇમારતના ઉદ્ઘાટન દરમિયાન બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર.

## ડોલર કમાવવાની લાલચમાં નિવૃત ફોરેસ્ટરે રૂપિયા ૨.૪૦ લાખ ગુમાવ્યા

। જૂનાગઢ, તા.૨૭ ।

જૂનાગઢના એક નિવૃત ફોરેસ્ટર સાયબર માફિયાઓ દ્વારા ફેસબુકમાં મુકવામાં આવેલી લીંક ક્લિક કરતા સામેથી ગઠિયાઓની ટીમે નિવૃત અધિકારીને ડોલર કમાવવાની લાલચ આપીને માત્ર ૩૫ દિવસમાં ૨.૪૦ લાખ રૂપિયા ઓનલાઈન ખંખેરી લીધાની ફરિયાદ આજે સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. જૂનાગઢમાં નવી કલેકટર કચેરી રોડ ઉપર ત્રિવેણી એપાર્ટમેન્ટ પાસે શ્રીધરનગર સોસાયટીમાં રહેતા નિવૃત ફોરેસ્ટ અધિકારી ભીખુભાઈ વલ્લભભાઈ પડશાલા, એક દિવસ બપોરે ઘરે બેઠા હતા, ત્યારે તેઓ મોબાઈલમાં ફેસબુક જોતા હતા, જેમાં તેઓએ શેરબજારમાં રોકાણ કરવાથી સૌથી વધુ પ્રોફિટ મળશે તેવી લોભામણી જાહેરાત વાંચી અને લાલચમાં આવીને તેઓએ તે લીંક ઉપર ક્લિક કર્યુ અને સાયબર માફિયાઓની જાળમાં ફસાઈ ગયા હતા. જેમાં રોકાણ માટેનો ચાર્ટ અને મોબાઈલ નંબર આપેલા હતા, જેમાં ક્લિક કરતા તરત કોઈ હિન્દી ભાષી મહિલા અને બાદમાં એક પુરુષનો કોલ આવ્યો.

# વલસાડમાં મોપેડ પર ઝાડ પડતાં વિદ્યાર્થિનીનું મોત, બે ઇજાગ્રસ્ત

। વલસાડ, તા.૨૭ ।

વલસાડ શહેરમાં આજે એક અત્યંત કરૂણ અને હૃદયદ્રાવક ઘટના બની છે, જેમાં શાળાએથી ઘરે પરત ફરી રહેલી એક ૧૬ વર્ષીય વિદ્યાર્થિનીનું મોપેડ પર અચાનક વૃક્ષ ધરાશાયી થતાં કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ અકસ્માતમાં અન્ય બે વિદ્યાર્થીઓને પણ ઈજા પહોંચી હતી, જેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ દુર્ઘટના વલસાડના અબ્રામા વિસ્તારમાં આવેલા પોલીસ હેડક્વાર્ટર રોડ પર બની હતી. બપોરના સમયે શાળા છૂટ્યા બાદ ત્રણ વિદ્યાર્થીઓ એક મોપેડ પર સવાર થઈને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે સર્જાયેલી અણધારી દુર્ઘટનામાં એક મોટું વૃક્ષ અચાનક ધરાશાયી થયું અને સીધું જ તેમના મોપેડ પર પડ્યું હતું. આ ભયાનક અકસ્માતમાં મોપેડ પર સવાર ૧૬ વર્ષીય વિદ્યાર્થીનીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે તેની સાથે રહેલા અન્ય બે વિદ્યાર્થીઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી હતી. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. આ ઘટના અંગે સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસે જાણ થતાં જ તેઓ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

### દુર્ઘટનામાં ૫ વર્ષની માસૂમ બાળકીનું ઘટનાસ્થળે મોત

# એક નબીરાએ ફૂલ સ્પીડમાં BMW કાર ચલાવીને સ્કૂટીને જોરદાર ટક્કર મારી

। નોઈડા, તા.૨૭ ।

નોઈડાના સેક્ટર-૩૦માં શનિવારે મોડી રાત્રે એક હચમચાવી નાખે તેવી ઘટના બની છે, જેમાં એક નબીરાએ ફૂલ સ્પીડમાં BMW કાર ચલાવીને સ્કૂટીને જોરદાર ટક્કર મારી હતી. આ દુર્ઘટનામાં ૫ વર્ષની માસૂમ બાળકીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બાળકીના પિતા ગુલ મોહમ્મદ અને રાજા નામના યુવકને ગંભીર ઈજા થઈ છે. આ ઘટનાએ સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફેલાવ્યો છે.

મળતી માહિતી અનુસાર, ગુલ મોહમ્મદ, જે નોઈડાના સેક્ટર-૪૫ના રહેવાસી છે, તેમની ૫ વર્ષની દીકરી આયત શનિવારે રાત્રે અચાનક બીમાર પડી હતી. તેને તાત્કાલિક સારવાર માટે સેક્ટર-૩૦માં આવેલી પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાઈલ્ડ હેલ્થ હોસ્પિટલ લઈ જવા માટે ગુલ મોહમ્મદ તેમના સાળા રાજા સાથે સ્કૂટી પર નીકળ્યા હતા. પરંતુ, રસ્તામાં સેક્ટર-૩૦ ખાતે પાછળથી આવતી એક ઝડપી મ્સઉ કારે તેમની સ્કૂટીને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભયંકર હતી કે નાનકડી આયતનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ગુલ મોહમ્મદ અને રાજાને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

## તંત્રી લેખ...

# રાહુલ ગાંધી ૨૧મી સદીના મહાત્મા, આંબેડકર અને ફુલે

રાહુલ ગાંધીને લઈને કોંગ્રેસના નેતાઓ હવે મહાત્મા ગાંધી, બાબા સાહેબ આંબેડકર અને મહાત્મા ફુલે સાથે તુલના કરવા લાગ્યા છે. ખાલી જ એક જ દિવસમાં કોંગ્રેસના ત્રણ નેતાઓએ તેમને ત્રણ-ત્રણ ઐતિહાસિક હસ્તીઓની બરાબર લાવી દીધા. કોંગ્રેસ નેતા અનિલ જય હિંદે કહ્યું કે, રાહુલ ગાંધી મહાત્મા ગાંધી બાદ પહેલા એવા નેતા છે, જે સત્યનો સ્વીકાર કરે છે. આ ક્વાલિટી પહેલા મહાત્મા ગાંધીમાં હતી અને હવે રાહુલ ગાંધીમાં છે. તો વળી વિ. હનુમંથા રાવે રાહુલ ગાંધીને લઈને ૨૧મી સદીના મહાત્મા ફુલે પણ કહી દીધા. પણ સૌથી વધારે હદ તો ઉદિત રાજે પાર કરી દીધી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું કે, ઓબીસી સમુદાયને રાહુલ ગાંધીનું સમર્થન કરવું જોઈએ. જો તેમણે આવું કર્યું તો રાહુલ ગાંધી તેમના માટે બીજા આંબેડકર સાબિત થઈ શકે છે. બસ અહીંથી જ ચર્ચા અને ટ્રોલિંગ બંનેની શરૂઆત થઈ ગઈ. ભાજપના પ્રવક્તા શહજાદ પૂનાવાલાએ આકરા પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસ ક્યારેય અસલી આંબેડકરનું સન્માન કરી શકી નથી. હવે આજે રાહુલ ગાંધીને બીજા આંબેડકર બતાવીને ઓબીસી સમાજને ભ્રમિત કરવાની કોશિશ કેમ કરી રહી છે? તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા, કોણે બાબાસાહેબને ભારત રત્ન આપવાની ના પાડી? કોણે તેમના સંવિધાનને જમ્મુ કાશ્મીરમાં લાગુ ન થવા દીધું? કોણે મુસ્લિમ અનામતની વાત કરી? કોણે કહ્યું કે અનામત ખરાબ છે? જવાબ છે જવાહર લાલ નહેરુ, શહઝાદે એવું પણ કહ્યું કે, હવે રાહુલ ગાંધી આંબેડકર બનવા માગે છે, નેહરુ કે ઈંદિરા ગાંધી નહીં. તેનો અર્થ એવો થાય કે કોંગ્રેસ ખુદ માની રહી છે કે તેમના જૂના નેતા ખોટા હતા. પણ સૌથી વધારે હદ તો ઉદિત રાજે પાર કરી દીધી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું કે, ઓબીસી સમુદાયને રાહુલ ગાંધીનું સમર્થન કરવું જોઈએ. જો તેમણે આવું કર્યું તો રાહુલ ગાંધી તેમના માટે બીજા આંબેડકર સાબિત થઈ શકે છે. બસ અહીંથી જ ચર્ચા અને ટ્રોલિંગ બંનેની શરૂઆત થઈ ગઈ. ભાજપના પ્રવક્તા શહજાદ પૂનાવાલાએ આકરા પ્રહાર કરતા કહ્યું કે, કોંગ્રેસ ક્યારેય અસલી આંબેડકરનું સન્માન કરી શકી નથી. હવે આજે રાહુલ ગાંધીને બીજા આંબેડકર બતાવીને ઓબીસી સમાજને ભ્રમિત કરવાની કોશિશ કેમ કરી રહી છે? તેમણે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા, કોણે બાબાસાહેબને ભારત રત્ન આપવાની ના પાડી? કોણે તેમના સંવિધાનને જમ્મુ કાશ્મીરમાં લાગુ ન થવા દીધું? કોણે મુસ્લિમ અનામતની વાત કરી? કોણે કહ્યું કે અનામત ખરાબ છે? જવાબ છે જવાહર લાલ નહેરુ, શહઝાદે એવું પણ કહ્યું કે, હવે રાહુલ ગાંધી આંબેડકર બનવા માગે છે, નેહરુ કે ઈંદિરા ગાંધી નહીં. તેનો અર્થ એવો થાય કે કોંગ્રેસ ખુદ માની રહી છે કે તેમના જૂના નેતા ખોટા હતા.

## કંબોડિયા-થાઈલેન્ડ યુદ્ધમાં અત્યાર સુધી ૩૨ના મોત

થાઈલેન્ડ-કંબોડિયા વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ ઉભી થઈ છે. ૨૪ જુલાઈના રોજ બંને દેશો સરહદ પદ એકબીજાના વિરોધમાં આવી ગયા બાદ સામસામે ભયાનક હુમલાઓ કરી રહ્યા છે, જેમાં અત્યાર સુધીમાં ૩૨ લોકોના મોત થયા છે. બંને દેશોએ સરહદ પર ટેક્રો અને હથિયારો પણ તહેનાત કરીને રાખ્યા છે. બંને તરફી આક્રમક વલણ બાદ કંબોડિયાએ સંયુક્ત રાષ્ટ્રમાં સિઝફાયરની માંગ કરી છે. બીજીતરફ બંને દેશો આસિયાનના સભ્યો હોવાથી મલેશિયાએ યુદ્ધ અટકાવવા માટેના તમામ પ્રયાસ શરૂ કરી દીધા છે. યુએન સુરક્ષા પરિષદે શુક્રવારે મોડી રાત્રે ઈમરજન્સી બેઠક યોજી હતી, જેમાં કંબોડિયાએ યુદ્ધ અટકાવવાની માંગ કરી છે. કંબોડિયાના સંયુક્ત રાષ્ટ્રના રાજદૂત ચિયા કેઓએ કહ્યું કે, 'કંબોડિયાએ કોઈપણ શરત વગર સીઝફાયરની માંગ કરી છે અને અમે ઈચ્છીએ છીએ કે, વિવાદનું શાંતિપૂર્ણ સમાધાન થાય. બીજીતરફ થાઈલેન્ડે પણ વાતચીત કરવાના સંકેત આપ્યા છે. થાઈલેન્ડના વિદેશ મંત્રાલયના પ્રવક્તા નિકોર્ન્ડેજ બાલનકુરાએ કહ્યું કે, 'અમે મલેશિયાની મદદથી વાચતીત કરવા માટે તૈયાર છીએ. જો કંબોડિયા રાજદ્વારી, દ્વિપક્ષી અથવા મલેશિયા દ્વારા વિવાદ ઉકેલવા માંગતા હોય તો અમે તે માટે તૈયાર છીએ. જોકે હજુ કોઈપણ પ્રતિક્રિયા મળી નથી. મુસ્લિમ બહુમતી ધરાવતો દેશ મલેશિયા દક્ષિણ-પૂર્વ એશિયાઈ રાષ્ટ્ર સંઘનું અધ્યક્ષ છે અને તેમાં થાઈલેન્ડ અને કંપોડિયા સભ્ય છે. મલેશિયાએ બંને દેશોને ઘર્ષણ બંધ કરવા આહવાહન કર્યું છે. આ સાથે તેણે હસ્તક્ષેપની પણ ઓફર કરી છે. સરકારી સમાચાર એજન્સી બરનામાના રિપોર્ટ મુજબ, અનવર ઈબ્રાહિમે કહ્યું કે, 'મેં મારા વિદેશ મંત્રીને થાઈલેન્ડ-કંબોડિયાના વિદેશ મંત્રાલયો સાથે સંપર્કમાં રહેવાનું કહ્યું છે. હું આ ઘર્ષણ અટકાવવા માટે બંને દેશો સાથે વાતચીત ચાલુ રાખીશ. યુદ્ધ અટકાવવા માટે સંભવ તમામ પ્રયાસો કરીશ.' કહેવાય છે કે કંબોડિયન સેનાએ ભારે હથિયારો, ફિલ્ડ આર્ટિલરી અને મ્સ-૨૧ રોકેટ સિસ્ટમનો ઉપયોગ કરીને સતત બોમ્બમારો કર્યો છે. થાઈલેન્ડના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું છે કે સરહદના ચાર પ્રભાવિત પ્રાંતોના ગામડાઓમાંથી ૫૮,૦૦૦થી વધુ લોકો અસ્થાયી આશ્રયસ્થાનોમાં ખસી ગયા છે, જ્યારે કમ્બોડિયાના અધિકારીઓએ કહ્યું છે કે સરહદ નજીકના વિસ્તારોમાંથી ૨૩,૦૦૦થી વધુ લોકોએ સ્થળાંતર કર્યું છે. શુક્રવારે થાઈલેન્ડે કંબોડિયાની બોર્ડર પર આવેલા ૮ જિલ્લાઓમાં માર્શલ લો જાહેર કરી દીધું છે. થાઈલેન્ડના એક આર્મી કમાન્ડરે કહ્યું છે કે, કંબોડિયા દ્વારા બળપ્રયોગ કરી થાઈ વિસ્તારમાં ઘુસવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. જણાવી દઈએ કે, યુએનના સિક્યોરિટી કાઉન્સિલમાં આ સંઘર્ષ પર એક ઈમરજન્સી મીટિંગ પણ થઈ છે. શુક્રવારે થાઈલેન્ડે કંબોડિયાની બોર્ડર પર આવેલા ૮ જિલ્લાઓમાં માર્શલ લો જાહેર કરી દીધું છે. થાઈલેન્ડના એક આર્મી કમાન્ડરે કહ્યું છે કે, કંબોડિયા દ્વારા બળપ્રયોગ કરી થાઈ વિસ્તારમાં ઘુસવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે. જણાવી દઈએ કે, યુએનના સિક્યોરિટી કાઉન્સિલમાં આ સંઘર્ષ પર એક ઈમરજન્સી મીટિંગ પણ થઈ છે.

# સોમનાથ, મહાકાલેશ્વર, અને ઓમકારેશ્વરનાં જ્યોતિર્લિંગનું મહાત્મ્ય જાણીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



આજે શ્રાવણનો પ્રથમ સોમવાર છે, સોમવારને ભગવાન શંકરનો માનવામાં આવે છે! તો આપણે આજે ઐતિહાસિક દ્રષ્ટિએ શિવાલય પર કંઈક વિશેષ ચિંતન કરીએ. આપણે ત્યાં બાર જ્યોતિર્લિંગ છે અને દરેક સાથે કોઈ ને કોઈ પૌરાણિક કથા જોડાયેલી છે. શ્રાવણ માસમાં શિવાલયે જઈ દર્શન કરવાનો મહિમા અનેરો છે, પણ કદાચ આપણે જઈ શકીએ નહીં તો આપણે એની પૌરાણિક કથા મુજબ એનું મહાત્મ્ય જાણીને દર્શન કર્યાનો સંતોષ માનીએ. બાર જ્યોતિર્લિંગ છે, એટલે દર સોમવારે ત્રણ જ્યોતિર્લિંગનું મહાત્મ્ય જોઈશું.

સોમનાથ★★પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે જેને સ્થાન મળ્યું છે એ ગુજરાતનાં ગીર સોમનાથ જીલ્લાનું સોમનાથ, અને અતિ પ્રાચીન એવા આ મંદિરનો ઈતિહાસ પણ ખુબ જ રસપ્રદ છે. મોટો દરિયા કિનારે સ્થિત સૌરાષ્ટ્રના આ સોમનાથનું મંદિર ઉત્તમ સ્થાપત્યનો નમૂનો પણ છે, અને જે વિશાળ પટાંગણ અને ઐતિહાસિક કલાકારી ધરાવે છે.આટલી મોટી ઊંચાઈ અને પહોળાઈ ધરાવતું શિવલિંગ લગભગ બીજે ક્યાંય જોવા મળતું નથી. સોમનાથનું પહેલું મંદિર ૨૦૦૦ વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવ્યું હોવાનું કહેવાય છે. સોમનાથ ને જૂનઈદ, મહંમદ ગઝની, અને ઔરંગઝેબ એ તોડી પાડ્યું હતું, પણ શિવલિંગ સુધી એ પહોંચી શક્યા નહોતાં. આમ અતિ પ્રાચીન એવું સોમનાથ મંદિરનો કેટલીય વાર વિનાશ થયો અને ત્યારબાદ ફરી પાછું ઊભું થયું આ બતાવે છે કે સત્યનો ક્યારેય પરાજય થતો નથી. સ્કંદ પુરાણ, શિવ પુરાણ શ્રીમદ ભાગવત અને ઋગ્વેદમાં સોમનાથના મંદિરનો ઉલ્લેખ છે. આ જ્યોતિર્લિંગની પૌરાણિક કથા મુજબ, દક્ષ પ્રજાપતિની ૨૮ પુત્રીઓ સાથે ભગવાન ચંદ્રનાં લગ્ન થયાં, અને તે એમાંથી ફક્ત એક રાણી એટલે કે રોહિણી સાથે જ સમય વ્યતીત કરતા હોવાથી, બાકીની પુત્રીઓ પિતાના ઘરે જઈ ફરિયાદ કરે છે. દક્ષ પ્રજાપતિ ચંદ્રને શ્રાપ આપે છે, કે તારો ક્ષય થશે. રોહિણી અને ચંદ્રદેવ શિવની ખૂબ આકરી તપસ્યા કરી, અને ભગવાન શંકર પ્રસન્ન થઈ અને ૧૫ દિવસનો ક્ષય, અને ૧૫ દિવસ ચડતી, એ રીતે ચંદ્રને વરદાન આપે છે. ભગવાન સોમ એટલે કે ચંદ્રમા પ્રસન્ન થઈને સોનાનાં લિંગની સ્થાપના કરે છે, અને અહીંની કપિલા હીરણ અને સરસ્વતીની ત્રિવેણીમા સ્નાન કરી ચંદ્ર પોતાનું રુપ પાછુ મેળવે છે. ત્યારબાદ ત્રેતાયુગમાં રાવણ ચાંદીના શિવલિંગની આ જગ્યાએ સ્થાપના કરે છે, અને ત્યારબાદ ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં લાકડાના શિવલિંગની સ્થાપના કરે છે, ત્યારબાદ આ અત્યારનું શિવલિંગ અસ્તિત્વમાં આવ્યું છે, અહલ્યા બાઈએ બનાવ્યું છે.ભારતીય પ્રાચીન ગ્રંથો મુજબ સોમનાથ જ્યોતિર્લિંગની સ્થાપના અને પ્રાણ પ્રતિષ્ઠા ત્રેતા યુગમાં શ્રાવણ મહિનાની શુક્લ પક્ષની ત્રીજના રોજ કરવામાં આવી હતી.

મહાકાલેશ્વર★★ ભારતનાં નકશાનું હદય એવી ઉજ્જૈન નગરીમાં એટલે કે હાલના મધ્યપ્રદેશની રાજધાનીમાં મહાદેવનાં બાર જ્યોતિર્લિંગમાંનું એક જ્યોતિર્લિંગ બિરાજમાન છે, અને તે કાળના કાળ મહાકાલેશ્વરનાં નામે પ્રસિદ્ધ છે. આ નગરી પહેલાંના સમયમાં વિક્રમાદિત્યની રાજધાની અવંતિકા કહેવાતી. આ ઉપરાંત તેના ઘણા નામ છે. જેમ કે અવંતિ, અવંતિકા, ઉજ્જયીની, વિશાલા, નંદની, અમરાવતી, કનકશ્રૃંગા, પદ્માવતી, પ્રતિકલ્પા, ચૂડામણી વગેરે. મહાકાલના મંદિર સિવાય સમ્રાટ વિક્રમાદિત્ય અને મહાકવિ કાલિદાસનું નામ ઉજ્જૈન સાથે જોડાયેલું હોવાથી એ પ્રખ્યાત છે. મહાકાલની સાથોસાથ કાલભૈરવનુ મંદિર પણ અહીં આવેલું છે, અને ભારતમાં એકમાત્ર શિવાલય એવું છે, જેમાં ભગવાન દક્ષિણાભિમુખ બેઠા છે, આથી તેને દક્ષિણામૂર્તિ પણ કહેવામાં આવે છે. વામ માર્ગીય સાધના માટે અઘોરીઓને તાંત્રિકો આવે છે. આ મંદિર ભસ્મ આરતી માટે પ્રખ્યાત છે. વહેલી સવારે એટલે કે લગભગ ચાર વાગે મહાદેવના લિંગને ભસ્મનો શ્રૃંગાર કરવામાં આવે છે, પહેલા તો તાજી ચિતા પરથી ભસ્મ લઈને તેનું લેપન કરવામાં આવતું હતું, પરંતુ હવે કપિલા ગાયના ગોબરમાંથી બનેલા છાણા, શમી,પીપળો, પલાશ, વડ,અમલતાસ અને બોરના લાકડાઓને બાળીને તેની ભસ્મ બનાવવામાં આવે છે, જે બિલકુલ શિવપુરાણમાં ઉલ્લેખ થયાં મુજબ છે. જોકે અઘોરીઓની માંગણી છે કે મહાકાલની ભસ્મ આરતી પહેલાની જેમ જ તાજા મડદાની રાખમાંથી થાય. આ આરતી સમયે વાતાવરણ એક અલગ જ પ્રકારના ધાર્મિક આવૃત્તિ મય બની જાય છે. મહાકાલને સ્મશાનના અધિપતિ માનવામા આવે છે, જેથી શબની ભસ્મ તેમના શ્રૃંગારનુ કામ કરે છે. એવી પણ એક માન્યતા છે, કે મહાકાલને ચઢાવેલ ભસ્મને આરોગવાથી તમામ રોગો માંથી મુક્તિ મળે છે.

પૌરાણિક માન્યતા અનુસાર કહેવાય છે કે દૂષણ નામનો એક રાક્ષસ બધાને ખૂબ જ પરેશાન કરી રહ્યો હતો, અને લોકોએ મહાકાલને પ્રાર્થનાં કરી કે હે મહાકાલ અમને આ રાક્ષસના ત્રાસમાંથી મુક્ત કરો, અને લોકોની રક્ષા અર્થે મહાકાલ એટલે કે ભગવાન આશુતોષ પ્રગટ થયા, અને દૂષણનો ખાત્મો કરીને પરત જઈ રહ્યાં હતાં, ત્યારે ઉજ્જૈન વાસીઓએ તેમને અહીં જ રોકાઈ જવાં આગ્રહ કર્યો, અને ભગવાન શિવલિંગમાં સ્વયં જ્યોતિ સ્વરૂપે સમાઈ ગયાં, ત્યારથી આ મંદિર મહાકાલેશ્વરના નામે પ્રખ્યાત છે,

ઓમકારેશ્વર★★ઓમકારેશ્વર મમલેશ્વર એમ બે શિવલિંગ આ જ્યોતિર્લિંગ મંદિર ધરાવે છે, અને ઓમકારેશ્વર આત્મા છે, તો મમલેશ્વર શરીર છે, અને જ્યાં સુધી મમલેશ્વરનાં દર્શન કરવામાં આવે નહીં, ત્યાં સુધી ઓમકારેશ્વરની યાત્રા અધૂરી ગણાય છે, આ મંદિર સાથે ત્રણ દંત કથા જોડાયેલી છે.

માન્યતા અનુસાર પ્રથમ દંતકા વિંધ્ય પર્વત વિષેની છે. એક સમયે નારદ મુનિ ફરતાં ફરતાં વિંધ્ય પર્વતની મુલાકાતે આવ્યા. વિંધ્ય પર્વતે તેનું ભાવભીનું સ્વાગત કર્યું અને મુનિને રોકાઈ જવા અનુરોધ કર્યો. પોતાની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે આમ તો મારે કોઈ વાતની કમી નથી, નારદ મુનિ વિંધ્યનું અભિમાન પામી ગયાં, અને તેમણે વિંધ્યને મેરુ પર્વતની મહાનતા સંભળાવી,અને કહ્યું કે તેનું શિખર સ્વર્ગ જેટલું ઉંચુ છે, અને આમ કહી પોતે ચાલ્યા ગયા. તેથી વિંધ્યને મેરુની ઈર્ષ્યા થઈ, અને તેણે મેરુ કરતા મોટા બનવાનો નિર્ણય કર્યો. મેરુ કરતાં મોટા બનવા વિંધ્યએ શિવજીની ઉપાસના શરૂ કરી. વિંધ્યે શિવના પાર્થિવ લિંગ અને ઓમકારેશ્વરની લગાતાર છ મહિના સુધી પૂજા કરી,આથી શિવે પ્રસન્ન થઈ તેને ઈચ્છિત વરદાન આપ્યું. આટલો જૂનો ઈતિહાસ ધરાવતું મંદિર હોવાથી એ પુરાણ પ્રસિદ્ધ મંદિર તરીકે પણ ઓળખાય છે. સર્વ દેવો અને ઋષિ મુનિઓની વિનંતિથી શિવે લિંગના બે ભાગ કર્યા. એક ભાગ ઓમકારેશ્વર કહેવાયો, અને બીજો ભાગ મમલેશ્વર કે અમરેશ્વર કહેવાયો. ભગવાન શિવે વિંધ્યને વધવાનું વરદાન તો આપ્યું, પણ એ શરત રાખી કે તે ક્યારેય શિવ ભક્તોના માર્ગમાં આડો નહિં આવે. વિંધ્યે વધવાનું ચાલું કર્યું પણ પોતાનું વચન પાળ્યું નહીં. તેણે સૂર્ય અને ચંદ્રનો માર્ગ પણ રોક્યો. સર્વ ઋષિમુનિઓ મદદ માટે અગસ્ત્ય ઋષિ પાસે ગયાં. અગસ્ત્ય મુનિ તેમના પત્ની સાથે વિંધ્ય પાસે આવ્યાં અને તેને મનાવી લીધો કે, જ્યાં સુધી તેઓ અને તેમના પત્ની પાછાં નહીં ફરે ત્યાં સુધી તે વધશે નહીં. તેઓ ફરી પાછાં ફર્યાં જ નહીં, અને વિંધ્ય વધ્યો નહીં.

બીજી એક દંતકથા મુજબ રાજા મંધાતનાં સમયની છે. ભગવાન રામનાં પૂર્વજ ઈક્ષ્વાકુ કુળનાં રાજા મંધાતએ ભગવાન શિવની ઉપાસના કરીને, તેમને અહીં જ્યોતિર્લિંગ સ્વરૂપે પ્રગટ થવા મનાવ્યાં હતાં. અમુક વિદ્વાનો માને છે કે મંધાત રાજાના પુત્રો અંબરિશ અને મુકુંદ દ્વારા તીવ્ર તપસ્યા કરીને શિવને પ્રસન્ન કરાયાં હતાં. આને કારણે તે પર્વતનું નામ મકંધાત પર્વત પડ્યું છે, અને શંકર ભગવાન બંનેને પ્રસન્ન થયા હોવાથી શિવલિંગ બે ભાગમાં વહેંચાઈ ગયેલું છે. ત્રીજી દંતકથા મુજબ એક સમયે દેવો અને દાનવો વચ્ચે ભીષણ યુદ્ધ થયું હતું, જેમાં દાનવોનો વિજય થયો હતો. દેવો માટે આ ખૂબ જ શરમ જનક વાત હતી. આથી તેમણે ભગવાન શિવની આરાધના કે તપશ્ચર્યા કરી. તેમની આરાધના ના ફળ સ્વરૂપે ભગવાન શિવ ઓમકારેશ્વર સ્વરૂપે પ્રગટ થયા અને દાનવોને પરાસ્ત કર્યાં હતાં.

### શ્રાવણ માસમાં શિવ મહિમા- ૪

# બિલીપત્રનો મહિમા અને તેના ઔષધિય ઉપયોગો

**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા





શ્રાવણ માસમાં આપણે શિવ મહિમા ગાન કરી રહ્યા છીએ. જેમાં આજે સોમવારે ચોથો દિવસ બિલીપત્રનો મહિમા અને તેના ઔષધિય ઉપયોગો વિશે જાણીએ.ઘરમાં બીલીનું વૃક્ષ વાવવાના ફાયદાનો ઉલ્લેખ શિવ મહા પુરાણમાં કરવામાં આવ્યો છે જે મુજબ જે સ્થાને આ છોડ કે વૃક્ષ ઉગાડેલ હોય છે તે સ્થળ કાશી તીર્થની જેમ પવિત્ર અને પૂજનીય સ્થળ હોય છે આવી જગ્યા કે ઘર તમામ પ્રકારના તંત્ર બાધાઓથી મુક્ત થાય છે.અહી રહેવાવાળા લોકો પર ક્યારેય ચંદ્ર માની ખરાબ દશા નહી આવે દરેક સભ્ય યશસ્વી બને છે.અનેઆખો પરિવાર સમાજમાં ઉચ્ચ સમ્માન મેળવે છે ઘરની વિવિધ દિશામાં બીલીનો છોડ હોવાથી અનેક ફાયદા થતા હોય છે.ઘરની ઉત્તર- પશ્ચિમ દિશામાં બીલીનો છોડ રોપેલો હશે તો તેવા ઘરના સભ્યો યશસ્વી વધુ તેજવાન બને છે આના માટે બીલીના છોડવાને ઉત્તર-પશ્ચિમ દિશામાં રોપવો ઘર ની ઉત્તર-ઈક્ષિણ દિશામાંબીલીનો છોડ રોપેલો હશે તો તેવા ઘરમાં આર્થિક સંપન્નતા પ્રાપ્ત થતી હોય છે આવા ઘરના દરેક વ્યક્તિ ધન વાન બને છે અને તેમને ક્યારેય ધનની કમી પડતી નથી હોતી કર્જ માંથી મુક્તિ માટે બીલીનો છોડ વાવેલો હોવો જોઈએ તમામ પ્રકારની ખુશીઓ મેળવવા માટે ઘરની વચોવચ બીલીનો છોડ રોપવો જોઈએ આવા ઘરમાં પરિવારના તમામ સભ્યો । વચ્ચે પ્રેમભાવ રહે છે એમના જીવનમાં ક્યારેય પણ કોઈપણ પ્રકારના અચાનક દુઃખ શોક નથી આવતા વાસ્તુશાસ્ત્ર મુજબ ઘર આંગણે બીલીનો છોડવો હોવાથી તમેબધી પ્રકારની નકારાત્મક ઉર્જાથી બચી શકશો રોપાને નિયમિતરૂપે પાણી આપવું અને તેની સાર સંભાળ રાખવી જે રીતે ઘરમાં તુલસીનો છોડ રાખવાનો નિયમ છે એવીજ રીતે બિલીના છોડવા માટે પણ કેટલાક નિયમો પાળવાના છે. હિન્દી પંચાંગ મુજબ કોઈપણ મહિનાની અમાસ-પૂનમ કે સોમવારના દિવસે બિલીપત્ર ન તોડવું જોઈએ.બહુ ઓછા લોકો જાણે છે કે બીલના પત્તા કે બિલ પત્રને શિવપૂજામાં તમે એકથી વધુ વખત પણ ઉપયોગમાં લઈ શકો છો.શિવને ચડાવેલા બિલ તમે ધોઈને ફરી ઉપયોગમાં લઈ શકો છો અને જયાં સુધી બિલી પત્ર ખરાબ ન થઈ જાય ત્યાં સુધી તમે આવું કરી શકો છો.બસ ધ્યાન રાખવું કે બિલીપત્ર સુકાયેલા ન હોય તેથી જો તમે દરરોજ શિવ પૂજા કરતાં હોવ તો ઉપર જણાવેલી તિથિના એક દિવસ પહેલા બિલીપત્ર તોડીલેવા અને સોમવારે બિલીપત્ર ન તોડવા કોઈપણ મહિનામાં દ્વાદશી રવિવારના દિવસે પડતી હોય તો સાંજ ના સમયે આ છોડવાની નીચે દિવો જરૂર પ્રગટાવવો.દીવો પ્રગટાવતી વખતે મનમાં તમારી મનોકામના બોલવી આવું કરવાથી તમારી ઈચ્છા જલદી પૂરી થતી હોય છે.સાથે જ આવું કરવાથી એ ઘરમાં ક્યારેય ધનની અછત પડતી નથી અને તમામ જન્મોના મહા પાપોથી મુક્તિ મળે છે.શિવલિંગ પર બિલીપત્ર ચડાવવાથી સદા શિવ સદૈવ પ્રસન્ન રહે છે.તેમની કૃપાભક્તો પર ઉતરે છે. બિલીની ઉત્પતિની કથા જોઈએ તો એકવાર દેવી ગિરિજાના વિશાળ લલાટ પર પરસેવાનું બિંદુ ઉપશ્યુ, દેવીએ તેને લૂછ્યુંને જમીન પર ફેંકયું.તે પરસેવાના બુંદથી વિશાળ વૃક્ષ થયું.એક દિવસ ફૈરતા ફરતા દેવી એ તે ઘટા ઘર વૃક્ષ ને જોયું દેવીએ તે વૃક્ષનું નામ બિલ્વ રાખ્યું,બિલ્વના પાંદડા વડે ભગવાન શિવજીનું ભાવપૂર્ણ રીતે પૂજન કરાય છે. બિલ્વના ક્યારાને જળથી ભરપૂર રાખવો જોઈએ વૃક્ષનું જતન કરવું પૂજન કરવું, અર્ચન કરવું આમ કરવું એટલેજ શિવ પૂજન.ત્યાં દીવો પણ પ્રગટાવાય. બિલ્વવૃક્ષના મૂળમાં શિવ પાર્વતી, તેના થડમાં વીઘક્ષાયાની,શાખામાં મહેશ્વરી,પત્રોમાં પાર્વતી, ફળમાં કાત્યાયની, છાલમાં ગૌરી અને પુષ્પમાં ઉમા કેવીનો વાસ રહેલો છે.તેના કાંટાઓમાં નવ કરોડ શક્તિઓનો ભંડાર છે. શિવલિંગ પર બિલ્વ ચઢાવવું જોઈએ.વળી તે અખંડ ત્રિદલ હોવું જોઈએ. શ્રાવણ મહિનામાં શિવલિંગ પર બિલીપત્ર અર્પિત કરવું શુભ છે, કહે છે કે બિલીપત્ર ભોળાનાથનું પ્રિય ભોળાનાથનં પાન છે તેમાં પણ ચાર, પાંચ છ કે સાત પાન હોય તો તે શુભ માનવામાં આવે છે.બિલીપત્ર વિના શિવપૂજા અધૂરી માનવામાં આવે છે.બીલી નું વૃક્ષ સંપન્નતાનું પ્રતિક છે, સાથે વૃક્ષ સપન્નતાનું પ્રતિ સમૃધ્ધિ આપનારું છે. બીલીના પાનને શિવજીનો આહાર માનવા માં આવે છે, તેથી ભક્તો ભોગ સ્વરૂપે બિલીપત્ર મહાદેવને અર્પણ કરે છે. શિવના ત્રણેય નેત્રને ત્રણ છે.બીલીનું પ્રિય ભગવાન શંકરને ભાંગ, ધતૂરો બિલીપત્ર જ પ્રસંશા કરી શકે બનવાનું શિકી પભાંગ ધતી અને ।માટે છે, શિવજીની વિશેષ પૂજા કરવા માટે બિલીપત્ર ચોક્કસ હોવું જોઈએ. ધાર્મિક શાસ્ત્રોમાં પણ બિલીપત્રનું બિલીપત્રનું મહત્વ સમજાવવામાં આવ્યું છે, શિવપુરાણમાં બિલવાષ્ટકમનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.શંકરની સાથે પાર્વતીને બિલી પત્ર ચઢવાનું વિશેષ મહત્વ છે.મા ભગવતીને બિલીપત્ર અર્પણ કરો શ્રીમદ ભાગવતમાં સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે કે જે વ્યક્તિ માં ભગવતીને બિલીપત્ર અર્પણ કરશે,તે ક્યારેય કોઈપણ પરિસ્થિતિમાં દુઃખી થતી નથી તથા તેને દરેક સિધ્ધી પ્રાપ્ત થાય છે.વ્યક્તિની દરેક ઈચ્છા પરિપૂર્ણ થાય છે,અને અંતમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે બિલીપત્રના પ્રકાર ;બિલીપત્ર ચાર પ્રકારના હોય છે ;અખંડ,ત્રણપાનના,છ થી એકવીસ પાનના બિલીપત્ર અને શ્વેત બિલીપત્ર.આ તમામ બીલીપત્રનું આગવું મહત્વ છે બિલ્વાષ્ટકમમાં લક્ષ્મી પ્રાપ્તિ અને સિધ્ધી માટે અખંડ બિલીપત્ર ઉત્તમ છે . એકમુખી રુદ્રાક્ષની જેમ અખંડ બીલીપત્રનું મહત્વ છે .આ વાસ્તુ ઘેષનું નિવારણ પણ છે. છ થી એકવીસ પાન ધરાવતા બિલી પત્ર નેપાળમાં વધારે જોવા મળે છે, ભારતમાં ભાગ્યે જ કયાંક જોવા મળે છે.જે રીતે સફેદ સાપ સફેદ આંખ વગેરે સફેદ હોયછે, તે જ પ્રમાણે બિલીપત્ર પણ હોય છે . જે વાસ્તુ પ્રતિષ્ટી યુનો પર બેટલીન કેટલાક વૃક્ષ લીલા નહિ પણ સફેદ હોય છે. સૌ ભકતો શિવ આરાધના ઉપાસના તલ્લીન થઈ રહ્યા છે. સૌનું સઘ શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવ કલ્યાણ કરે તેવી પ્રાર્થના.. યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા

# મહિલાઓએ કસરત પણ કરવી જરૂરી



ઘણી મહિલાઓ ખાસ કરીને ગૃહિણીઓ એવું માને છે કે હંમેશાં ઘરકામ કરતા સમયે જ શારીરીક કસરત થઈ જાય છે તો એક્સરસાઈઝની જરૂર નથી, પરંતુ એવું નથી સારીરીક મહેનત કરવી અને એક્સરસાઈઝ કરવી એ બન્ને અલગ અલગ બાબત છે. સારા સ્વાસ્થ્ય માટે હરરોજ કામમાંથી સમય નિકાળીને ઓછામાં આછી ૩૦ મિનિટ એક્સાઈઝ કરવી જ જોઈએ, કારણકે એના કારણે હાર્ટ મજબૂત થાય છે અને હાર્ટ એટેકને ખતરો ઓછો રહે છે. નિયમિત એક્સરસાઈઝ કરવાને કારણે વજન તો નિયંત્રણમાં રહે જ છે, પણ સાથે-સાથે ઘણા રોગોથી પણ બચાવ થાય છે. જો તમે નિયમિત કસરત નથી કરતા તો ઘરનું કામ કરવા છતા પણ તમારું વજન વધી શકે છે. એક્સરસાઈઝ કરવાની સાથે-સાથે કેટલીક બાબતોનું ખ્યાલ રાખવું જરૂરી છે. જેમ કે કસરત કરતા સમયે શરીરમાં પૂરતી માત્રામાં હાઈડ્રેટિડ હોવો જોઈએ. શરીરમાં પાણીની કમી ન રહેવી જોઈએ. મહિલાઓ કસરત કરતા સમયે જો પાણીની માત્રા પૂરતા પ્રમાણમાં હોય તો સુડોળ કાયાની સાથે-સાથે ચહેરા પર ચમક બોનસમાં મળશે, પરંતુ જોવા મળે છે કે મહિલાઓ નિયમિત કસરત ડિસિપ્લીનમાં રહેતી નથી. તો એના માટે શું કરવું જોઈએ? મહિલાઓ ખાસ કરીને ગૃહિણીઓએ કસરત એકલમાં ન કરતા એમની બહેનપણીઓ સાથે મળીને કરવી જોઈએ. સવારે અને સાંજે કસરત કરવા માટેના આઈડિયલ સમયમાં જો તમને ચાલવાનો કે કસરત કરવાનો સમય નથી મળતો તો તમારા ફાજલ સમયમાં પણ તમે કસરત કરી શકો છો. જો તમારું ઘર બે માળનું હોય કે ફ્લેટમાં રહેતા હોવ તો ચઢવા ઊતરવા માટે સીડીઓનો વધારેમાં વધારે ઊપયોગ કરો. તમારે ત્યાં બગીચો હોય તો એની દેખરેખ તમારે જાતે જ રાખવી જોઈએ, ભલે જ્યારે જરૂર હોય ત્યારે માળીને બોલાવીને બગીચાની દેખરેખ કેવી રીતે રાખવી એ શીખી લેવું જોઈએ. એમાં શારીરીક કસરત તો થશે પણ સાથે સાથે મન પણ પ્રફૂલ્લિત રહેશે. નિયમિત કસરત માટે એ જરૂરી છે કે ઘરમાં જ એક્સરસાઈઝના કેટલાક સાધન વસાવી લેવા જોઈએ. ગલી પોલિટિક્સથી દૂર રહો પણ એની ગતિવિધીઓમાં ભાગ જરૂરથી લો.

# સુતા સમયે ફોનનો ઉપયોગ કરતા હોય તો સાવધાન!



લોકોને સામાન્ય રીતે સુતા પહેલા ફોન જોવાની અને સવારે ઉઠ્યા પછી પણ સૌથી પહેલા ફોન ચેક કરવાની ટેવ હોય છે. એટલા માટે તેઓ ફોન બાજુમાં અથવા તો તકીયાની નીચે રાખતા હોય છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યુ છે કે જો તમે તમારા ફોનની બાજુમાં સૂશો તો શું થશે? ચાલો જણાવીએ તેના એવા ગેરફાયદા કે તમે પણ ચોંકી જશો. ઉપકરણ સાથે સુવું એ ખુબ જ નુકસાનકારક ટેવ છે. જેના કારણે ઉંઘની કમી અને અન્ય રોગોનું કારણ બની શકે છે. આજકાલની લાઈફ સ્ટાઈલ એવી થઈ ગઈ છે કે જીવનમાંથી ફોનને કાઢી નાખવો લગભગ અશક્ય છે, પરંતુ ફોનને બેડથી દુર રાખવો ખુબ જ જરુરી છે. ફોનને ધાબળા કે ગાદલા પર ક્યારેય રાખવો જોઈયે નહીં અને ચાર્જ કરવો જોઈયે નહીં. ઘણીવાર આપણે આવી ઘટનાઓ પણ જોઈએ છીએ કે જેમાં પાસે રાખીને ફોન ચાર્જ કરવામાં આવતું હોય અને તેમાં બ્લાસ્ટ થવાની પણ ઘટના બનતી હોય છે. તમારી આંખોમાં મોબાઈલ ફોનનો ચમકતો પ્રકાશ અને ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ માટે સતત સ્ક્રોલિંગ તમને ઊંઘવામાં મદદ કરશે નહીં. જો તમે સુતી વખતે તેને પાસે રાખો તો મોબાઈલના રેડિયેશન પણ શરીર માટે નુકસાનકારક હોય છે. આ સિવાય એપલે તાજેતરમાં જ તેની ઓનલાઈન યુઝર ગાઈડ અપડેટ કરી છે, જેમાં તેના આઈફોન યુઝર્સને પથારીમાં હોય ત્યારે ફોન ચાર્જ ન કરવા માટે કહેવામાં આવ્યું છે. ઓવરહિટીંગ અને આગની ચેતવણી આપી છે. આજકાલની લાઈફ સ્ટાઈલ એવી થઈ ગઈ છે કે જીવનમાંથી ફોનને કાઢી નાખવો લગભગ અશક્ય છે, પરંતુ ફોનને બેડથી દુર રાખવો ખુબ જ જરુરી છે. ફોનને ધાબળા કે ગાદલા પર ક્યારેય રાખવો જોઈયે નહીં અને ચાર્જ કરવો જોઈયે નહીં.

# ડેન્ગ્યુ વિશે આ માહિતી કદાચ તમે નહીં જાણતા હોવ



ડેન્ગ્યુ એક એવી બીમારી જે મોતને આમંત્રણ આપી શકે છે. જો યોગ્ય સમયે સારવાર ન કરવામાં આવે તો તે ખૂબ જ ખતરનાક સ્વરૂપ પણ ધારણ કરી શકે છે. માટે ડેન્ગ્યુમાં કેટલીક વસ્તુઓ ખાવાથી બચવું જોઈએ, નહીંતર મુશ્કેલી ઘટવાની જગ્યાએ વધી જશે. તો ચાલો આજે સમજીયે ડેન્ગ્યું સાથે જોડાયેલી વાતો. ડેન્ગ્યુ તાવ ડેન્ગ્યુ વાયરસ સંક્રમિત એડીઝ મચ્છર કરડવાથી થાય છે. વિશ્વભરમાં ૧૦૦થી વધુ દેશોમાં થતી બીમારીઓમાંની એક છે ડેન્ગ્યુ. તેમાં ભારત અને દક્ષિણ એશિયાના અન્ય ભાગો, ચીન, આફ્રીકા, તાઈવાન અને મેક્સિકો પણ સામેલ છે. ડેંગૂ ફેલાવવાનો સમય અને સ્થળ સ્પષ્ટ નથી. એક રિપોર્ટ મુજબ આ મહામારી ૧૬૩૫માં વેસ્ટ ઈન્ડીઝના માર્ટીનિક અને ગ્વાડેલોપમાં જોવા મળી હતી. તો ૧૭૭૯માં સમગ્ર એશિયા, ઉત્તરી અમેરિકા અને આફ્રિકામાં એક સાથે તેનો ફલાવો થયો હતો. ડેન્ગ્યુનું આ ગંભીર સ્વરૂપ સૌપ્રથમ ૧૯૫૩માં ફિલિપાઈન્સમાં નોંધાયું હતું. ૧૯૭૦ સુધીમાં તો ડેન્ગ્યુનો તાવ બાળકોમાં મૃત્યુનું મુખ્ય કારણ બની ગયો હતો. તે પેસિફિક પ્રદેશ અને અમેરિકામાં પણ થવા લાગ્યો હતો. ભારતમાં ડેન્ગ્યુનો ઈતિહાસ ૩ દશક જૂનો છે. વર્ષ ૧૯૯૦ બાદ ડેન્ગ્યૂના દર્દીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો. ભારત સરકારે આ રોગને ગંભીર માની તેના સફાયા માટે પ્રયત્નો કર્યા હતા. સાથેજ લોકોમાં જાગૃતતા લાવવા ડેન્ગ્યુ દિવસ મનાવવાનું નક્કી થયું. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા દર વર્ષે ૧૬ મેના રોજ ડેન્ગ્યુ દિવસ ઉજવવામાં આવે છે. જેથી લોકો તેનાથી અવગત થાય. રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રો અનુસાર, ડેન્ગ્યુ તાવ વિશ્વની ૧૦૦ થી વધુ દેશોમાં થતી સામાન્ય સમસ્યા છે અને અંદાજે ૩ અબજ લોકો ડેન્ગ્યુથી પ્રભાવિત વિસ્તારોમાં રહે છે. તેમાં ભારત અને દક્ષિણપૂર્વ એશિયાના અન્ય ભાગો, ચીન, આફ્રિકા, તાઈવાન અને મેક્સિકોનો સમાવેશ થાય છે. નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા અનુસાર, વર્ષ જુલાઈ ૨૦૨૧ સુધીમાં માત્ર ભારતમાં ૧૪૦૪૪ થી વધુ ડેન્ગ્યુના કેસ નોંધાયા હતા. અને ૪ લોકો ના મૃત્યુ થયા છે રિપોર્ટમાં એ પણ સામે આવ્યું છે કે ડેન્ગ્યુના સંદર્ભમાં ભારત માટે સૌથી ખરાબ વર્ષ હતું. ૨૦૧૭ માં લગભગ ૧.૮૮ લાખ ડેન્ગ્યુ કેસ નોંધાયા હતા, જેમાંથી ૩૨૫ લોકોએ તેના કારણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. ડેન્ગ્યુ હળવો અથવા ગંભીર બંને હોઈ શકે છે. આવી સ્થિતિમાં તેના લક્ષણો પણ અલગ રીતે જોવા મળે છે. ઘણી વખત જ્યારે હળવા ડેન્ગ્યુ થાય ત્યારે કોઈ લક્ષણો દેખાતા નથી, ખાસ કરીને બાળકો અને કિશોરોમાં. ચેપ લાગ્યા બાદ ચારથી સાત દિવસમાં ડેન્ગ્યુના હળવા લક્ષણો દેખાવા લાગે છે. ડેન્ગ્યુ માટે કોઈ ચોક્કસ દવા કે ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી. તાવ અને દુખાવાને કાબૂમાં રાખવા માટે ડોક્ટર પેરાસિટામોલ જેવી પેઈનકિલર્સ લખી શકે છે. શરીરને હાઈડ્રેટેડ રાખવું એ ડેન્ગ્યુને અંકુશમાં રાખવાની સૌથી મહત્વની રીતો છે. આ કિસ્સામાં, સ્વચ્છ પાણી પૂરતા પ્રમાણમાં પીવું જોઈએ. જો કે, ગંભીર લક્ષણો ધરાવતા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર છે. ગંભીર કિસ્સાઓમાં, દર્દીને નસમાં પ્રવાહી અથવા ઈલેક્ટ્રોલાઈટ પૂરક આપવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં, બ્લડ પ્રેશર મોનિટરિંગ અને બ્લડ ટ્રાન્સફ્યુઝન દ્વારા પણ તેની સારવાર કરવામાં આવે છે. એસ્પિરિન અથવા આઈબુપ્રોફેન જેવી દવાઓનું સ્વ-સંચાલન કરવાનું ભૂલશો નહીં, કારણ કે તે રક્તસ્રાવનું જોખમ વધારી શકે છે.

મે ૨૦૧૯ માં, યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને ૯ થી ૧૬ વર્ષના બાળકોમાં ડેંગવેક્સિયા નામની ડેન્ગ્યુ રસીના ઉપયોગને મંજૂરી આપી હતી. જો કે, ભારતમાં આ રસીનો ઉપયોગ કરવાની મંજૂરી હજુ સુધી આપવામાં આવી નથી. ડેન્ગ્યુ એક ચેપી રોગ છે, જે મચ્છર દ્વારા વ્યક્તિથી વ્યક્તિમાં ફેલાય છે. આવી સ્થિતિમાં, રસી ન મળવાને કારણે, ડેન્ગ્યુથી બચવાનો એકમાત્ર રસ્તો મચ્છરોથી પોતાને બચાવવાનો છે. મચ્છરદાનીનો શક્ય તેટલો ઉપયોગ કરો. સાંજના પહેલા તમારા ઘરના દરવાજા અને બારીઓ બંધ કરો. શરીરને સંપૂર્ણપણે ઢંકાઈ જાય એવા કપડાં પહેરો. તમે નીચેના પગલાં પણ અપનાવી શકો છો. ખાતરી કરો કે આસપાસ પાણી એકત્રિત ન થાય.

# જાણો ઈ સિગારેટ હેલ્થ માટે કેટલી ખતરનાક? કઇ ગંભીર બીમારીઓનો શિકાર બનો છો




અનેક લોકોને ઈ સિગારેટ પીવાની આદત હોય છે. ઈ સિગારેટ પીવાથી હેલ્થને અનેક ઘણું નુકસાન થાય છે. ઈ સિગારેટ પીવાથી શરીર અંદરથી ધીરે-ધીરે ડેમેજ થવા લાગે છે. આમ, તમને ઈ સિગારેટ પીવાની આદત છે તો તમારે બદલવી જોઈએ. ઈ સિગારેટ, જેને ઈલેક્ટ્રોનિક સિગારેટ તેમજ વેપ પેન તરીકે પણ જાણવામાં આવે છે. આ એક બેટરીથી ચાલતુ ઉપકરણ છે. ઈ સિગારેટના ઉપયોગના લોન્ગ ટર્મ હેલ્થ ઈફેક્ટસ વિશે અનેક લોકો અજાણ છે. સંશોધનમાં એ વાત જાણવા મળી છે કે ઈ સિગારેટ પૂરી રીતે હાનિકારક નથી, પરંતુ અનેક પ્રકારના જોખમ થઈ શકે છે. ઈ સિગારેટમાં વધારે નિકોટીન હોય છે, જેની લત તમને લાગી શકે છે. નિકોટીનની લત સ્વાસ્થ્યને અનેક પ્રકારે નુકસાન પહોંચાડે છે. તો આજે અમે તમને ઈ સિગારેટથી આપણી રેસ્પિરેટરી સિસ્ટમ પર કેવી અસર કરે છે એ વિશે જણાવીશું. તો જાણો આ વિશે અને આ આદત છોડો. ઈ સિગારેટ પીવાથી શરીરમાં સોજા અને ટિશ્યુ ડેમેજનું કારણ બની શકે છે જેના કારણે શ્વસન સંબંધીત સમસ્યાઓ અને ફેફસા ડેમેજ થઈ શકે છે. ઘણાં કેસમાં તો મોત પણ થઈ શકે છે. આમ, વાત કરવામાં આવે તો ઈ સિગારેટ પીવાથી ઓવર ઓલ હેલ્થને અનેક ઘણું નુકસાન થાય છે.

ઈ-સિગારેટનો નિયમિત ઉપયોગ કરો છો ફેફસાંની કાર્યક્ષમતામાં કમી આવી શકે છે જેના કારણે વ્યક્તિને શ્વાસ લેવામાં અનેક ઘણી તકલીફ પડી શકે છે. આ સિવાય ક્રોનિક ઓબ્સટ્રક્ટિવ પલ્મોનરી ડિસિઝ જેવી અનેક સમસ્યાઓ થઈ શકે છે. ઈ સિગારેટ તમે વધારે પીઓ છો તો ઈમ્યુનિટી સિસ્ટમ નબળી પડવા લાગે છે. આમ, તમારી ઈમ્યુનિટી સિસ્ટમ નબળી પડે ત્યારે તમે અનેક પ્રકારની બીમારીઓનો ભોગ ઝડપથી બનો છો. આ માટે ઈમ્યુનિટી સિસ્ટમ સ્ટ્રોંગ હોવી ખૂબ જરૂરી છે.


ઈ સિગારેટ પીવાથી અસ્થમા એટેકને ટ્રિગર કરી શકે છે. આમ, તમને પણ વધારે ઈ સિગારેટ પીવાની આદત છે તો તમારે બંધ કરવી જોઈએ. આ આદત તમને અનેક રીતે મુશ્કેલીમાં મુકી શકે છે. આ માટે ઈ સિગારેટ પીવાનું ટાળો. આ તકલીફો જ્યારે નાની ઉંમરમાં થાય ત્યારે બીજી અનેક ઘણી તકલીફો થતી હોય છે.

# ગરમીમાં બાળકોને વધારે થાય છે ઊલટી-ડાયરિયાની સમસ્યા




હાલમાં કાળઝાળ ગરમી પડી રહી છે. આ ગરમીમાં ખાસ કરીને બાળકોનું ધ્યાન રાખવુ ખૂબ જરૂરી છે. ગરમીમાં બાળકોને ડાયરિયા, ઊલટી જેવી અનેક સમસ્યા થઈ શકે છે. આ કારણે શરીર નબળુ પડવા લાગે છે. તો જાણો બાળકોને ઊલટી, ડાયરિયા જેવી સમસ્યા થાય ત્યારે શું કરશો. હાલમાં દરેક લોકો કાળજાળ ગરમીનો સામનો કરી રહ્યો છે. આ ગરમીમાં હેલ્થને લગતી સમસ્યાઓ વધારે થાય છે. ગરમીમાં દરેક લોકોએ બહાર નીકળતા બચવું જોઈએ. ગરમીમાં ખાસ કરીને બાળકોનું ધ્યાન રાખવુ ખૂબ જરૂરી છે. આ ગરમીમાં લૂ લાગવાની સમસ્યા તેમજ ઊલટી વધારે થાય છે. આ માટે ગરમીમાં હેલ્થનું ધ્યાન વધારે રાખવુ પડે છે. આ સાથે ડાયરિયાની તકલીફ પણ થાય છે. ગરમીમાં પાણી ઓછુ પીવાને કારણે બાળકો જલદી બીમાર પડી જાય છે. તો જાણો આ સમયે બાળકોની કેર કેવી રીતે કરશો. બાળકોને જ્યારે ઊલટી-ડાયરિયાની સમસ્યા થાય ત્યારે ખાસ કરીને દૂધમાંથી બનતી વસ્તુઓ ઓછી ખવડાવો. ખાલી પેટે દૂધ તેમજ દહીં આપશો નહીં. બાળકોને દૂધ પચવામાં સમય લાગી શકે છે જેના કારણે અનેક મુશ્કેલી થઈ શકે છે. બાળકોને જ્યારે પેટમાં ગડબડ થાય ત્યારે ખાસ કરીને હળવો ખોરાક ખવડાવો. ઊલટીની સમસ્યામાં પણ આ વાતનું ધ્યાન રાખવું જરૂરી છે. ઊલટી-ડાયરિયાની તકલીફમાં ખાસ કરીને ખીચડી, દાળ-ભાત જેવી વાનગીઓ ખવડાવો. મગની દાળની ખીચડી ખવડાવો. આ બહુ જરૂરી છે. બાળકોને ગરમીમાં થોડા-થોડા સમયે પાણી પીવડાવતા રહો. પાણીની કમીથી અનેક સમસ્યાઓ થઈ શકે છે. આ સમયે એક સાથે વધારે ખોરાક ખવડાવશો નહીં. ડિહાઈડ્રેશનથી બચાવવા માટે ઓઆરએસનું પાણી પીવડાવી શકો છો. નારિયેળ પાણી પણ એક સારો ઓપ્શન છે. બાળકોને જ્યારે ઊલટી-ડાયરિયાની સમસ્યા થાય ત્યારે તમે ચોખા, મગની દાળની ખીચડી, ઓટમીલ, દલિયા, બ્રેડ, બાફેલા શાકભાજી ખવડાવી શકો છો. આ સમયે બાળકોને દહીં ખવડાવો. દહીંમાં પ્રોબાયોટિક્સ હોય છે જે પેટમાં સારા અને બેડ બેક્ટેરિયાને બેલેન્સ કરવામાં મદદ કરે છે. બાળકોને ગરમીમાં કેળા ખવડાવો. કેળા તમે બાળકોને ખવડાવો છો તો પેટ સેટ થાય છે અને સાથે તરત એનર્જી મળે છે. આ સમયે બાળકોને કેરી ખવડાવશો નહીં.

# બાળકોમાં આ લક્ષણો જોવા મળે તો સાવધાન! હોઇ શકે છે આ બીમારી



ભારતમાં ડાયાબિટીસ એક મહામારી બની રહી છે, જેના લીધે આજે ભારત વિશ્વનું ડાયાબિટિક કેપિટલ બની ગયું છે. સામાન્ય રીતે ડાયાબિટીસ મુખ્યત્વે બે પ્રકારનો હોય છે. જેમ કે, ટાઈપ ૧ ડાયાબિટીસ અને ટાઈપ ૨ ડાયાબિટીસ. પરંતુ આ સિવાય ડાયાબિટીસના અન્ય કેટલાક પ્રકાર પણ છે. જો ટાઈપ ૧ ડાયાબિટીસની વાત કરીએ તો આ પ્રકારનો રોગ સામાન્ય રીતે બાળકોમાં વધુ જોવા મળે છે. જે શરીરમાં ઈન્સ્યુલિનની ઊણપના લીધે ઉત્પન્ન થાય છે. આ સિવાય આનુવંશિક ભિન્નતાના લીધે પણ આ રોગ થાય છે. પરંતુ હજી સુધી આ પ્રકારના ડાયાબિટીસ થવાનું સ્પષ્ટ કારણ જાણી શકાયું નથી. વિશ્વમાં ટાઈપ ૧ ડાયાબિટીસની માત્રા આશરે ૫ ટકા જોવા મળે છે. ડાયાબિટીસ એક એવો રોગ છે, જેને સાયલન્ટ કિલર પણ કહે છે. આ રોગનો ભોગ બનનાર દર્દીએ તેમના આહાર અને જીવનશૈલીનુ ખૂબ ધ્યાન રાખવું પડે છે. જોકે આ રોગ નાના બાળકોથી લઈને મોટાઓને પણ થઈ શકે છે. તો આ અંગે ડો.કિરીટભાઈ કુંબાવત પાસેથી જાણીએ કે, ડાયાબિટીસના પ્રકાર કેટલા છે, કઈ વ્યક્તિમાં વધારે જોવા મળે છે અને તેના શું લક્ષણો છે. જ્યારે ટાઈપ ૨ ડાયાબિટીસ એ સામાન્ય રીતે પુખ્તવયની વ્યક્તિમાં વધારે જોવા મળે છે. જેમાં વ્યક્તિના શરીરમાં ઈન્સ્યુલિનની માત્રા જરૂર કરતાં વધી જાય ત્યારે આ પ્રકારના ડાયાબિટીસની સમસ્યા સર્જાય છે. આ પ્રકારના રોગમાં વ્યક્તિના વજનમાં વધારો, ભૂખ લાગવી, તરસ લાગવી, વારંવાર પેશાબ આવવો જેવી સમસ્યા જોવા મળે છે. વધુમાં આ રોગ થવા પાછળનું કારણ વ્યક્તિની જીવનશૈલી, અનિયમિત ખાણીપીણી તથા કસરતનો અભાવ છે. વિશ્વમાં આશરે ૯૫ ટકા વ્યક્તિમાં આ પ્રકારનો રોગ જોવા મળે છે. આ સિવાય ગેસ્ટેશનલ ડાયાબિટીસ એ મહિલાઓને ગર્ભાવસ્થા દરમિયાન થાય છે. મોટાભાગના કિસ્સામાં બાળ જન્મ પછી આ પ્રકારનો ડાયાબિટીસ જતો રહે છે. જ્યારે ૧૫થી ૨૦ ટકા મહિલાઓને કાયમ માટે રહી જાય છે. આ પ્રકારના રોગમાં પોલિસિસ્ટિકઓવરીડિસિસ મહિલાઓમાં અંડાશયમાં ગાંઠ જોવા મળે છે. જેના લીધે માસિક ધર્મમાં અનિયમિતતાની સાથે અનેક બીમારીઓની સમસ્યા પણ રહે છે. જે સામાન્ય રીતે વ્યક્તિના જિનેટિક કારણો અથવા જિનેટિક ખામીઓના લીધે ઉદ્ભવે છે. આ પ્રકારનો ડાયાબિટીસ ૧ લાખ વ્યક્તિઓમાંથી માત્ર ૧ વ્યક્તિમાં જોવા મળે છે. આ રોગ થવાનું મુખ્ય કારણ વારસાગત પરિબળ અને આનુવંશિક ભિન્નતા છે. આમ વિશ્વમાં ગેસ્ટેશનલ, MODY તથા અન્ય પ્રકારના ડાયાબીટીસનું પ્રમાણ આશરે ૦.૧ ટકા જેટલું છે. ટાઈપ ૧ ડાયાબિટીસ અનિયમિત ખોરાક અને પાણી, વારસાગત તથા વાયરલ રોગ દ્વારા થઈ શકે છે. જ્યારે વ્યક્તિના વજનમાં વધ-ઘટ, ઓછું કોલેસ્ટ્રોલ, ટ્રાઈગ્લિસરાઈડનું સ્તર ઊંચું હોવું, બેઠાડું જીવન, હાઈ બ્લડ પ્રેશર, વારસાગત, સ્ત્રીને ઁર્જી થવાથી, વ્યક્તિની ઉંમર, ગર્ભાવસ્થા વગેરેમાં ટાઈપ ૨ ડાયાબિટીસ થવાની શક્યતા રહેલી છે. આ ઉપરાંત ગર્ભાવસ્થા દરમિયાન, ૨૫ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને, સગર્ભાવસ્થા પહેલા વધુ વજન હોવુ વગેરેમાં ગેસ્ટેશનલ ડાયાબિટીસ થઈ શકે છે.

# આટલું જાણી લેશો તો સડસડાટ વજન ઉતરશે



સવારમાં અનેક લોકો મોર્નિંગ વોક માટે જતા હોય છે. આ પાછળનું એક કારણ વજન ઉતારવાનું હોય છે. પરંતુ શું તમે જાણો છો મોર્નિંગ વોક કર્યા પછી શું ખાવું જોઈએ? તો જાણો આ વિશે વધુમાં. .મોર્નિંગ વોક હોય કે બીજી પણ એક્સેસાઈઝ હોય..તમને સારું રિઝલ્ટ ત્યારે જ મળે છે જ્યારે તમે પ્રોપર રીતે ડાયટ પર પૂરતુ ધ્યાન આપો. કેટલાક લોકો ડેઈલી સવારમાં વોક કરવા માટે જતા હોય છે. પરંતુ એ લોકોને એ વાતની જાણ નથી હોતી કે મોર્નિંગ વોક કર્યા પછી શું ખાવુ જોઈએ. આ કારણે વજન વધી જાય છે અને જોઈએ એવું પરિણામ મળતુ નથી. આ માટે સૌથી પહેલાં એ જાણવું જરૂરી છે કે વોક કર્યા પછી સૌથી પહેલાં તમારે કયો ખોરાક ખાવો જોઈએ. વોક તેમજ એક્સેસાઈઝ કર્યા પછી પરસેવો વધારે આવે છે જેના કારણે કેલરી બર્ન થાય છે. આનાથી શરીરમાં પાણીની ઉણપ થઈ શકે છે. આ માટે વોક કર્યા પછી હંમેશા હુંફાળા પાણીમાં મધ અને લીંબુનો રસ નાખીને પીવાની આદત પાડો. આમ કરવાથી શરીરને તરત એનર્જી મળે છે અને વજન ઘટે પણ છે. સવારમાં ડ્રાય ફ્રૂટ્સ ખાવાની આદત પાડો. વોક કર્યા પછી તમે એક મુઠ્ઠી બદામ, અખરોટ ખાઈ શકો છો. આમાં પ્રોટીન, વિટામીન, ફાઈબર અને મિનરલ્સ હોય છે. નાસ્તા માટે ડ્રાય ફ્રૂટ્સ હેલ્ધી ઓપ્શન છે.

# કેરી ખાઇને તેની છાલ ફેંકી દો છો? આ બીમારીઓમાં છે રામબાણ ફાયદા



સામાન્ય રીતે આપણે કેરી ખાઈને તેની છાલ ફેંકી દઈએ છીએ.પરંતુ શું તમને ખબર છે કે કેરીની જેમ તેની છાલમાં પણ અનેક ફાયદાઓ રહેલા છે? તો આવો જાણી કે અનેક પોષકતત્વોથી ભરપૂર કેરીની છાલ કેટલી ઉપયોગી નીવડી શકે છે. ઉનાળાની ઋતુ આવી ગઈ છે અને આત્માને ઠંડક આપતી કેરીના રસ અને સ્વાદમાં તરબોળ થવાનો સમય આવી ગયો છે. કેરીને વિશ્વભરની સૌથી લોકપ્રિય ફળોમાં સ્થાન મળે છે અને સ્વાદિષ્ટ કેરી આરોગવાથી વધુ આનંદદાયક કંઈ હોઈ પણ ન શકે ખાસ કરીને ગુજરાતીઓ માટે. સામાન્ય રીતે આપણે કેરી ખાઈને તેની છાલ ફેંકી દઈએ છીએ. પરંતુ શું તમને ખબર છે કે કેરીની જેમ તેની છાલમાં પણ અનેક ફાયદાઓ રહેલા છે ? તો આવો જાણી કે અનેક પોષકતત્વોથી ભરપૂર કેરીની છાલ કેટલી ઉપયોગી નીવડી શકે છે. કેરીની છાલવાળી ચા અથવા ડિટોક્સ પાણી પીવાથી શુગર લેવલને સુધારવામાં મદદ મળી શકે છે. સ્ટડી અનુસાર કેરીની છાલમાં એન્ટી-ડાયાબિટીક અસર ધરાવતા ગુણધર્મો છે. કેરીની છાલમાં જોવા મળતા સંયોજનો, જેમ કે મેંગિફેરીન, બ્લડ શુગર લેવલને નિયંત્રિત કરવામાં અને ઈન્સ્યુલિનની સંવેદનશીલતાને સુધારવામાં મદદ કરી શકે છે. કેરીની છાલમાં મેંગિફેરીન અને બેન્ઝોફેનોન જેવા સંયોજનો હોય છે, જે જંતુનાશક ગુણધર્મો ધરાવે છે. કેરીની છાલમાંથી અર્કનો ઉપયોગ પાકને જીવાતો અને જંતુઓથી બચાવવા માટે કુદરતી જંતુનાશકો તરીકે કરી શકાય છે. આમ કેરીની છાલ કૃત્રિમ કેમિકલની જરૂરિયાત ઘટાડે છે. કેરીની છાલમાં હાજર પોલિફીનોલ્સ અને કેરોટીનોઈડ જેવા સંયોજનો ફોટોપ્રોટેક્ટીવ ગુણધર્મો ધરાવે છે. કેરીની છાલનો અર્ક લગાવવાથી ત્વચાને યુવી-પ્રેરિત નુકસાનથી બચાવવામાં અને સનબર્નનું જોખમ ઘટાડવામાં મદદ મળી શકે છે. કેરીની છાલમાં એન્ટિમાઈક્રોબાયલ ગુણધર્મો સાથે બાયોએક્ટિવ કન્ટેઈન હોય છે, જે ઓરલ બેક્ટેરિયાના ડેવલપમેન્ટને રોકે છે. કેરીની છાલ ચાવવાથી અથવા માઉથવોશ ફોર્મ્યુલેશનમાં કેરીની છાલનો અર્ક વાપરવાથી ઓરલ હાઈજિનમાં સુધારો આવી શકે છે અને ડેન્ટલ કેરીઝ અને પેઢાના રોગનું જોખમ ઘટી શકે છે. કેરીની છાલમાં હાજર ફાઈબરની સારી માત્રા હૃદયની બી જેઓ ફાઈબરથી ભરપૂર ખોરાક લે છે તેમના હૃદય રોગના જોખમમાં ૪૦ ટકા ઘટાડો થયો છે. મહિલા નર્સો પર કરવામાં આવેલી અન્ય સ્ટડીમાં પણ આ વાત સામે આવી છે.મારીઓને દૂર રાખવામાં મદદગાર સાબિત થઈ શકે છે.

વરસાદી પાણી ભરાતા વાહનચાલકો અટવાયા

# અમદાવાદ-પાલનપુર હાઇવે પર ૫ કિલોમીટર લાંબો ટ્રાફિક જામ

## મેઈન હાઈવે પર જ ટ્રક, ટેન્કર અને અન્ય વાહનો પાણીમાં ફસાતાં હાઇવેનો એક ભાગ બંધ કરવાની ફરજ પડી છે



। બનાસકાંઠા, તા.૨૭ ।

વડગામ તાલુકામાં ગઈકાલથી વરસી રહેલા ધોધમાર વરસાદે જનજીવનને અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. આ ભારે વરસાદના કારણે અમદાવાદ-પાલનપુર હાઈવે પર છાપી નજીક મોટા પ્રમાણમાં પાણી ભરાયું છે, જેના લીધે લગભગ ૫ કિલોમીટરથી વધુ લાંબો ટ્રાફિક જામ સર્જાયો છે. આ ટ્રાફિક જામમાં અનેક વાહન ચાલકો કલાકોથી અટવાયા તો ઘણા વાહનો પાણીમાં ફસાયા હોવાના દૃશ્યો સામે આવ્યા છે.

નોંધનીય છે કે, છેલ્લી ૨૪ કલાક(૨૬-૨૭ જુલાઈ)માં રાજ્યનો સૌથી વધુ ૭.૫૨ ઈંચ જેટલો વરસાદ બનાસકાંઠાના વડગામમાં જ નોંધાયો છે. આ ઉપરાંત, ડીસામાં ૩.૫૮ ઈંચ, દાંતીવાડામાં ૩.૦૭ ઈંચ, પાલનપુરમાં ૨.૯૦ ઈંચ અને ધાનેરામાં ૨.૨૮ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ભારે વરસાદને કારણે છાપી પંથકમાં તળાવો છલકાયા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. છાપી બ્રિજ આસપાસની સોસાયટીઓમાં પણ પાણી ઘૂસી જતાં રહેવાસીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ભારે વરસાદના કારણે વડગામ, પાલનપુર, ડીસા અને દાંતીવાડા સહિતના વિસ્તારોમાં રસ્તાઓ અને બજારોમાં પાણી ભરાયા છે. છાપી ગામ તરફ જતો મુખ્ય માર્ગ બંધ થઈ જતાં ગામનો સંપર્ક અન્ય વિસ્તારો સાથે કપાઈ ગયો છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતાં લોકોના ઘરો અને દુકાનોમાં પણ પાણી ઘૂસી ગયું છે. જોકે ખેડૂતો માટે આ વરસાદ એક તરફ ખુશી લાવ્યો છે, કારણ કે તળાવો અને જળાશયો ઓવરફ્લો થયા છે, પરંતુ બીજી તરફ નીચાણવાળા વિસ્તારોમાં ઊભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

અમદાવાદ-પાલનપુર હાઈવે પર છાપી નજીક ઘૂંટણસમું પાણી ભરાયા છે. જેના કારણે વાહન વ્યવહાર ખોરવાયો છે. મેઈન હાઈવે પર જ ટ્રક, ટેક્રર અને અન્ય વાહનો પાણીમાં ફસાતાં હાઈવેનો એક ભાગ બંધ કરવાની ફરજ પડી છે. ટ્રાફિક જામના કારણે વાહન ચાલકોને કલાકો સુધી રાહ જોવી પડી રહી છે અને કેટલાક વાહનોને ધક્કા મારીને પાણીમાંથી બહાર કાઢવાની નોબત આવી છે.

અમદાવાદ-પાલનપુર હાઈવે પર છાપી નજીક ઘૂંટણસમું પાણી ભરાયા છે. જેના કારણે વાહન વ્યવહાર ખોરવાયો છે. મેઈન હાઈવે પર જ ટ્રક, ટેક્રર અને અન્ય વાહનો પાણીમાં ફસાતાં હાઈવેનો એક ભાગ બંધ કરવાની ફરજ પડી છે. ટ્રાફિક જામના કારણે વાહન ચાલકોને કલાકો સુધી રાહ જોવી પડી રહી છે અને કેટલાક વાહનોને ધક્કા મારીને પાણીમાંથી બહાર કાઢવાની નોબત આવી છે.

સ્થાનિક વહીવટ અને પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ટ્રાફિકને નિયંત્રિત કરવાના પ્રયાસો શરૂ કર્યા છે. જોકે, ભારે વરસાદ અને પાણીના ભરાવાને કારણે રાહત કાર્યમાં મુશ્કેલી પડી રહી હોવાનું જાણવા મળ્યું છે. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે, જેના કારણે વહીવટને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.

# ગોધરામાં મહિલાના રહસ્યમય મોતનો ભેદ આખરે ઉકેલાયો, આડાસંબંધની શંકા અને પારિવારિક ઝઘડા




। ગોધરા, તા.૨૭ ।

દાહોદ રોડ પર આવેલી શાંતિ પ્રકાશ સોસાયટીમાં એક પરણિત મહિલાનો રહસ્યમય સંજોગોમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. શરૂઆતમાં આ કેસ ગૂંચવણભર્યો લાગી રહ્યો હતો, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને પોલીસ તપાસ બાદ આ મામલે ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. જેમાં મહિલાની હત્યા તેના જ પતિ દ્વારા કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. શાંતિ પ્રકાશ સોસાયટીમાં રહેતા વિદ્યાબેન સુનિલભાઈ ચંદવાણી નામની મહિલાનો મૃતદેહ તેમના જ ઘરમાંથી મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ગોધરા શહેર એ-ડિવિઝન પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ગોધરા હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યો હતો. PM રિપોર્ટમાં જે હકીકત સામે આવી તે સ્તબ્ધ કરનારી હતી. રિપોર્ટમાં સ્પષ્ટ થયું કે વિદ્યાબેનનું મૃત્યુ કુદરતી નહોતું, પરંતુ ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી. આ ખુલાસાથી કેસમાં નવો વળાંક આવ્યો અને પોલીસે હત્યાની દિશામાં તપાસ શરૂ કરી હતી.પોલીસ તપાસમાં સામે આવ્યું કે વિદ્યાબેન અને તેમના પતિ સુનિલકુમાર ચંદવાણી વચ્ચે છેલ્લા કેટલાક સમયથી પારિવારિક ખટરાગ ચાલી રહ્યો હતો. આ ઝઘડાનું મૂળ કારણ પતિ સુનિલકુમારને તેમની પત્નીના અન્ય પુરુષ સાથેના આડાસંબંધોની શંકા હતી. આ શંકાને લઈને પતિ-પત્ની વચ્ચે અવારનવાર બોલાચાલી અને ઝઘડા થતા હતા. આ મામલે વધુ માહિતી આપતા DYSP એન. વી. પટેલે જણાવ્યું કે, વિદ્યાબેનની હત્યા બાબતે વિદ્યાબેનના નાના બહેન ઉમાબેને પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# સહકાર ભારતી આણંદ વિભાગ મહિસાગર જિલ્લાની બેઠક



। ભરતકુમાર પંડ્યા સંતરામપુર, તા.૨૭ ।

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ધી સંતરામપુર અર્બન કો.ઓ.બેક્ક લિ.સંતરામપુર ખાતે તારીખઃ- ૨૬/૭/૨૦૨૫ ને શનિવારના રોજ બપોરે ૩-૦૦ કલાકે બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મહિસાગર જિલ્લાના તમામ નગર,તાલુકા અને જિલ્લાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ બેઠકમાં ક્ષેત્રીય સંગઠન પ્રમુખ શ્રી જીવનભાઈ ગોલે, ગુજરાત પ્રદેશ સહસંગઠન પ્રમુખ શ્રી નીતિનભાઈ સોની, તેમજ સહકાર ભારતી આણંદ વિભાગના સંયોજક શ્રી જવાહરભાઈ ત્રિવેદી,જિલ્લા અધ્યક્ષ,શ્રી બાલુભાઈ પટેલ, જિલ્લા મંત્રી,શ્રી સંતોષભાઈ જોશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ભરતભાઈ પંડ્યા દ્વારા સહકાર ગીત થી કરવામાં આવેલ હતી. ત્યારબાદ સહકાર ભારતી ગુજરાત દ્વારા લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (L.I.C.) કંપની સાથે ગ્રુપ ટર્મ ઈન્સ્યોરન્સ પ્લાન માટે M.O.U. અંગેની વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ હતી. કાર્યક્રમના અંતે શ્રી બાલુભાઈ પટેલ દ્વારા આભાર વિધિ કરવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી સંતોષભાઈ જોશી દ્વારા કરવામાં આવેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી સંતોષભાઈ જોશી દ્વારા કરવામાં આવેલ હતું.

# ૪ વર્ષની બાળકીની છેડતી કરનારને આજીવન કેદની સજા અને ૭ લાખનો દંડ



। અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદઃ શહેરના બાપુનગર વિસ્તારની ૪ વર્ષની બાળકી સાથે છેડતી કરનાર આરોપી સંજય કુમાર બાબુલાલ રાણાને સ્પેશિયલ POCSOના ખાસ જજ અસ્મિકાબેન બી. ભટ્ટએ ગુનેગાર ઠરાવીને આજીવન વર્ષની સખ્ત કેદ અને રૂ. ૭ લાખ દંડ ફટકાર્યો છે. દંડ ના ભરે તો વધુ પાંચ વર્ષની કેદની સજા ફટકારી છે. આ કેસની વિગત એવી છે કે, વર્ષ ૨૦૨૧માં ૧૧ ફેબ્રુઆરીએ બાપુનગરમાં રહેતી ૪ વર્ષ ૧૧ માસની બાળકીને આરોપી સંજયકુમાર બાબુલાલ રાણાએ ચોકલેટ આપવાની લાલચ આપીને છેડતી કરી હતી. જેની જાણ બાળકીના પરિવારને થતા તેમને બાપુનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બાદમાં પોલીસે આરોપી સંજયકુમાર રાણાની ધરપકડ કરીને કોર્ટમાં ચાર્જશીટ કરી હતી.

જે કેસ ચાલતા જ સરકારી વકીલ કમલેશ જૈનએ ૧૧ સાક્ષીઓ અને ૨૧ દસ્તાવેજોના આધારે કેસ પુરવાર કરીને કોર્ટને જણાવ્યું હતું કે, આરોપી સામે ગુનો પુરવાર થયો છે. આરોપીને ફરિયાદી સહિતના સાક્ષીઓએ ઓળખી બતાવ્યો છે, આવા ગુનાઓ દિન પ્રતિદિન વધી રહ્યા છે. જેથી સમાજમાં કાયદો વ્યવસ્થા જાળવવા અને ન્યાયતંત્રમાં લોકોનો વિશ્વાસ જાળવવા માટે, કાયદા અનુસાર આરોપીને મહત્તમ સજા ફટકારવી જરૂરી છે. જ્યારે આરોપી તરફે ઓછી સજા કરવા માટે રજૂઆત કરવા કોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. બન્ને પક્ષની રજૂઆત બાદ પોક્સો કોર્ટે નોંધ્યું હતું કે, આરોપી સામે ગંભીર પ્રકારનો ગુનો છે. આવા આરોપીઓ બાળકોના માનસિક ડરનો દુરુપયોગ કરી રહ્યા છે અને આ પ્રકારનું કૃત્ય કરી રહ્યા છે. જો આ પ્રકારના કૃત્યને હળવાશથી લેવામાં આવે, તો નાના બાળકોના કોઈ પણ માતા-પિતા તેમના બાળકોને નજીકના વિસ્તારમાં રમવા માટે મોકલશે નહીં.કોર્ટે વધુમાં કહ્યું કે, સ્વાભાવિક રીતે, ૪-૫ વર્ષના બાળકને જોઈને કોઈપણ વ્યક્તિને આવા નાના બાળક પ્રત્યે ફક્ત કાળજી અને પ્રેમની લાગણી થશે. જેથી આરોપીએ જે પ્રકારનું કૃત્ય કર્યું છે તે ફક્ત એક વાસના છે તેથી આ કોર્ટનો મત છે કે આ પ્રકારના આરોપીઓ જે ૪-૫ વર્ષના બાળક સાથે કૃત્ય કરી રહ્યા છે તેમને મહત્તમ સજા થવી જોઈએ. જેથી આરોપીને ગુનેગાર ઠરાવીને આજીવન વર્ષની કેદની સજા ફટકારી જેલના હવાલે મોકલી આપ્યો છે અને સાત લાખ રૂપિયા દંડ પણ ફટકાર્યો છે.

# ખાસ ગ્રાહકો માટે મોંઘા ભાવની વિદેશી દારૂની બોટલો સાથે બે યુવકો ઝડપાયા

। અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં પ્રિમિયમ ગ્રાહકો માટે મોંઘા ભાવનો દારૂ સપ્લાય કરતા બે યુવકોને ડીસીપી ઝોન-૭ સ્ક્વોડ દ્વારા રૂપિયા સાડા ત્રણ લાખની ૬૯ બોટલો સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે છેલ્લાં ઘણા સમયથી ખાસ ડીમાન્ડના આધારે દારૂ મંગાવીને સપ્લાય કરવાની કામગીરી ઘણા મહિનાઓથી ચાલતી હતી. ડીસીપી ઝોન-૭ સ્ક્વોડનો સ્ટાફ શુક્રવારે સાંજના સમયે બોડકદેવ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોક્કસ પીઆઈ વાય પી જાડેજાને ચોક્કસ બાતમી મળી હતી કે થલતેજ ગુરૂદ્વારા તરફથી એક કારમાં બે યુવકો દારૂનો જથ્થો લઈને સિંધુભવન રોડથી તાજ હોટલ તરફ જનાર છે. જેની બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને એક શંકાસ્પદ કારને રોકીને તપાસ કરતા તેમાંથી રૂપિયા સાડા ત્રણ લાખની કિંમતની ૬૯ જેટલી પ્રિમિયમ વિદેશી દારૂની



બોટલો મળી આવી હતી. પોલીસે કાર ચાલક અને તેની સાથે રહેલા યુવકનું નામ દીપ ખોરાસિયા (રહે. શોરેલ ફ્લેટ, એપલવુડ, શેલા) અને નાનજી રબારી (રહે. સાકારગ્રીન સોસાયટી, વસ્ત્રાલ) હોવાનું જાણવામ મળ્યું હતું. દીપ ખોરાસિયા બોપલ, શેલા અને સેટેલાઈટ સહિતના વિસ્તારોમાં મોંઘી કિંમતનો વિદેશી દારૂ ખાસ ગ્રાહકોને સપ્લાય કરતો હતો. જેની કિંમત પ્રતિ બોટલ રૂપિયા પાંચ હજારથી માંડીને ૨૦ હજાર સુધી હતી. પોલીસને આરોપીઓ પાસેથી કેટલાંક ગ્રાહકોનું લિસ્ટ પણ મળી આવ્યું છે. આ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# મહીસાગર જિલ્લાના આડદરી ધોધમાં બે કિશોર ડૂબ્યા

। મહીસાગર, તા.૨૭ ।

મહીસાગરમાં ધોધમાં ડૂબવાથી એકનું મોત થયાની ઘટના સામે આવી છે. મહિસાગરના આડદરી ધોધમાં બે કિશોર ડૂબ્યા હતા. પ્રિન્સ કુમાર અને સુનીલ ડામોર નામના કિશોર ડૂબ્યા હતા. લુણાવાડા ફાયર ટીમે એકનો મૃતદેહ બહાર કાઢ્યો છે. આ ઘટનાની સ્થાનિક લોકોને જાણ થતા લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. મહીસાગર જિલ્લાના આડદરી ધોધમાં બે કિશોર ડૂબ્યાની ઘટના સામે આવી છે. મૂળ રાજસ્થાનના બે કિશોરની બાઈક ધોધની પાસે મળી આવી છે. રાજસ્થાનના યુવકોની બાઈક ધોધની બહાર મળી આવતા બંનેની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

# રાજકોટમાં રાઈડ્સના ૩૪ પ્લોટ સામે ૬૯ ફોર્મ ભરાયા

। રાજકોટ, તા.૨૭ ।

સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અનેક જગ્યાએ જન્માષ્ટમી દરમિયાન લોકમેળાનું આયોજન કરવામાં આવે છે, ત્યારે રાજકોટના લોકમેળામાં યાંત્રિક રાઈડ ઊભી કરવા સહિતની બાબતને લઈને સંચાલકોએ ગાંધીનગર રાજ્ય સરકારને રજૂઆત કરી હતી.

જેને ધ્યાનમાં રાખીને સરકારે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)ના નિયમો હળવા કર્યા હતા અને કેટલાક નિર્ણયો લેવા માટે સ્થાનિક તંત્રને છૂટછાટ આપી હતી. જેમાં યાંત્રિક રાઈડ્સના ૩૪ પ્લોટ સામે ૬૯ ફોર્મ ભરાયા છે. જોકે, રમકડા અને ખાણીપીણીના ૧૯૩ જેટલાં સ્ટોલ્સ હજુ ખાલી હોવાનું સામે આવ્યું છે. રાજકોટમાં આગામી જન્માષ્ટમીના તહેવારો દરમિયાન યોજાનાર લોકમેળામાં રાઈડ્સને લઈને સરકારે SOPના નિયમો હળવા કર્યા છે. જેમાં રાઈડ્સને લઈને ફોર્મ ભરાયા છે.

# સનાથલ ટોલનાકા પાસે ગેરકાયદે ગેસ રીફીલીંગનું કૌભાંડ ઝડપાયું

। અમદાવાદ, તા.૨૭ ।

શહેરના એસ જી હાઈવે સનાથલ ટોલનાકા પાસે સ્પેશીયલ ઓપરેશન ગ્રુપના અધિકારીઓ દરોડો પાડીને ગેરકાયદે ગેસ રીફીલીંગનું મોટુ કૌભાંડ ઝડપીને કોમર્શીયલ અને ડોમેસ્ટીક વપરાશના ૨૪૧ જેટલા ગેસ સિલિન્ડર સહિત ગેસ રીફીલીંગ કરવા માટેના સાધનો પણ જપ્ત કરીને બે વ્યક્તિઓની ધરપકડ કરી છે.

સ્પેશીયલ ઓપરેશન ગ્રુપના અધિકારીઓને બાતમી મળી હતી કે એસ જી હાઈવે પર સનાથલ ટોલનાકા પાસે ખુલ્લા પ્લોટમાં બનાવેલા એક શેડમાં ગેરકાયદે ગેસ ગેસ સિલિન્ડર રીફીલીંગનું કૌભાંડ ચાલે છે. જેના આધારે પોલીસ ઈન્સપેક્ટર એ એસ ગોહિલ અને મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર પી વી દેસાઈએ સ્ટાફ સાથે દરોડો પાડયો હતો. જેમાં તપાસ કરતા ગેસ સિલિન્ડરમાંથી ખાલી ગેસ સિલિન્ડરમાં ગેસ ભરી રહેલા બે શખ્સો મળી આવ્યા હતા. જેમાં ભારત ગેસ અને ઈન્ડેનના કોમર્શીયલ અને ડોમેસ્ટીક કુલ ૨૪૧ ગેસ સિલિન્ડર મળી આવ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. દિવસ નો પહેલો ભાગ તમને થોડી આળસ નો અનુભવ કરી શકે છે, પરંતુ જો તમે ઘર ની બહાર નીકળવા ની હિંમત કરો છો, તો ઘણું કામ થઈ શકે છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે અણધાર્યો પ્રવાસ થકવી નાખનારો હોઈ શકે છે જે તમને અસ્તવ્યસ્ત કરી મુકશે. સ્નાયુઓને આરામ આપવા તમારા શરીરની તેલથી માલિશ કરો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી સ્વાસ્થ્ય તથા શક્તિ બચાવવાની આદત તમને ખૂબ જ મદદ કરશે કેમ કે તમે લાંબી મુસાફરી પર જવાની યોજના ઘડી રહ્યા છો. વ્યસ્ત સંયપત્રક છતાં તમે થાક સાથે આસાનીથી કામ પાડી શકશો. શક્ય છે કે તમે પોતાને નારાજ અથવા ફસાઈ ગયા ની અનુભૂતિ કરશો, કારણ કે અન્ય લોકો ખરીદીમાં સંપૂર્ણપણે વ્યસ્ત થયી જાય છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે પિતા અથવા મોટા ભાઈ તમને કોઈ ભૂલ માટે ઠપકો આપી શકે છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. સપ્તાહ ના દિવસે સ્માર્ટફોન સ્ક્રીન પર બોસ નું નામ કોને જોવા નું પસંદ છે?



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમારા માતા આજના દિવસે તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દૃઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે શરીરમાં કળતર તથા તાણને લગતી સમસ્યાઓની શક્યતા નકારી શકાય નહીં. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે તમારી લાંબા ગાળાની બીમારી સામે લડી રહ્યા હો ત્યારે એ વાત સમજો કે પોતાની જાત પર વિશ્વાસ વીરત્વનો સાર છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. આજે તમારું મન ધાર્મિક કાર્યો માં લીન થઈ જશે જે તમને માનસિક શાંતિ ની ભાવના આપશે. ગ્રુપને લગતી પ્રવૃત્તિઓ સાથે સંકળાવાથી તમે નવા મિત્રો બનાવશો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. સપ્તાહ ના દિવસે સ્માર્ટફોન સ્ક્રીન પર બોસ નું નામ કોને જોવા નું પસંદ છે? પરંતુ આ સમયે તે તમારી સાથે થઈ શકે છે.

### ૫ કિમી સુધી લાંબો ટ્રાફિક જામ થયો

# મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ભયંકર અકસ્માત સર્જાયો

। મુંબઈ, તા.૨૭ ।

શનિવારે મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ત્યારે અફરા તફરી મચી ગઈ, જ્યારે ખંડાલા ઘાટ નજીક એક કંટેનરની બ્રેક ફેલ થઈ ગઈ અને સામે આવી રહેલી ગાડીઓને જોરદાર ટક્કર મારી. આ દુર્ઘટના એટલી ભયંકર હતી કે ૧૮થી ૨૦ ગાડીઓને એકબીજા સાથે ટકરાઈ ગઈ. જેમાંથી કેટલીક ગાડીઓ તો ચકનાચૂર થઈ ગઈ. આ દુર્ઘટના દત્તા મોલ સામે થઈ, જે આ રુટનો એક વ્યસ્ત અને મુખ્ય પોઈન્ટ છે. ઘટનાસ્થળ પર હાજર લોકોના જણાવ્યા અનુસાર કંટેનરની સ્પીડ ખૂબ જ તેજ હતી અને બ્રેક ફેલ થયા બાદ તે બેકાબૂ થઈને ગાડીઓ સાથે અથડાતુ રહ્યું. શરુઆતી જાણકારી અનુસાર, અમુક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જેને સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કર્યા છે. દુર્ઘટના બાદ રસ્તા પર હડકંચ મચી ગયો અને યાત્રીઓમાં ગભરાહટ ફેલાઈ ગયો. આ દુર્ઘટના એવા સમયે થઈ છે જ્યારે એક્સપ્રેસવે પર પહેલાથી ભારે ટ્રાફિક હતો. શનિવાર અને રવિવારે આ રુટ પર વાહનોની સંખ્યા દોઢથી બે લાખ સુધી પહોંચી જાય છે.

આ દુર્ઘટના બાદ લગભગ ૪-૫ કિમી સુધી વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી. દુર્ઘટનાગ્રસ્ત ગાડીઓ રસ્તા વચ્ચે ફસાઈ ગઈ હતી, જેના કારણે બાકીના વાહનો નીકળી શક્યા નહોતા. આ દુર્ઘટના એવા સમયે થઈ છે જ્યારે એક્સપ્રેસવે પર પહેલાથી ભારે ટ્રાફિક હતો. શનિવાર અને રવિવારે આ રુટ પર વાહનોની સંખ્યા દોઢથી બે લાખ સુધી પહોંચી જાય છે. આ દુર્ઘટના બાદ લગભગ ૪-૫ કિમી સુધી વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી. દુર્ઘટનાગ્રસ્ત ગાડીઓ રસ્તા વચ્ચે ફસાઈ ગઈ હતી, જેના કારણે બાકીના વાહનો નીકળી શક્યા નહોતા.

# અંશુલ કંબોજ ડેબ્યુ પર ધાર્યું પરિણામ ન આપી શકતા સવાલો ઉઠવા લાગ્યા

। નવી દિલ્હી, તા.૨૭ ।

ઈંગ્લેન્ડ સામે ચોથી ટેસ્ટ પહેલા ટીમમાં સામેલ કરાયેલા બોલર અંશુલ કંબોજને ઈંગ્લેન્ડ આવતાની સાથે જ ડેબ્યૂ કરવાની તક મળી છે. માન્ચેસ્ટરમાં, તેને આકાશદીપના સ્થાને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યા હતો. જોકે, અંશુલનું ટેસ્ટ ડેબ્યૂમાં પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું અને તેને ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો છે. વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન કપિલ દેવે યુવા ખેલાડીને ટેકો આપ્યો અને કહ્યું કે તેમનામાં ભવિષ્યમાં સફળ થવાની ક્ષમતા છે. કંબોજે ૧૮ ઓવરમાં ૧ વિકેટ લીધી અને ૮૯ રન આપ્યા હતા, જ્યારે ભારતીય બોલિંગ લાઈનઅપ યજમાન ટીમ સામે શ્વાસ લેવામાં મુશ્કેલી અનુભવી રહી હતી, જેમણે તેમની



પ્રથમ ઈનિંગમાં ૬૬૦ રન બનાવ્યા હતા. કપિલ દેવે શનિવારે કહ્યું, ''તમે ડેબ્યુ કરનાર પાસેથી શું અપેક્ષા રાખો છો કે તે ૧૦ વિકેટ લે? તમારે તેની ક્ષમતાનું મૂલ્યાંકન કરવું પડશે. જો તે સારો છે, તો તે પાછો આવશે. દરેક વ્યક્તિ પોતાની પહેલી મેચમાં નર્વસ હોય છે. પરિણામ અપેક્ષા મુજબ ન પણ આવે, પરંતુ મારું માનવું છે કે ક્ષમતા છે, અને તે વધુ મહત્વનું છે.'' ટોસ પહેલા અંશુલ કંબોજને ભૂતપૂર્વ ભારતીય વિકેટકીપર દીપ દાસગુપ્તાએ તેની પહેલી ટેસ્ટ કેપ આપી હતી. તે ઓલ્ડ ટ્રેફોર્ડમાં ડેબ્યુ કરનાર માત્ર ૧૦મો ભારતીય અને અનિલ કુંબલે પછી આ મેદાન પર પહેલી વાર રમનાર પ્રથમ ખેલાડી બન્યો છે. ગયા મહિને, અંશુલ ઈન્ડિયા છના યુકે પ્રવાસ પછી ઘરે પરત ફર્યો હતો. તેને ત્યાં પગની ઘૂંટીમાં ઈજા થઈ હતી, તેણે ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સીરિઝમાં ઈજાગ્રસ્ત આકાશ દીપનું સ્થાન લીધું હતું. અંશુલ કંબોજે છેલ્લી ડોમેસ્ટિક સિઝનમાં ૧૧ મેચમાં ૫૫ વિકેટ લીધી હતી, જેમાં લાહલીમાં કેરળ સામે ૧૦ વિકેટનો સમાવેશ થાય છે. ચેન્નાઈના તેના સાથી રવિચંદ્રન અશ્વિને શુક્રવારે કહ્યું કે તે ડેબ્યુ પર તેની ધીમી ગતિનું કારણ સમજી શક્યો નથી. અશ્વિને તેની યુટ્યુબ ચેનલ પર કહ્યું, ''મેં ગઈકાલે અંશુલ કંબોજની પ્રશંસા કરી હતી પણ મારે કહેવું પડશે કે તેની બોલિંગ સ્પીડ ખૂબ જ ઓછી હતી. મને ખૂબ જ આશ્ચર્ય થયું. મને ખરેખર આશા છે કે તે ઠીક રહેશે, કારણ કે તેંન્માં આનાથી પણ વધુ ઝડપી બોલિંગ કરી રહ્યો હતો. તે થોડો સંઘર્ષ કરી રહ્યો હતો.'' ભારતીય ટીમ માટે માન્ચેસ્ટર ટેસ્ટમાં ચોથા દિવસે બીજી ઈનિંગ્સનો પ્રારંભ બહુ જ ખરાબ રહ્યો હતો, જેમાં ભારતે ૦ રન પર બે વિકેટ ગુમાવી દીધી હતી. યશસ્વી જયસ્વાલ અને સાંઈ સુદર્શનના આઉટ થયા પછી કેએલ રાહુલ (૮૭) અને કેપ્ટન શુભમન ગિલ (૭૮) વચ્ચે ૧૭૪ રનની પાર્ટનરશીપ થઈ હતી.




ઇંગ્લેન્ડના માન્ચેસ્ટરના એમિરેટ્સ ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ઇંગ્લેન્ડ અને ભારત વચ્ચેની ચોથી ક્રિકેટ ટેસ્ટ મેચના અંતિમ દિવસે ભારતના કેએલ રાહુલના આઉટ થયા બાદ ઇંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સ સાથી ખેલાડીઓ સાથે ઉજવણી કરે છે.

### EDએ અનેક સ્થળોએથી પુરાવા જપ્ત કર્યા

# અનિલ અંબાણીની કંપનીઓમાં સતત ત્રીજા દિવસે પણ દરોડા

। મુંબઈ, તા.૨૭ ।

આજે મુંબઈમાં અનિલ અંબાણી સંબંધિત કંપનીઓ પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના દરોડોનો ત્રીજો દિવસ છે. તપાસ એજન્સીના અધિકારીએ જણાવ્યું હતું કે અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવેલા દરોડામાંથી દસ્તાવેજો અને ડિજિટલ પુરાવા મળી આવ્યા છે. આ કાર્યવાહી ૩,૦૦૦ કરોડ રૂપિયાના બેંક લોન છેતરપિંડી અને અનેક નાણાકીય અનિયમિતતાના આરોપોના સંદર્ભમાં કરવામાં આવી રહી છે. અનિલ અંબાણીની કેટલીક કંપનીઓએ સ્પષ્ટતા કરી છે કે EDની કાર્યવાહીથી તેમના વર્તમાન વ્યવસાય પર કોઈ અસર પડી નથી.



ED એ ૨૪ જુલાઈથી મુંબઈના વિવિધ ભાગોમાં અનિલ અંબાણી ગ્રુપ સાથે સંકળાયેલી કંપનીઓ અને અધિકારીઓ પર દરોડા પાડ્યા છે. કુલ ૩૫ થી વધુ સ્થળોએ તપાસ ચાલી રહી છે. આ સ્થળો લગભગ ૫૦ કંપનીઓ અને ૨૫ વ્યક્તિઓ સાથે સંબંધિત છે. આમાં રિલાયન્સ ગ્રુપના ઘણા વરિષ્ઠ અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. PMLA (મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ) હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. તપાસ એજન્સીના જણાવ્યા મુજબ, આ કેસ ૨૦૧૭ થી ૨૦૧૯ દરમિયાન અનિલ અંબાણી ગ્રુપની કંપનીઓને આપવામાં આવેલી લગભગ ૩,૦૦૦ કરોડ રૂપિયાની લોન સાથે સંબંધિત છે. એવો આરોપ છે કે યસ બેંકે યોગ્ય તપાસ વિના આ લોન આપી હતી અને આ પૈસા પાછળથી ઘણી ગ્રુપ કંપનીઓ અને શેલ (બોગસ) કંપનીઓમાં વાળવામાં આવ્યા હતા. આ સાથે, એ પણ નજરમાં આવ્યું છે કે યસ બેંકના પ્રમોટરોને લોન મંજૂરી પહેલાં કેટલીક રકમ મળી હતી,

# ૧૦ વર્ષમાં ૧૬૨ વિદેશયાત્રા અને રૂ.૩૦૦ કરોડનું કૌભાંડ, નકલી એમ્બેસી કેસમાં ઘટસ્ફોટ

### દેશ-વિદેશમાં બેંક એકાઉન્ટ, બે પાનકાર્ડ : હર્ષવર્ધનની કસ્ટડી રિમાન્ડની તૈયારી, સોમવારે સુનાવણી થશે

। ગાજિયાબાદ, તા.૨૭ ।

ઉત્તર પ્રદેશના ગાજિયાબાદમાં નકલી દૂતાવાસના કેસમાં ભેજાબાજ હર્ષવર્ધન જૈનની ધરપકડ કરાયા બાદ રોજબરોજ નવા-નવા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. નોઈડા એસટીએફના અધિકારીઓએ કહ્યું કે, હર્ષવર્ધનના બી-૩૫ કવિનગરના મકાનમાંથી દસ્તાવેજ જપ્ત કરાયા છે, જેમાં ભેજાબાજે એહસાન અલી સૈયદ સાથે મળીને વિદેશમાં ૨૫ કંપનીઓ રજિસ્ટર્ડ કરાવી હોવાનો અને અનેક બેંક એકાઉન્ટ ધરાવતો હોવાનો ખુલાસો થયો છે. હર્ષવર્ધનના વિદેશમાં અનેક એકાઉન્ટ હોવાનો, ૧૦ વર્ષમાં ૧૬૨ વખત વિદેશ યાત્રા કરી હોવાની પણ માહિતી સામે આવી છે. હર્ષવર્ધનને કસ્ટડી રિમાન્ડ લેવા માટે પોલીસે કોર્ટમાં અરજી કરી છે અને આ મામલે સોમવારે સુનાવણી હાથ ધરાશે. ઉત્તર પ્રદેશની



એટીએફે જણાવ્યું છે કે, હર્ષવર્ધન ૩૦૦ કરોડથી વધુના કૌભાંડમાં સામેલ છે, જેની તપાસ ચાલી રહી છે. તેણે વિદેશમાં લોન આપવાના નામે કૌભાંડ કર્યું છે. આ ઉપરાંત અન્ય કેટલાક કૌભાંડની પણ તપાસ ચાલી રહી છે. એસટીએફના દાવા મુજબ હર્ષવર્ધન હવાલાનો અને લાયઝનિંગના ધંધાનો ખેલાડી હોવાનું સ્પષ્ટ જણાઈ આવ્યું છે. જાણીતા વ્યક્તિ ચંદ્રાસ્વામીએ હર્ષવર્ધનની મુલાકાત સાઉદીમાં હથિયારોના ડિલર અદનામ ખગોશી તથા લંડનમાં એહસાન અલી સૈયદ સાથે કરાવી હતી. હૈદરાબાદનો રહેવાસી એહસાન અલી સૈયદ પાસે તુર્કેઈની નાગરિકતા છે. ચંદ્રાસ્વામીએ હર્ષવર્ધનને સૈયદ સાથે લંડન મોકલ્યો હતો. બંનેએ ભેગા મળી લંડનમાં અનેક શેલ કંપનીઓ ઉભી કરી હતી. આ મામલે તપાસ કરી રહેલી એસટી-એફને કેટલાક દસ્તાવેજ હાથ લાગ્યા છે, જેમાં અત્યાર સુધીમાં ૨૫થી વધુ કંપનીઓ ઉભી કરી હોવાનો અને કંપનીઓનો ડેટા પણ હર્ષવર્ધન પાસે હોવાની વિગતો સામે આવી છે.

# રાહુલ ગાંધી સામે કોંગ્રેસના મુસ્લિમ નેતાઓનું દર્દ છલકાયું!



। અમદાવાદ, તા.૨૭ ।

ગુજરાત કોંગ્રેસના મુસ્લિમ નેતાઓએ વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને સંસદના વર્તમાન સત્રમાં ગેરબંધારણીય બુલડોઝર કાર્યવાહી, મોબ લિંચિંગ, ઉશ્કેરણીજનક ભાષણો અને પૂજા સ્થાન અધિનિયમ જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ ગંભીરતાથી ઉઠાવવા વિનંતી કરી. ગુજરાત કોંગ્રેસના સંગઠન નિર્માણ અભિયાન હેઠળ આણંદમાં આયોજિત જિલ્લા પ્રમુખ તાલીમ શિબિરમાં ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, ભૂતપૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ અને જાવેદ પીરઝાદા રાહુલ ગાંધીને મળ્યા હતા અને આ મુદ્દાઓ પર નક્કર કાર્યવાહીની માંગણી કરીને એક આવેદનપત્ર સુપરત કર્યું હતું. કોંગ્રેસના નેતાઓએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ગુજરાતના ગીર સોમનાથ, જૂનાગઢ, બેટ દ્વારકા અને અમદાવાદના ચંડોળા તળાવ અને ઓઢવ જેવા વિસ્તારોમાં ત્રણ પેઢીઓથી રહેતા ગરીબ લોકોના ઘરો પર બુલડોઝર ચલાવવામાં આવી રહ્યા છે, જે સુપ્રીમ કોર્ટના માર્ગદર્શિકા અને બંધારણનું ઉલ્લંઘન છે. તેમણે માંગણી કરી હતી કે બુલડોઝર કાર્યવાહી પહેલાં નાગરિકોને નોટિસ જારી કરવામાં આવે, માલિકી સાબિત કરવા માટે સમય આપવામાં આવે અને ૧૦ વર્ષથી ત્યાં રહેતા ગરીબ લોકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે. કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો કે, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, આસામ અને ઉત્તરાખંડ જેવા ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ દ્વારા ખુલ્લેઆમ ઉશ્કેરણીજનક ભાષણો આપવામાં આવી રહ્યા છે.

## વિશેષ લેખ

### મુશળધાર વરસતા અનેક વિસ્તારોમાં જળબંબાકાર

# ઉત્તરમાં અનરાધાર વરસાદે બનાસકાંઠાના હાલ કર્યા બેહાલ

### જિલ્લામાં નદી,નાળા છલકાયા : રોડ-રસ્તા અને હાઈવે પર પાણીએ જમાવ્યું સામ્રાજ્ય : ખેતરો બેટ બની ગયા

। બનાસકાંઠા, તા.૨૭ ।


બનાસકાંઠા જિલ્લામાં મોડી રાતથી મેઘરાજા મુશળધાર વરસતા અનેક વિસ્તારોમાં જળબંબાકાર સ્થતિ સર્જાઈ છે. વડગામ પંથકમાં ૯ ઈંચ જેટલો વરસાદથી અનેક ગામ જળબંબાકાર થયા છે, પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. તો ખેતરો બેટમાં ફેરવાતા ખેડૂતોની હાલત કફોડી બની છે. બનાસકાંઠાના હાઈવે પણ પાણી પાણી થતા ગાડીઓના પૈડા થંભી ગયા છે.

બનાસકાંઠામાં મોડી રાતથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. ક્યાંક ધોધમાર વરસાદ પડી રહ્યો છે. જેને લઈને જિલ્લાના અનેક પંથકોના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. તો વડગામમાં ૫ડેલ ૯ ઈંચ અને પાલનપુરમાં ખાબકેલા ૨.૫ ઈંચ વરસાદના કારણે પાલનપુર -અમદાવાદ હાઈવે ઉપર ઠેરઠેર વરસાદી પાણી ભરાયા છે. પાલનપુરના કાણોદર નજીક પાલનપુર-અમદાવાદ હાઈવે ઉપર ઢીંચણસમાં પાણી ભરાઈ જતા વાહન ચાલકો અટવાયા છે. અનેક નાના વાહનો પાણીમાં ફસાઈને બંધ પડી જતા વાહન ચાલકો અટવાયા છે. તો હાઈવેની બંને સાઈડ ઢીંચણસમાં પાણી ભરાઈ જતા મોટા વાહનો ધીમી ગતિએ પસાર થઈ રહ્યા છે. તો નાના વાહનો પાણીમાં પસાર થવાનું ટાળી રહ્યાં છે. જોકે હાઈવે ઉપર પાણી ભરાઈ જતા ટ્રાફિકજામ સર્જાતા વાહન ચાલકો પરેશાન થઈ ઉઠ્યા છે.

વડગામમાં રાત્રિથી અત્યાર સુધી ૯.૫ ઈંચ જેટલો વરસાદ જોવા મળ્યો. વડગામ તાલુકાના અનેક ગામો જળબંબાકાર થયા છે. પસવાદળ - તેનીવાડા રેલ્વે અંડર બ્રિજ પાણીમાં ગરકાવ થયા છે. અંડર બ્રિજમાં પાણી ભરાઈ જતા વાહન વ્યવહાર







બંધ કરાયો છે.

વડગામ પંથકમાં ૯ ઈંચ વરસાદથી આખો પંથક પાણી-પાણી થયો છે. ખેરાલુ વડગામ હાઈવે ઉપર પાણી ભરાયા છે. પીલુચા નજીક હાઈવે ઉપર પાણી ભરાયા છે. મુખ્ય માર્ગ ઉપર પાણી ભરાતા વાહન ચાલકો રાહદારીઓ મુશ્કેલીમાં મૂકાયા છે. નાના વાહન ચાલકો માટે રસ્તો બંધ કરાયો છે. હાલ પાણી થોડા ઓછા થતા વાહન ચાલકોને ડાયવર્ઝન અપાયું છે. નેશનલ હાઈવે ઉપર પાણી નિકાલ માટેની કોઈ વ્યવસ્થા નથી. વડગામથી ખેરાલુ અને હિંમતનગરને જોડતો મુખ્ય માર્ગ પાણીમાં ગરકાવ થતા અનેક લોકો મુશ્કેલીમાં મૂકાયા છે.

વડગામમાં ધોધમાર વરસાદ વરસતા છાપી હાઈવે ઉપર પાણી ભરાયા છે. અમદાવાદ-પાલનપુર હાઈવે ઉપર મોટાપ્રમાણમાં પાણી ભરાઈ જતા વાહન ચાલકો અટવાયા છે. ૫ કિલોમીટરથી વધુનો ટ્રાફિકજામ થતા અનેક વાહન ચાલકો અટવાયા છે.

વડગામ પંથકમાં ૯ ઈંચ જેટલો વરસાદ ખાબકતા ઠેરઠેર પાણી ભરાયા છે. અનેક ગામડાઓને જોડતા રસ્તાઓ બંધ થયા છે તો અનેક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. તો વડગામ પંથકમાં ભારે વરસાદના કારણે અનેક ખેતરો બેટમાં ફેરવાતા ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેતરો જળબંબાકાર થઈ જતા ખેતરોમાં વાવેતર કરેલ મગફળી, બાજરી સહિતનો પાક પાણીમાં ગરકાવ થઈ જતા ખેડૂતોને મોટું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. જેથી ખેડૂતો સરકાર પાસે સહાયની માંગ કરી રહ્યા છે.

વડગામ પંથકમાં ખેતરો બેટમાં ફેરવાયા છે ખેડૂતોને મોટું નુકસાન પહોંચ્યું છે.ખેડૂત શંકર પ્રજાપતિએ જણાવ્યું કે, ખેતરમાં પાણી ભરાઈ જતા પાક ડૂબી ગયો છે. તો અન્ય ખેડૂત પ્રકાશસિંહ દેવડાએ કહ્યું કે, મગફળી, બાજરીનો પાક પાણીમાં ગરકાવ થયો છે કઈ બચે તેમ નથી સરકાર વળતર ચૂકવે.

થરાદ પંથકમાં સામાન્ય વરસાદમાં જ ભારતમાલાના સર્વિસ રોડ ઉપર પાણી ભરાયા છે. માંગરોળ નજીક રામપુરા ચોકડી સર્વિસ રોડ ઉપર વરસાદી પાણી ભરાતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સામાન્ય વરસાદમાં જ સર્વિસ રોડ ઉપર પાણી ફરી વળતાં નાના વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા છે. દર વર્ષે સર્વિસ રોડ ઉપર પાણી ભરાતા સ્થાનિકો ત્રાહિમામ પોકારી ગયા છે. ગટરની યોગ્ય વ્યવસ્થા કરી પાણી નિકાલ કરવામાં આવે તેવી સ્થાનિકોની માંગ છે.

દાંતીવાડાના સાતસણ ગામે ચેકડેમ ઓવર ફ્લો થતાં એક પરિવાર ફસાયો હતો. ભુરાબાવાની કુટિયા નજીક ચેકડેમ ઓવર ફ્લો થતાં પરિવારના સાત સભ્યો ખેતરમાં ફસાયા હતા. આજુબાજુ વરસાદી પાણી અને ચેકડેમનું પાણી ફરી વળતા ખેતરમાંથી પરિવારને નીકળવું મુશ્કેલ બન્યું હતું. સ્થાનિક લોકોએ મામલતદાર સહિત સરપંચને જાણ કરી.

ધાનેરાના શેરા પ્રાથમિક શાળામાં પાણી ભરાયા છે. પ્રાથમિક શાળાના પટાંગણ અને ઓરડાઓ આગળથી ધસમસતો પાણીનો પ્રવાહ નીકળી રહ્યો છે. દર વર્ષે ખેતરોના પાણી સ્કૂલમાં ઘૂસી જતા વિદ્યાર્થીઓ પરેશાન થઈ રહ્યાં છે. શાળાના પાછળના ભાગે એક તરફ દિવાલ ન હોવાથી ખેતરોના પાણી શાળામાં ઘૂસી રહ્યાં છે. આજે રવિવાર હોવાથી વિદ્યાર્થીઓને રાહત પરંતુ સ્કૂલમાં પાણી ઘૂસી જતા ગ્રામજનો અને વાલીઓ દર વર્ષે મુશ્કેલીમાં મુકાય છે.

ઉપરવાસમાં ભારે વરસાદના કારણે રોડ રસ્તાઓ સહિત અનેક માર્ગો બંધ તયા છે. ધાનેરાના રવિયાથી અનાપુર જવાના માર્ગ ઉપર વરસાદી પાણી ફરી વળ્યા. રવિયા નજીક કોઝવે ઉપર પાણી ફરી મળતા ૨૫ ગામનો વાહન વ્યવહાર ઠપ થયો છે. પશુપાલકો સ્થાનિક લોકો વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયા છે. પશુપાલકો પોતાનું દૂધ ભરાવવું પણ મુશ્કેલ બન્યું છે. અનાપુર, માંડલ, કુંડી,વાસડા, ડેટા, ઋણી, નેગાળા, ગોળીયા સહિત ૨૦ થી વધુ ગામડાઓ અને રાજસ્થાનનો સંપર્ક તૂટ્યો છે. ધાનેરા પંથકમાં ત્રણ ઈંચથી વધુ વરસાદથી અનેક માર્ગો બંધ હાલતમાં છે.

## ન્યૂઝ બ્રિફ

### વડગામના માનપુરામાં તળાવ ફાટતા ગામમાં અને ખેતરોમાં ફરી વળ્યા પાણી

। વડગામ, તા.૨૭ ।

ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. બનાસકાંઠાના વડગામના માનપુરામાં ભારે વરસાદ વરસતા ગામમાં આવેલું તળાવ ફાટ્યું છે. તળાવ ફાટતા ગામમાં અને ખેતરોમાં પાણી ફરી વળ્યા છે. મેઘરાજાએ ધડબડાટી બોલાવતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. આ ઉપરાંત ખેતરો પણ બેટમાં ફેરવાયા છે. જેના પગલે ખેડૂતો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. બીજી તરફ બનાસકાંઠાના વડગામના છાપી પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ભારે વરસાદને પગલે છાપી પંથકનો સંપર્ક કપાયો છે. છાપી હાઈવેથી છાપી ગામ તરફ જવાના માર્ગ પર પાણી ભરાયા છે. છાપીનો વિરમાયા નગર વિસ્તારમાં પાણી ફરી વળ્યા છે. તેમજ પ્રાથમિક શાળા, સોસાયટીઓમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી છે. નેશનલ હાઈવે પર ૫ કિમી સુધી ચક્કાજામ જોવા મળ્યો છે. ધોધમાર વરસાદમાં એક મકાન ધરાશાયી થયું છે.આક્ષેપો ઉઠી રહ્યા છે કે એક કોમર્શિયલ કોમ્પલેક્સના માલિકે કુદરતી પાણીના વહેણને રોકતા સમગ્ર વિરમાયા નગર પાણીમાં ગરકાવ થયું છે.

### બોટાદમાં સેવા સદનના ૨૦૦ મીટરની ત્રિજ્યા પર ધરણા કાર્યક્રમ સભાઓનું આયોજન કરવું નહી

। બોટાદ ,તા.૨૭ ।

બોટાદ જિલ્લામાં સુલેહ શાંતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર બોટાદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટપી.એલ.ઝણકાતે પોતાને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા બોટાદ જિલ્લા સેવા સદનના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને તા.૨૫-૭-૨૦૨૫ થી ૨૪-૯-૨૦૨૫ સુધી પ્રતિબંધિત વિસ્તાર જાહેર કર્યો છે તથા આ પ્રતિબંધિત વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામામાં દર્શાવ્યા મુજબ કોઈએ ઉપવાસ પર બેસવું નહીં કે ધરણા કાર્યક્રમ સભાઓનું આયોજન કરવું નહી, જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા સૂત્રો પોકારવા નહીં, જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવી અફવાઓ ફેલાવવી નહીં, કોઈપણ વ્યક્તિએ પૂર્વ મંજૂરી સિવાય લાઠી અગર ઈજા થાય તેવા હથિયાર સાથે રાખીને પ્રવેશ કરવો નહીં તેમજ કોઈ વિસ્ફોટક પદાર્થ અથવા આગ લાગે તેવો પદાર્થ સાથે ન રાખવા અંગે ઉક્ત પ્રતિબંધ ફરમાવ્યો છે.

# અમદાવાદ સહિત ૨૭ જિલ્લામાં સાંબેલાધાર વરસાદની ચેતવણી

। અમદાવાદ, તા.૨૭ ।

ગુજરાતમાં આજે સવારથી મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી રહ્યા છે. બંગાળની ખાડીમાં એક સિસ્ટમ બની છે જેની દિશા ગુજરાત તરફની છે. ત્યારે હવામાન વિભાગે ગુજરાતમાં આગામી સાત દિવસ વરસાદ થવાની આગાહી કરી છે. હવામાન વિભાગે આજે સાત જિલ્લામાં રેડ એલર્ટ આપી છે. આ સાથે ૨૦ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપી છે.

હવામાન વિભાગના મેપ પ્રમાણે, આજે કુલ ૨૭ જિલ્લામાં ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી આપી છે. જેમાં સાત જિલ્લામાં રેડ એલર્ટ આપવામાં આવી હતી. અમદાવાદ સહિત બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગરમાં રેડ એલર્ટ આપી છે. આ સાથે આ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની સાથે છૂટાછવાયા સ્થળો પર અત્યંત ભારે વરસાદની આગાહી આપી છે. આ સાથે આઠ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપ્યું છે. આજે કચ્છ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, નવસારી અને વલસાડમાં ઓરેન્જ એલર્ટની સાથે ભારેથી અતિભારે વરસાદની આગાહી આપી છે.

૨૮મી તારીખે બનાસકાંઠા, સાબરકાંઠ, અરવલ્લીમાં ઓરેન્જ એલર્ટ આપી છે. આ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ અતિ ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ ઉપરાંત અમરેલી, ભાવનગર, રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર, અમદાવાદ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા, આણંદ, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, વલસાડમાં યલો એલર્ટ આપવામાં આવી છે. આ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી આપી છે. ૨૯મી તારીખે પણ ભારે વરસાદની આગાહી આપી છે. આ દિવસે ૧૨ જિલ્લામાં ભારે વરસાદની આગાહી આપી છે. ૨૮મી તારીખે બનાસકાંઠા, સાબરકાંઠ, અરવલ્લીમાં ઓરેન્જ એલર્ટ આપી છે. આ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ અતિ ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ ઉપરાંત અમરેલી, ભાવનગર, રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર, અમદાવાદ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા, આણંદ, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, વલસાડમાં યલો એલર્ટ આપવામાં આવી છે. આ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી આપી છે. ૨૯મી તારીખે પણ ભારે વરસાદની આગાહી આપી છે. આ દિવસે ૧૨ જિલ્લામાં ભારે વરસાદની આગાહી આપી છે.

# સ્ટેટ ઈમરજન્સી કંટ્રોલરૂમની મુખ્યમંત્રીએ લીધી મુલાકાત

। અમદાવાદ, તા.૨૭ ।

ગુજરાતભરમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. ત્યારે રાજ્યભરમાં વરસાદની સ્થિતિ અંગે ઝસ્એ માહિતી મેળવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેટ ઈમરજન્સી કંટ્રોલરૂમની મુલાકાત લીધી છે.

રાજ્યમાં વરસાદની પરિસ્થિતિ અંગે તાગ મેળવ્યો છે. સુરેન્દ્રનગર, પાટણ, અરવલ્લી, મહેસાણાના કલેક્ટર સાથે કરી ટેલીફોનિક વાતચીત કરી સ્થિતિ અંગે માહિતી મેળવી છે. બનાસકાંઠા, સાબરકાંઠા અને ખેડાના કલેકટર સાથે ટેલીફોનિક વાતચીત કરી છે. આ ઉપરાંત તમામ જિલ્લાના કલેકટરને એલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી છે.

બીજી તરફ અમદાવાદમાં આજે સવારે પણ ધોધમાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદને પગલે પૂર્વના અનેક વિસ્તારો પાણી-પાણી થઈ ગયા.

### કૌભાંડી કોન્ટ્રાકટરોના ગાલ પર તમાચો મારતો બ્રિજ

# કચ્છનો રુકમાવતી બ્રિજ ૧૪૨ વર્ષથી અડીખમ છે

### દેશનો એકમાત્ર પથ્થરમાંથી બનેલો બ્રિજ અડીખમ છે અને દોઢસો વર્ષ થયાં છતાં બ્રિજનો કાંકરો પણ ખર્યો નથી

। કચ્છ, તા.૨૭ ।

અમદાવાદમાં નવી ટેકનોલોજીથી બનાવેલો હાટકેશ્વર બ્રિજ માત્ર ૪ વર્ષમાં તુટી ગયો. જ્યારે કચ્છમાં ૧૫૦ વર્ષથી પણ બ્રીજ અડીખમ ઉભો છે. કેવી મજબુતાઈથી આ બ્રીજનુ બાંધકામ થયુ છે. તો ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સમગ્ર રાજ્યમાં જર્જરિત બ્રિજ બંધ કરવામાં આવી રહ્યા છે. આજે આધુનિક ટેક્નોલોજી અને વર્લ્ડ કલાસ એન્જીનીયરીંગની કુશળતા હોવા છતાં પણ બ્રિજ ૧૦૦ વર્ષ સુધી નથી ટકતા નથી. ત્યારે આજે વાત કરીએ માંડવીમાં આવેલા ૧૪૨ વર્ષ જુના બ્રિજની.. જેની હજુ સુધી એક કાંકરી પણ નથી ખરી.



૧૦૦ વર્ષની આવરદા ધરાવતો ગંભીરા બ્રિજ ૪૦ વર્ષમાં તૂટી ગયો છે. ત્યાં કચ્છના માંડવીમાં આવેલો રુકમાવતી પુલ ૧૪૨ વર્ષ પછી પણ અડીખમ ઊભો છે. જો કે મોરબી દુર્ઘટના બાદ આ પુલને બંધ કરી દેવામાં આવ્યો છે. જો કે નાના વાહનો તો પસાર થાય છે પણ ભૂકંપ સહેન કરનારા આ પુલમાં હજુ ક્યાંય તિરાડ નથી પડી. આ પુલ જૂની કહેવત "જૂનું તે સોનું" ને સાર્થક કરતો હોય તેવું લાગે છે.

૧૮૮૩ માં બંધાયેલો આ પુલ ઈસ્ટ ઈન્ડિયા કંપની અને તે સમયના મહારાવના આદેશ હેઠળ કચ્છના ચંદિયા ગામના વિશ્રામ કર્મણ ચાવડા દ્વારા સંપૂર્ણ પણે પથ્થરોથી બનાવવામાં આવ્યો હતો. ૧૯૯ મીટરનો પથ્થરથી બનેલો આ પુલ ભારતનો સૌથી લાંબો અને એકમાત્ર પુલ મનાય છે. હાલમાં દેશમાં આ પ્રકારનો આ એકમાત્ર હયાત પુલ છે.

રૂકમાવતી નદીના ઘોડાપુર અને અરબી સમુદ્રના ખારા પાણીની થપાટો સહન કર્યા પછી પણ ૧૪૨ વર્ષ જૂનો પુલ અડીખમ ઊભો છે. આનાથી વિપરીત ૪૦ વર્ષ જૂનો ગંભીરા પુલ ધ્વસ્ત થઈ ગયો. જેણે તંત્રની કામગીરી અને આધુનિક બાંધકામની ગુણવત્તા પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું છે. પણ માંડવીનું આ બ્રિજ રાજશાહી સમયની અદ્ભુત ઈજનેરી કૌશલ્ય અને કચ્છના ઐતિહાસિક વારસાનું જીવંત ઉદાહરણ છે. માંડવી શહેરના મુખ્ય પ્રવેશદ્વાર પર આવેલો આ પુલ આજે પણ પ્રવાસીઓ અને ઈતિહાસપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. જે ભૂતકાળની ભવ્યતા અને કારીગરીની ગાથા કહે છે તેવુ ઈતિહાસ પ્રેમી હર્નિશ શાહ જણાવે છે.

માંડવી નગરપાલિકા દ્વારા આ રજવાડી ધરોહર સમાન પુલને હેરિટેજ પુલ તરીકે વિકસાવવાનો ઠરાવ કરવામાં આવ્યો છે.

### શ્રમજીવી પરિવારની બાળકી કારનીચે કચડાઈ

# વડોદરામાં એક કારચાલકે દોઢ વર્ષની બાળકીનો લીધો જીવ

### પરિવારે સમગ્ર ઘટનાની પોલીસને જાણ કરી અને કારચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી

। વડોદરા,તા.૨૭ ।

વડોદરાની એક કરુણ ઘટના જેમાં શ્રમજીવી પરિવારની બાળકી કારનીચે કચડાઈ હતી. વડોદરામાં આવેલી ગોત્રી કો. ઓ. હાઉસિંગ સોસાયટીમાં એક કારચાલકે ત્યાં બાંધકામનુ કામકરતા શ્રમજીવી પરિવારની બાળકીને અડફેટે લીધી હતી. આ દુર્ઘટનામાં શ્રમજીવી પરિવારે પોચાની અઢી વર્ષની બાળકી ગુમાવી હતી. મળતી માહિતી મુજબ ગોત્રી કો. ઓ. હાઉસિંગ સોસાયટીમાં એક મકાનમાં બાંધકામનું કામ ચાલી રહ્યું હતું. આ બાંધકામનું કામ કરવા માટે ત્યાં શ્રમજીવી પરિવાર આવ્યો હતો. શ્રમજીવી પરિવાર બાંધકામના કામમાં વ્યસ્ત હતો અને તેમની જોડે આવેલી તેમની અઢી વર્ષની બાળકી ત્યાં રમી રહી હતી. આ બાળકી રમતાં રમતાં રોડ તરફ દોડી ગઈ હતી. ત્યાં અચાનક પાછળથી આવતી કારે તેને અડફેટે લઈ આ બાળકીને કચડી દીધી હતી. ઘટનાની જાણ થતાં બાળકીના માતા પિતા તાત્કાલિક સ્થળે દોડી આવ્યા હતા. પરંતુ માતા પિતા આવે તે પહેલા જ બાળકીને કારે કચડી લેતા તેનું મોત નિપજ્યું હતું. શ્રમજીવી પરિવાર બાળકીને લઈને હોસ્પિટલ પહોંચ્યું હતું. હોસ્પિટલમાં ફરજ બજાવનાર તબીબે બાળકીને મૃત જાહેર કરી હતી. ત્યાર બાદ પરિવારે સમગ્ર ઘટનાની પોલીસને જાણ કરી અને કારચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

### ટ્રાફિક પોલીસ અને શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહીની માંગ

# સુરતમાં આવેલી આશાદીપ શાળા હાલમાં એક ગંભીર વિવાદમાં સપડાઇ

### વિદ્યાર્થીઓને બાઈક લઈને એક રેલીમાં મોકલ્યા હતા, જ્યાં ટ્રાફિકના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થયું

। સુરત,તા.૨૭ ।

સુરતમાં આવેલી આશાદીપ શાળા હાલમાં એક ગંભીર વિવાદમાં સપડાઈ છે. શાળા પર એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે તેમણે વિદ્યાર્થીઓને બાઈક લઈને એક રેલીમાં મોકલ્યા હતા, જ્યાં ટ્રાફિકના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થયું હતું. આ ઘટનાએ વાલીઓ અને જાગૃત નાગરિકોમાં ભારે રોષ જગાવ્યો છે. મળતી જાણકારી અનુસાર, રેલી દરમિયાન વિદ્યાર્થીઓ બેફામ બાઈક ચલાવતા જોવા મળ્યા હતા. સૌથી ચોંકાવનારી બાબત એ હતી કે, એકપણ વિદ્યાર્થી દ્વારા હેલ્મેટ પહેરવામાં આવ્યું નહોતું. સગીર વયના વિદ્યાર્થીઓ મોપેડ અને બાઈક લઈને રેલીમાં પહોંચ્યા હતા જે ટ્રાફિક નિયમોનું સ્પસ્ટ ઉલ્લંઘન છે. શાળાઓનું કાર્ય વિદ્યાર્થીઓને માત્ર શિક્ષણ આપવાનું જ નહીં પરંતુ તેમને નાગરિક તરીકે જવાબદાર બનાવવાનું પણ છે. આવા સમયે, આશાદીપ શાળા દ્વારા વિદ્યાર્થીઓને હેલ્મેટ વિના અને બેફામ રીતે વાહન ચલાવવા પ્રોત્સાહન આપવું એ અત્યંત બેદરકારીભર્યું અને જોખમી કૃત્ય છે.આ ઘટના બાદ, ટ્રાફિક પોલીસ અને શિક્ષણ વિભાગ દ્વારા આશાદીપ શાળા વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. શાળા સંચાલકોએ આ પ્રકારની બેદરકારી બદલ જવાબદાર ઠેરવી ભવિષ્યમાં આવા કિસ્સાઓ ન બને તે સુનિશ્ચિત કરવું જોઈએ. વિદ્યાર્થીઓની સુરક્ષા સર્વોપરી છે.

### અમદાવાદના દસક્રોઈમાં આભ ફાટ્યું!

# અમદાવાદના દસક્રોઈમાં ૬ કલાકમાં ૮.૫ ઈંચ વરસાદ

### મધ્ય ગુજરાતમાં મહેમદાબાદમાં ૬ કલાકમાં ૬ ઇંચ વરસાદ અને કઠલાલ, નડિયાદ, માતરમાં ૪ ઇંચ વરસાદ

। અમદાવાદ, તા.૨૭ ।



રાજ્યમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે ગઈકાલ રાતથી જ ધોધમાર વરસાદ જોવા મળી રહ્યો છે. તેમાં પણ ખાસ કરીને આજે વહેલી સવારથી જ ભારે વરસાદ પડી રહ્યો છે. અમદાવાદ શહેર સહિત મધ્ય ગુજરાતના ભાગો અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ ખાબક્યો છે. ખાસ કરીને આજે સવારે ૬થી બપોરે ૧૨ વાગ્યા સુધીના વરસાદના આંકડાની વાત કરીએ તો, અમદાવાદના દસ્ક્રોઈમાં સૌથી વધુ વરસાદ પડ્યો છે. આજે સવારે ૬થી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં અમદાવાદના દસ્ક્રોઈમાં સૌથી વધુ ૮.૭૦ ઈંચ વરસાદ પડ્યો છે. આ દરમિયાન ૬ કલાકમાં ૧૪૨ તાલુકામાં વરસાદ પડ્યો છે. આ સાથે જ મધ્ય ગુજરાતમાં મહેમદાબાદમાં ૬ કલાકમાં ૬ ઈંચ વરસાદ અને કઠલાલ,નડિયાદ,માતરમાં ૪ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે ભિલોડા,ભાભરમાં ૩.૫ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે ઉમરેઠ,બાવળા,કાંકરેજમાં ૩ ઈંચ વરસાદ નોંધાયો છે. અમદાવાદમાં મેઘરાજાએ ભુક્કા બોલાવ્યા છે. અનેક વિસ્તાર પાણીમાં ગરકાવ છે. રોડ, સોસસાયટીઓ પાણીમાં જળમગ્ન છે. અમદાવાદમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ કરી છે. જ્યારે દાણીલીમડા પાસે BRTS-AMTS બસ પાણીમાં ફસાઈ હતી. બીજી બાજુ, ખોખરાના સર્વોદયનગરમાં ઘરોમાં પાણી ઘૂસ્યાં છે. ઠેર-ઠેર ગટર ઉભરાવાની સમસ્યાથી લોકો મુશ્કેલીમાં મુકાયા છે. મણિનગર, જશોદાનગર, હાટકેશ્વર, ખોખરા સહિતના વિસ્તારમાં ૧.૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. જ્યારે પશ્ચિમ વિસ્તારમાં સરખેજ, જુહાપુરા સહિતના વિસ્તારોમાં પણ દોઢ ઈંચ વરસાદ પડ્યો છે. તો જોધપુર, સેટેલાઈટ, પ્રહલાદનગર, આનંદનગર, વાસણા, પાલડી, આશ્રમરોડ સહિતના વિસ્તારોમાં પણ એક ઈંચથી સવા ઈંચ જેટલો વરસાદ પડ્યો છે.

### ખેડામાં મેઘરાજાની તોફાની બેટિંગ

# મહેમદાવાદમાં ૬ કલાકમાં સરેરાશ ૬ ઇંચથી વધુ વરસાદ, જનજીવન ઠપ

### ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા અને જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું



। ખેડા, તા.૨૭ ।

ખેડા જિલ્લામાં મેઘરાજાએ આજે તોફાની બેટિંગ કરી હતી, જેના પગલે ખાસ કરીને મહેમદાવાદ પંથકમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. આજે સવારે ૬ થી ૧૨ વાગ્યાના માત્ર ૬ કલાકના ગાળામાં મહેમદાવાદમાં સરેરાશ ૬.૨૨ ઈંચ વરસાદ નોંધાયો હતો, જે રાજ્યમાં આ સમયગાળા દરમિયાન સૌથી વધુ હતો. ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા અને જનજીવન અસ્તવ્યસ્ત બન્યું હતું. મહેમદાવાદમાં પડેલા ધોધમાર વરસાદને કારણે માઈ મંદિર ગરનાળા, શ્રેયસ ગરનાળા અને ખોડિયાર માતા ગરનાળા જેવા નીચાણવાળા વિસ્તારો સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો અને લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આજે સવારે ૬ થી ૧૨ વાગ્યા દરમિયાન રાજ્યના કુલ ૧૪૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. આ પૈકી ૯૫ તાલુકામાં ૧ ઈંચ કરતાં વધુ વરસાદ ખાબક્યો હતો. દૃમહેમદાવાદ ઉપરાંત અમદાવાદ (દસક્રોઈ): ૩.૫૪ ઈંચ, અરવલ્લી (ભીલોડા): ૩.૧૯ ઈંચ, ખેડા (કઠલાલ): ૩.૦૭ ઈંચ, બનાસકાંઠા (કાંકરેજ): ૨.૫૨ ઈંચ, ડાંગ (વધઈ): ૨.૫૨ ઈંચ, પાટણ શહેર: ૨.૪૮ ઈંચ, ખેડા (નડિયાદ): ૨.૦૪ ઈંચ, નવસારી (વાસંદા): ૨.૨૪ ઈંચ, બનાસકાંઠા (વડગામ): ૨.૨ ઈંચ, અમદાવાદ (બાવળા): ૨.૦૯ ઈંચ, ડાંગ (સુબીર): ૨.૦૯ ઈંચ અને ખેડા (માતર): ૨.૦૫ ઈંચ વરસાદ નોંધાયો છે.

### AMCની પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખુલી

# અમદાવાદમાં જળબંબાકારથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યું

। અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદમાં વરસી રહેલા મૂશળધાર વરસાદે શહેરને જળબંબાકાર કરી દીધું છે. હવામાન વિભાગ દ્વારા એક વાગ્યા સુધી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું, જેના પગલે શહેરના મોટાભાગના વિસ્તારોમાં જળકર્ફ્યૂ જેવી સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને મણિનગર, જશોદાનગર, દાણીલીમડા, નારોલ, અને ખોખરા જેવા વિસ્તારો સૌથી વધુ પ્રભાવિત થયા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની પ્રિ-મોન્સૂન કામગીરીનો વધુ એક વખત ધબડકો થયો હોવાનું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે.

અમદાવાદમાં વરસાદી આંકડા અને પ્રભાવિત વિસ્તારો

છેલ્લા કેટલાક કલાકોમાં અમદાવાદ શહેરમાં સરેરાશ ૧ થી ૨.૨૫ ઈંચ વરસાદ નોંધાયો છે, જેણે શહેરને પાણી-પાણી કરી દીધું છે.

પૂર્વ ઝોન: સરેરાશ ૧.૮૩ ઈંચ વરસાદ

ઉત્તર ઝોન: સરેરાશ ૨.૫ ઈંચ વરસાદ

દક્ષિણ ઝોન: સરેરાશ ૧.૨૫ ઈંચ વરસાદ

રામોલ, ગોમતીપુર, રખિયાલ, મણિનગર: ૨ ઈંચ વરસાદ

ખોખરા: ૧.૫ ઈંચ વરસાદ

સરખેજ, જુહાપુરા: ૧.૫ ઈંચ વરસાદ

જોધપુર, સેટેલાઈટ, પ્રહલાદનગર, આનંદનગર, વાસણા, પાલડી: ૧ થી ૧.૨૫ ઈંચ વરસાદ જળબંબાકારથી પ્રભાવિત મુખ્ય વિસ્તારો: મણિનગર, જશોદાનગર, દાણીલીમડા, લાંભા, નારોલ, ખોખરા, પાલડી, આનંદનગર, વેજલપુર, જીવરાજ પાર્ક, શાહઆલમ, નિકોલ, નરોડા, સરસપુર, રખિયાલ, અજીતમિલ, ઓઢવ, વટવા, વસ્ત્રાલ, અસલાલી, મકરબા, ઠક્કરનગર, બાપુનગર, હાટકેશ્વર, CTM, ઘોડાસર, ઈસનપુર, થલતેજ, ગોતા, શીલજ, શેલા, સાયન્સ સિટી, મોટેરા, સાબરમતી, જગતપુર. આ તમામ વિસ્તારોમાં માર્ગો પર ગોઠણસમા પાણી ભરાઈ ગયા છે, અનેક દુકાનોમાં પાણી ઘૂસી ગયા છે, અને સોસાયટીઓમાં પણ ઘૂંટણસમા પાણી ભરાતા ઘરવખરીને મોટું નુકસાન થયું છે.

અમદાવાદ મહાનગરપાલિકાના પ્રિ-મોન્સૂન પ્લાન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં શહેરના અનેક વિસ્તારોમાં માત્ર ૩ થી ૪ ઈંચ વરસાદમાં જ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. વરસાદ રોકાયા પછી પણ પાણીના નિકાલમાં વિલંબ થઈ રહ્યો છે, જેના કારણે વેપારીઓને મોટું નુકસાન થયું છે અને લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

ગટર બેક મારવાની સમસ્યા: દાણીલીમડા સહિત અનેક વિસ્તારોમાં ગટરના પાણી બેક મારવાની શરૂઆત થઈ, જે સ્વચ્છતા અને આરોગ્ય માટે જોખમી છે.

**AMTS/BRTS** ખોટકાઈ: બસો બંધ પડતા મુસાફરો અટવાયા. **BRTS** કોરિડોર નહેરમાં ફેરવાયો.

હાઈવે પર પાણી : અમદાવાદ-વડોદરા જુના હાઈવે પર, ખાસ કરીને અસલાલીથી વડોદરા હાઈવે સુધી, પાણી ભરાયા છે, જેનાથી વાહનવ્યવહારને અસર થઈ છે. અમદાવાદ ઉપરાંત, રાજ્યના અન્ય નવ જિલ્લાઓમાં પણ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પાટણ, સિદ્ધપુર, અને વડગામમાં પણ જળબંબાકારની સ્થિતિ છે, જેમાં વડગામમાં આભ ફાટવા જેવો વરસાદ નોંધાયો છે. બનાસકાંઠામાં કોઝવે પર પાણી ફરી વળ્યા છે અને ધાનેરાના રવિયાથી અનાપુર જવાના માર્ગ પર પાણી ભરાતા ૨૫ ગામોનો વાહનવ્યવહાર ઠપ થઈ ગયો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨